# ગુલદસ્તા (ભાગ-૨)

: લેખક :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.) તથા આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા



| ક્રમ | વિગત | પેજનં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૫ |
| (૧) | ધાતુઓનો રાજા “લોખંડ” એક ઇલ્મી ચર્ચા | ૭ |
| (૨) | વિશ્વાસ એક રૂહાની શક્તિ છે. | ૬૭ |
| (૩) | યૌમ અલકુદ્સ યૌમ અલ ઇસ્લાલમ (કુદ્સનો દિવસ ઇસ્લામનો દિવસ) | ૯૭ |
| (૪) | તાલિબાન એક હકીકત અને ઓળખ | ૧૧૮ |
| (૫) | હઝરત મિકદાદ બિન અસવદ (રઝિ.) | ૧૪૯ |
| (૬) | શીયા સુન્ની અફસોસજનક બૂમાબૂમ | ૨૧૧ |
| (૭) | મુસલમાનોને એક ઉમ્મનત બનવાની દઅ્વત | ૨૫૩ |

# પ્રસ્તાવના

## બિસ્મિલ્લા હિર્રરહમાનિર રહીમ

અલ્લાહનો શુક્ર અદા કરૂં છું કે મારી કિતાબ ગુલદસ્તા ભાગ-૧ વાંચકોને ખૂબ પસંદ પડી. આ બાબત અનેક લોકોના ફોન પણ આવ્યા તથા અનેક પત્રો પણ આ બાબત શિક્ષિત વર્તુળો તરફથી મળ્યાઅ છે.

આજે આ ગુલદસ્તા ભાગ-૨ કિતાબ વાચકોની સમક્ષ રજૂ કરતાં ઘણી જ ખુશી અનુભવું છું. સાથે અલ્લાહ રબ્બુતલ ઇઝ્ઝત પાસે ચહાદરા માસુમીન (અલ.)ના સદકામાં દુઆ ગુજારૂં છું કે મારી અન્ય કિતાબોની જેમ આ કિતાબ પણ ઇલ્મી વર્તુળોમાં ખ્યાતિ પામશે. સાથે વાચકોને ઇલ્મ સાથે અમલની પ્રેરણા આવશે. અલ્લાહ આ કિતાબને પણ આપણા સૌના માટે હિદાયતનો ઝરીઓ બનાવશે.

વાચકોની દુઆનો મોહતાજ છું. અને અલ્લાહથી બક્ષિસનો ઉમ્મીદવાર છું.

**નાચીજ**

**ઈબ્રાહીમ બી. પટેલ**

# (૧) લોખંડ વિશે એક ઇલ્મી ચર્ચા

લોખંડને અરબીમાં "હદીદ" કહેવાય છે અને ઉર્દૂમાં "લોહા" કહેવામાં આવે છે. "હદીદ" શબ્દ કુર્આનમાં છ વખત ઉલ્લેખવામાં આવ્યો છે. પરંતુ "હદીદ" લોખંડના અર્થમાં પાંચ વખત પ્રયોજાયો છે. છઠ્ઠા વખત એક બીજા અર્થમાં પ્રયોજાયો છે.

આપણે જાણીએ અને સમજીએ કે કલામે ખુદામાં આ શબ્દ "હદીદ" કઇ રીતે અને કઇ જગ્યાએ ઉપયોગમાં આવ્યો છે?

સૂરએ કહ્ફ આયત નંબર ૯૬ માં ઇરશાદે ખુદાવંદી છે.

آتُونِي زُبَرَ الْحَدِيدِ ۖ حَتَّىٰ إِذَا سَاوَىٰ بَيْنَ الصَّدَفَيْنِ قَالَ انفُخُوا ۖ
حَتَّىٰ إِذَا جَعَلَهُ نَارًا قَالَ آتُونِي أُفْرِغْ عَلَيْهِ قِطْرًا ﴿٩٦﴾

**આતૂની ઝુબરલ હદીદ, હત્તા ઇઝા સાવા બયનસ્સદફયને કાલનફોખૂ, હત્તા ઇઝા જઅલહૂ નારન, કાલ આતૂની ઉફરિગ અલયહે કિતરા.**

તમે મને લોખંડની ચાદરો લાવી આપો. અહીં સુધી કે જ્યારે બન્ને પહાડોની તળેટી વચ્ચેની જગ્યા પુરી દઇને સરખી કરી દીધી, ત્યારે હુકમ કર્યો એને સળગાવો જ્યારે કે તે આગ જેવી થઇ ગઇ. ત્યારે કહ્યું : કે હવે તમે મારી પાસે પીગળેવું તાંબુ લાવો. જેથી હું તેને તેના ઉપર નાખી દઉં.

આ વાત ઝુલકરનૈનની છે. તે જ્યારે લશ્કર લઇને આ જગ્યાએ આવ્યો. અને અહીંના લોકોએ તેને યાજૂજ માજૂજ એક જાનવર જેવી ખૂંખાર કોમની હેરાનગતિની વાત કરી, ત્યારે આ બાદશાહે

અહીંના રહેવાસીઓને યાજૂજ માજૂજથી બચવા માટે તાંબા અને લોખંડને પીગળાવીને તેની એક મજબૂત દિવાલ બનાવી દીધી.

આ જગ્યાએ લોખંડનો ઉલ્લેખ અલ્લાહતઆલાએ મજબૂત દિવાલ બનાવવા અંગે કર્યો છે.

બીજી જગ્યાએ સૂરએ હજ આયત નંબર ૨૧ ઉપર અલ્લાહતઆલા ફરમાવે છે.

﴿وَلَهُمْ مَّقَامِعُ مِنْ حَدِيْدٍ ﴿٢١﴾﴾

**વલહુમ મકામેઓ મિન હદીદ**

અને તમને (મારવા) માટે લોખંડ ગદાઓ છે.

જહન્નમીઓને તેમના ગુનાહોની સજા આપવાના વિષયમાં આ જગ્યાએ લોખંડનો ઉલ્લેખ થયો છે.

ત્રીજી જગ્યાએ સૂરએ સબા આયત નંબર ૧૦ ઉપર અલ્લાહતઆલા ફરમાવે છે.

وَلَقَدْ آتَيْنَا دَاوُودَ مِنَّا فَضْلًا ۖ يَا جِبَالُ أَوِّبِي مَعَهُ وَالطَّيْرَ ۖ وَأَلَنَّا لَهُ الْحَدِيدَ ﴿١٠﴾

**વલકદ આતયના દાવુદ મિન્ના ફઝલન, યા જેબાલો અવ્વેબીમઅહુ વત્તયર, વઅલન્ના લહુલ હદીદ.**

અને યકીનન અમે દઉદને અમારા તરફથી બુઝુર્ગી (શ્રેષ્ઠતા) બક્ષી હતી. અને હુકમ આપ્યો હતો કે અય પહાડો, અને અય પક્ષીઓ તેની સાથે તસ્બીહ પઢો, અને અમે તેના માટે લોખંડને નરમ કરી દીધું.

ચોથી જગ્યાએ સૂરએ હદીદ આયત નંબર ૨૫ ઉપર ફરમાવ્યું. આ આયતમાં અલ્લાહે લોખંડ વિશે ઘણી જ બેહતરીન સમજ આપી છે.

لَقَدۡ اَرۡسَلۡنَا رُسُلَنَا بِالۡبَیِّنٰتِ وَ اَنۡزَلۡنَا مَعَهُمُ الۡکِتٰبَ وَ الۡمِیۡزَانَ لِیَقُوۡمَ

النَّاسُ بِالۡقِسۡطِ ۚ وَ اَنۡزَلۡنَا الۡحَدِیۡدَ فِیۡهِ بَاۡسٌ شَدِیۡدٌ وَّ مَنَافِعُ لِلنَّاسِ وَ

لِیَعۡلَمَ اللّٰهُ مَنۡ یَّنۡصُرُهٗ وَ رُسُلَهٗ بِالۡغَیۡبِ ؕ اِنَّ اللّٰهَ قَوِیٌّ عَزِیۡزٌ ﴿۲۵﴾

લકદ અરસલના રોસોલના બિલબય્યેનાતે વઅનઝલના મઅહોમુલ કિતાબ વલ મીઝાન લેયકૂમુન્નાસો બિલકિસ્તે વ અન્ઝલ્નલ હદીદ ફીહે બઅસુન શદીદુલ વ મનાફેઓ લિન્નાસે વલયઅ્લમલ્લાહો, મંય યનસોરોહુ વ રોસોલોહુ બિલગયબે, ઇન્નલ્લાહ કવીય્યુન અઝીઝ.

યકીનન અમે અમારા રસૂલોને ખુલ્લી દલીલો સાથે મોકલ્યા છે. અને અમે તેમની સાથે જ કિતાબ અને મીઝાન નાઝિલ કર્યાં છે. જેથી લોકો ઇન્સાફ પર કાયમ રહે. અને અમે લોખંડ ઊતાર્યું કે તેમાં (લડાઇ માટે) ભય પેદા કરે તેવું સખત બળ છે. અને લોકોના માટે ફાયદા પણ છે. અને આ હેતુથી કે અલ્લાહતઆલા જાણી લે કે કોણ તેની અને તેના રસૂલોની તેને જોયા વગર મદદ કરે છે. યકીનન અલ્લાહતઆલા મહાબળવાન સમર્થ છે.

અલ્લાહતઆલાનું ફરમાન છે કે મીઝાનનો મતલબ સામાન્ય રીતે મુફસ્સિરોએ "ત્રાજવું" લીધો છે કે અમે ત્રાજવું ઊતાર્યું. ઇન્સાફ કરવા. માટે પરંતુ

ઓલમાએએહલે બયતે “મીઝાન” થી બે મતલબ લીધા છે.

તફસીરે સાફીના પેજ નંબર ૪૯૧ ઉપર તફસીરે કુમ્મીના હવાલાથી નકલ છે કે મીઝાનથી મતલબ “ઇમામ” છે.

અલ્લામા ઇબ્ને શહર આશુબ ફરમાવે છે કે અમારા આલિમોમાંથી લગભગ બધાએ મીઝાનથી મતલબ “ઝુલ્ફિકાર” લીધો છે. જે તલવાર અલ્લાહતઆલાએ આસમાનથી જનાબ રસૂલે ખુદા (સલ.) માટે ઊતારી હતી. આ જ તલવાર જનાબે રસૂલે ખુદા (સલ.)એ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલ.) ને આપી હતી.

અલ્લાહતઆલા ફરમાવે છે કે લોખંડ અમે આસમાનથી ઊતાર્યું છે. અત્યારે પણ જમીનના પેટાળમાં ઘણું બધું લોખંડ પડયું છે. તે લોખંડનો વિપુલ જથ્થો અલ્લાહે આસમાનથી નાઝિલ કરેલો જ છે. પરંતુ અત્યારે વહાલા વાંચકોની જાણકારી માટે એક રસપ્રદ વાત રજૂ કરૂં છું.

આસમાનથી લોખંડનું નાઝિલ થવું કોઇ નવાઇ ભરેલી વાત નથી. પરંતુ મોગલ બાદશાહ જહાંગીરના સમયમાં બનેલી એક ઘટના કે જેમાં ખરેખર લોખંડનો એક મોટો ટુકડો આસમાન ઊપરથી નીચે પડીને જમીનમાં ઘુસી ગયેલો. આ ઘટનાનું વર્ણન અખબાર કોહિસ્તાન લાહોરે પોતાના ૫ મે ૧૯૬૫ના પ્રકાશનમાં આ રીતે કરેલું.

(ભારત)માં આસમાનથી એક દિવસ લોખંડનો એક ટુકડો તૂટી પડયો. તે વીજળી જેવો ચકચકિત અને તેજ ગતિશીલ હતો. પડતાંની સાથે જ જમીનમાં ધસી ગયો. આ લોખંડનો પાટ જે જગ્યાએ ધુસી ગયો તેની આસપાસ આઠ આઠ દસ દસ મીટર સુધીની ઘાસ-પુંજ અને લીલોતરી સળગી ગયેલી. આ ઘટના અંગ્રેજોની હુકુમત અગાઉ મોગલોના સમયની છે. તે સમયે મોગલ બાદશાહ જહાંગીર દિલ્હીની ગાદી ઉપર રાજ કરતો હતો. આ ઘટના ઇ.સ.  ના વર્ષની હોઇ શકે. તે સમયના જાલંધરના વહીવટદારે લોખંડનો આ પાટ જમીનમાંથી કઢાવી બાદશાહ જહાંગીરને મોકલી આપ્યો. જહાંગીર બાદશાહે તે લોખંડની પાટમાંથી

બે તલવારો એક ખંજર અને એક ચપ્પુ બનાવ્યો. આ તલવારોની ધાર અને મજબૂતાઇ ગજબની હતી. લોખંડને કાપી નાખે એટલી મજબૂત હતી. આ ઘટના “તુઝૂકે જહાંગીરી” માં કંઇક આ રીતે છે. જહાંગીર પોતે લખે છે કે,

“આ જ મહિનામાં અને ચાલુ વર્ષમાં જ જાલંધરના એક ગામમાં પૂર્વ દિશામાંથી અવાજ સાથે વીજળી પડી. મેં તે પરગણાના (ગામના) આમિલ (અમલદારને) જેનું નામ મોહંમદ સઇદ હતું હુકમ કર્યો, તરત જ તે જગ્યાએ પહોંચે. તે જગ્યાનું પરિક્ષણ કરે. મોહંમદ સઇદે ત્યાં જઇ જમીન ખોદાવી તો અંદરથી એક ગરમ ધગધગતું લોખંડ નીકળ્યું. જ્યારે તે ઠંડુ થયું તો તે લોખંડને મારી

પાસે મોકલી આપ્યું. મેં ઉસ્તાદ દાઉદને હુકમ આપ્યો કે તે તેમાંથી બે તલવારો, ખંજર અને છરી (ચપ્પુ) બનાવી આપે. તલવારોમાં એકનું નામ “શમશીરે કાતેઅ” બીજીનું નામ “અબરક શરસ્ત” રાખ્યું.

(તુઝૂકે જહાંગીરી પેજ નં. ૪૧૦ લેખક નુરૂદ્દીન જહાંગીર બાદશાહ)

પાંચમી જગ્યાએ બની ઇસરાઇલ આયત નંબર ૫૦ ઉપર લોખંડનું વર્ણન છે.

قُلْ كُونُوا حِجَارَةً أَوْ حَدِيدًا ﴿٥٠﴾

**કુલ કૂનૂ હેજારતન અવ હદીદ**

અય રસૂલ કહી દો કે તમે પથ્થર બની જાવ કે લોખંડ.

છઠ્ઠી જગ્યાએ આ શબ્દ કુર્આન મજીદની એક સુરતના નામ તરીકે લોખંડ (હદીદ) આવ્યો છે. જે કલામે ખુદાની ૧૧૪ સુરતો પૈકી ૫૭માં નંબરે છે.

## રસાયણ શાસ્ત્ર અને લોખંડ

લોખંડ એક ધાતુ છે. મૂળ તત્વ છે. આ તત્વનો Atomic Number એટમી નંબર ૨૬ છે. જેને પરમાણુ ભાર કહે છે. જેનું મૂળ Priodictable પેરીઓદિકટેબલ ગણતરીમાં સાતમા ગ્રુપમાં Viil group થાય છે. તેની Valences વેલેન્સિસ રસાયણિક સંબંધ ૨ અથવા ૩ છે.

## કુર્આનનો મોઅજિઝો

ઘણી જ લુત્ફ ઉપજાવે એવી વાત છે કે કુર્આનમાં સૂરએ હદીદ ૫૭માં ક્રમે છે. અરબીમાં જો

અલ હદીદ શબ્દના મુળાક્ષર ગણવામાં આવે તો તેની કિંમત પણ ૫૭ થાય છે.

જો હદીદની (અલીફ લામ) વગર કિંમત કાઢવામાં આવે તો તેનો અદદ ૨૬ થાય છે. જ્યારે કે લોખંડનો એટમી નંબર પણ ૨૬ છે. તે સિવાય પણ સૂરએ હદીદની જે આયતમાં લોખંડનું વર્ણન થયું છે. તેનો આયત નંબર સામાન્ય રીતે ૨૫ લખવામાં આવે છે. પરંતુ જો બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમને પણ આયત તરીકે ગણી લેવામાં આવે જે દરેક સૂરતની શરૂઆતમાં ફરજિયાત લખાય છે તો હદીદનો આયત નંબર પણ ૨૬ થશે. ઘણા બધા તફસીર વેત્તાઓની દ્રષ્ટિએ દરેક સુરતની શરૂઆતમાં લખાતી બિસ્મિલ્લાહ પણ તે

સૂરતની પ્રથમ આયત છે. તે સૂરતનો જ એક ભાગ છે. કેટલાકની દ્રષ્ટિએ ફક્ત આ વાત સ્પષ્ટ કરવા માટે કે અહીંથી બીજી સુરત શરૂ થાય છે. બિસ્મિલ્લાહ લખવામાં આવે છે. અથવા એહતેરામ માટે કે દરેક કાર્યની શરૂઆત બિસ્મિલ્લાહ થી થવી જોઇએ એ રીતે લખાય છે.

## લોખંડ એક નેઅ્મત

અને અમે લોખંડ ઉતાર્યું એમાં શક્તિ છે. યુદ્ધનો સામાન અને લોકો માટે ફાયદા પણ છે. જેથી અલ્લાહ જુએ કે તેને જોયા વગર અલ્લાહ અને તેના રસૂલોની કોણ મદદ કરે છે. અને અલ્લાહ ઘણો જ શક્તિશાળી અને ઇઝ્ઝતવાળો છે. (સૂ. હદીદ)

**ઉપરોક્ત આયતમાં બે શબ્દો લોખંડની તારીફમાં વર્ણવાયા છે.**

**(૧) બાઅ્સન સદીદન** : જેનો અર્થ સામાન્ય રીતે બહાદુરી, શક્તિ, ભય, નુકસાન, યુદ્ધ અને યુદ્ધનો સામાન, સખ્તી વગેરે થાય છે. *(અરબી ડીક્ષનરી અલ-મુન્જિદમાંથી)*

**(૨) મનાફેઅ** : આ શબ્દનો અર્થ ફાયદા થાય છે.

## લોખંડના ફાયદા

## લોખંડ ધાતુઓનો બાદશાહ

સામાન્ય રીતે લોખંડને બીજી ધાતુઓના મુકાબલામાં હલકું સમજવામાં આવે છે. સોનુ, ચાંદી અનેતાંબુ વગેરેના મુકાબલામાં હલકી કિંમતનું સમજવામાં આવે છે. પરંતુ લોખંડની ખૂબીઓ જો

વર્ણવવામાં આવે તો તે તમામ ધાતુઓનો બાદશાહ છે. **તેના બે કારણો છે.**

(૧) કોઇપણ ધાતુ આટલા મોટા વિપુલ પ્રમાણમાં જમીનમાં નથી જેટલું કે લોખંડનું પ્રમાણ છે. ભૂસ્તર શાસ્ત્રીઓનું માનવું છે કે જમીનના અંદરના ભાગમાં લગભગ નેવુ ટકા લોખંડ મોજૂદ છે.

(૨) કોઇ બીજી ધાતુ આ બધાં કામો નથી કરી શકતી જે લોખંડ કરી શકે છે.

તેથી જ અલ્લાહતઆલાએ લોખંડના સિવાય કોઇ બીજી ધાતુ માટે ફખરની સાથે આ પ્રમાણે નથી કહ્યું "હમને ઉસે નાઝિલ કિયા હૈ" જો કે બધી જ ધાતુઓ અલ્લાહતઆલાએ જ પેદા કરી છે.

# ઇમારતોમાં લોખંડ

વિશ્વની ઉન્નતિનો આધાર સ્થંભ જ લોખંડ ઉપર છે. મોટા મોટા ટાવરો જેવી ૧૦૦/૧૦૦ માળની ઊંચી ઇમારતો લોખંડ વગર શક્ય જ નથી. ઇમારતોમાં લોખંડ બિલકુલ એવુંજ કામ કરે છે. જેવી રીતે ઇન્સાનના શરીરમાં કમરની હડ્ડી હોય છે. ઊંચી ઊંચી ટાવરો જેવી ઇમારતો, નદીઓ ઉપરના પુલો, ઊંચા મિનારાઓ વગેરે વગેરે લોખંડ વગર માથું ઊંચુ કરીને ઊભા રહી શકતા નથી. જો તેમની અંદરથી લોખંડ કાઢી લેવામાં આવે તો ખબર પડી જશે કે આ નવાઇ પમાડે એવી વિશાળ અને ગગનચુંબી ઇમારતો રેતીના ઢગલા સિવાય કશું જ નથી. લોખંડના પાટાઓ, તેનાતાર અને સળિયા

તૈયાર કરવામાં આવે છે. તેના દ્વારા હજારો કામ થઇ શકે છે. કાચું લોખંડ તો આપણને અલ્લાહ જમીનમાંથી આપે છે.

## લોખંડની દિવાલ

કુર્આન મજીદે એક લોખંડની દિવાલનું વર્ણન કર્યું છે. જે હઝરત ઝુલકરનૈને બનાવી હતી. જેથી યાજૂજ માજૂજના હુમલાથી એક કોમને બચાવી શકાય. જેથી આ બાબતમાં હઝરત ઝુલકરનૈન લોકોને કહી રહ્યા છે કે,

"મારા માટે લોખંડના પાટા તૈયાર કરો."

*(સૂરએ કહફ આયત નંબર ૯૬)*

આ ઘટનાને વિસ્તારમાંથી કુર્આને આ પ્રમાણે વર્ણવી છે.

"અય પેગંબર! આ લોકો તમને ઝુલકરનૈન વિશે પૂછી રહ્યા છે. (અય નબી) તમે કહી દો કે હું તમને તેના વિશે કેટલીક વાતો વાંચી સંભળાવું છું. અમે તેને જમીનની બાદશાહત આપી હતી અને તેના માટે દરેક પ્રકારનો સામાન, સાધન સામગ્રી આપી હતી.

વિશ્વ વિજેતા બનવા માટે યુદ્ધ કરતો તે પશ્ચિમ દિશા તરફ ચાલ્યો. અહીં સુધી કે તે સૂરજ ડૂબવાની જગ્યાએ પહોંચી ગયો. ત્યાં તેને એવું મહસૂસ થયું માલુમ પડયું કે સૂરજ એક કાળા કાદવભર્યા પાણીમાં ડૂબી રહ્યો છે. તેની નજીક એક કોમને ત્યાં જીવન વિતાવતી જોઇ. અમે ઝુલકરનૈનને હુકમ કર્યો. અય ઝુલકરનૈન! હવે આ

લોકો તારા કબજામાં છે. તું ઇચ્છે તો એમને સજા આપ અથવા માફ કરીને સારો વર્તાવ કરે.

**ઝુલકરનૈને કહ્યું** : જેઓ ઉપદ્રવ કે ફસાદ કરશે તેઓને જરૂરથી સજા આપીશ. વળી તેમણે પોતાના રબ તરફ પણ જવાનું છે તો અલ્લાહ તેમને સખત અઝાબ આપશે. વળી જે ઇમાન લઇ આવશે, અમલે સાલેહ કરશે, તેના બદલામાં તેમને ભલાઇ મળશે. અમે તેઓને એવી વાતોનો હુકમ આપીશું જે હુકમો ઉપર અમલ તેમના માટે આસાન હશે.

ત્યાર બાદ ઝુલકરનૈન ત્યાંથી નીકળવાની તૈયારી કરી. અહીં સુધી કે સુરજ ઊગવાની છેલ્લી ઘડી આવી પહોંચી. તેણે જોયું તો સૂરજ એક એવી

કોમ ઉપર નીકળી રહ્યો છે. જેમાં અમે આ કોમને તેમની વચ્ચે કોઇ આડસ (વિક્ષેપ) રાખ્યો નથી. પરિસ્થિતિ આ પ્રકારની હતી. જે કંઇ ઝુલકરનૈનની પાસે હતું જેનાથી અમે બરાબર વાકેફ હતા. ઝુલકરનૈને સાધનસામગ્રી એકત્ર કરી અહીં સુધીકે બે પહાડની દિવાલ સુધી પહોંચી ગયો. ત્યાં તેણે જોયું તો પહાડોની બીજી બાજુ એક કોમ આબાદ છે. જેમની સાથે કોઇ વાત કરવામાં આવે તો સમજતી નથી. આ કોમે પોતાની ભાષામાં ઝુલકરનૈનને કહ્યું: અય ઝુલકરનૈન! યાજૂજ માજૂજે આ મુલ્કમાં ફસાદ ફેલાવ્યો છે. શું આ બની શકે છે કે આપ અમારી અને તેમની વચ્ચે એક આડ ઊભી કરી દો. આ કામ માટે અમારી પાસેથી કંઇક ખર્ચ પણ વસૂલ કરો.

ઝુલકરનૈને કહ્યું : જે કંઇ મારી પાસે મોજૂદ છે. તે જ પુરતું અને બેહતર છે. મતલબ મારે તમારી પાસેથી કોઇ ટેક્ષ જોઇતો નથી. પરંતુ તમે માનવશક્તિ દ્વારા (મેહનત-મજૂરી દ્વારા) મારી મદદ કરો. જેથી હું તમારી અને તેમની વચ્ચે એક આડ (દિવાલ) ઊભી કરી દઉં.

**ત્યાર બાદ તેણે કહ્યું** : કે લોખંડની પાટો મને લાવી આપો, અહીં સુધી કે બધો સામાન એકત્ર થઇ ગયો. તો આ લોખંડની પાટોને બંને પહાડોની બરાબર ગોઠવીને હુકમ આપ્યો કે એને ગરમી આપો પછી જ્યારે આગની જેમ લાલ થઇ ગઇ તો કહ્યું પીગળેલું તાંબુ તેના ઉપર રેડી દો, નાખી દો.

આ રીતે એક એવી દિવાલ તૈયાર થઇ ગઇ કે ન તો યાજૂજ માજૂજ તેના ઉપર ચડી શકતા હતા કે ન તો તેની અંદર સુરંગ ફૂંકી શકતા હતા. ઝુલકરનૈને કહ્યું કે આ જે કંઇ કર્યું છે તે ફક્ત મારા પરવરદિગારની મહેરબાની છે. જ્યારે મારા પરવરદિગારે ફરમાવેલી વાતો જાહેર થશે, ત્યારે તેઓ તેને તોડીને જમીનદોસ્ત કરી દેશે. અને મારા પરવરદિગારની વાતો સાચી છે. કદી ખોટી પડશે નહિ અને તે દિવસે અમે એમ કરીશું કે એમનામાંથી એક કોમ બીજી કોમની ઉપર પાણીના મોજાંઓની જેમ ચઢી આવશે. ત્યારે શૂર ફૂંકવામાં આવશે. પછી અમે એમને એકત્ર કરીશું. (સૂરએ કહફ)

ઉપરોક્ત આયતો પઢયા પછી ઘણાં બધા પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

(૧) ઝુલકરનૈનના વિષયમાં પૈગંબરે ઇસ્લામ (સલ.)ને પ્રશ્નો પૂછનારા કોણ હતા.

આ પ્રશ્નો પૂછનાર યહુદીઓ હતા.

(૨) યાજૂજ માજૂજ કોણ છે?

કેટલાક મુફસ્સિરોનું કહેવું છે કે આ કોમ તુર્કોના વંશની છે. કેટલાકનું માનવું છે કે તેઓ તાતારી છે. જેઓ તાતારમાં રહેતા હતા. (લુગાતુલ કુર્આન)

(૩) આ લોખંડ અને તાંબાની જે દિવાલનું વર્ણન છે તે ક્યાં આવેલી છે?

આ બાબતમાં રિસર્ચ કરનારાઓએ કંઇ કેટલીય દિવાલોનું વર્ણન કર્યું છે.

**દૃષ્ટાંતરૂપે ચીનની દિવાલ** : આ દિવાલ લગભગ ૧૬૦૦ કિ.મી. લાંબી છે. આ દિવાલને મંગોલીઓ રિતકુહહ કહે છે.

**દિવાલ દરબંદ** : આ દિવાલ બુખારા અને તુર્ઝની નજીક આવેલી છે.

**બાબુલ અલબાબ** : આ દિવાલ દાગિસ્તાનની શહેર દરબંદમાં આવેલી છે. આ શહેર કાસ્પીયન સમુદ્રના કિનારે આવેલું છે. તેને બાબુલ હદીદ (લોખંડનો દરવાજો) પણ કહે છે. કારણ કે એમાં લોખંડના ફાટક લાગેલા છે.

**દર્રેહ દારયાલ** : કાકેશીયાના અંદરના ભાગની તરફ આ પહાડી વિભાગ આવેલો છે. આ દર્રેહ કફકાફ શહેરની ચોતરફ છે.

આ વાત યાદ રાખવામાં આવે કે યુનાનીઓનો કેશીયા, રૂસીઓનો કોંકર અને ફારસીમાં કફકાઝ એક જ શબ્દના ત્રણ નામ છે. (લુગાતુલ કુર્આન)

ઉપર આપણે કુર્આનની અમુક તફસીરોનો આધાર લઇ કેટલીક દિવાલો વિશે જાણ્યું. પરંતુ કુર્આનમાં જે દિવાલનું વર્ણન છે. તે દિવાલ દર્રેહ દારયાલ હોવાની શક્યતા વધારે છે. કારણકે પહાડીઓની વચ્ચેની આ દિવાલમાં લોખંડની પાટો વપરાયેલી જણાય છે. જેનું વર્ણન કુર્આનેપાકે કર્યું

છે. લોખંડની મોટી મોટી સલો અને તાંબુ બંનેનો વપરાશ આ દિવાલમાં થયેલો સ્પષ્ટ દેખાય છે. જ્યારે કે બીજી દિવાલોમાં આ ખૂબીઓ દ્રષ્ટિગોચર નથી થતી.

કહેવામાં આવે છે કે બની અબ્બાસી બાદશાહ વાસિક બિલ્લાહે પોતાના શાસનકાળમાં આ દિવાલની શોધખોળ માટે કેટલાક લોકોને મોકલ્યા હતા. વાસિક બિલ્લાહે નિયુક્ત કરેલી ટુકડી અહીં સુધી આવી હતી. દિવાલની રિસર્ચ કરનારી આ ટુકડીએ પ્રત્યક્ષ અનુભવ મેળવીને બાદશાહને સમાચાર આપ્યા હતા કે લોખંડની સલાખોનો ઉપયોગ કરીને તાંબુ પીગળાવીને બંનેના મિશ્રણ દ્વારા બનાવેલી આ દિવાલ ખરેખર અજીબો ગરીબ

છે. જેનો તોતિંગ દરવાજો લોખંડનો છે. તેને તાળું પણ લાગેલું છે. આ તાળું કોઇપણ ખોલતું નથી. (કસસુલ કુર્આન)

(૪) આ દિવાલનું શું પરિણામ આવશે?

આ દિવાલ અલ્લાહે નક્કી કરેલા સમયે તૂટીને રેતીનો ઢગલો થઇ જશે. જેમ કે કુર્આનેપાકમાં ઇરશાદ થયો છે કે જ્યારે મારા પરવરદિગારનો નક્કી કરેલો સમય થશે ત્યારે આ દિવાલનો કણેકણ છૂટો પડી જશે. અને મારા પરવરદિગારની ફરમાવેલી વાત સાચી છે જે કદી ખોટી પડવાની નથી. અને તે દિવસે એવું થશે કે તેમનામાંથી એક કોમ બીજી કોમ ઉપર સમંદરના મોજાંઓની જેમ દોડતી આવીને તૂટી પડશે અને

સૂર ફૂંકવામાં આવશે. પછી અમે તેઓને એકત્ર કરીશું. (સૂરએ કહ્ફ)

## હથિયારોમાં લોખંડ

નાનામાં નાનો કારીગર હોય કે મોટામાં મોટો એંજિયર હોય લોખંડ ન હોય તો તેઓનું કોઇ અસ્તિત્વ જ નથી. તેઓની તમામ કારીગિરી કે વિદ્યા બધું જ નકામું થઇ જશે. સુથાર, લુહાર, કડિયો, મિસ્ત્રી અને કુંભાર પણ લોખંડ વગર કોઇ જ કામના રહેશે નહિ. કંઇ જ કરી શકશે નહિ. આરી, હથોડો, ખુરપી, ફરસી, પાવડો, પાઇપ, વાંસલો, વિંધણું, ભીર, રંદો, લુહારની ધમણ, બધાં જ સાધનોમાં લોખંડનો મુખ્ય ઉપયોગ છે. જો કંઇપણ આગળ ન વિચારવું હોય તો ફક્ત તમારા રસોડામાં

જ જરા બે મિનિટ આંટો મારી આવો. તમને જણાશે કે લોખંડ વગર બે ટંકની રોટી પણ તમને મળી શકશે નહિ.

## હથોળા ખાઓ મજા ઉડાવો

وَلَهُمْ مَّقَامِعُ مِنْ حَدِيْدٍ ﴿٢١﴾

**વલહુમ મકામેઓ મિન હદીદ**

કુર્આને મજીદે જહન્નમીઓને ઇરશાદ ફરમાવ્યો છે કહ્યું છે કે "એમના માટે લોખંડના "મકામેઅ" હશે." (સૂ. હજ આ. ૨૧)

"મકામેઅ" બહુવચન શબ્દ છે. તેનો એકવચન શબ્દ "મકમઅ" થાય છે. મકમઅ દરેક તે વસ્તુને કહેવાય છે. જેના દ્વારા પીટાઇ પર પીટાઇ

કરીને કોઇને સીધો કરવામાં આવે. એટલે કે તેનું મગજ ઠીક કરવામાં આવે. (મફરૂદાતે કુર્આનમાંથી) એવા મોટા હથોળા જેમને ગુર્ઝ કહેવામાં આવે છે. આ સૂરએ હજની આયત છે તેનો આગળ પાછળનો સંબંધ આપણે સમજીએ જેથી આપણને લોખંડ વિશેના ઇલ્મી ફાયદા સાથે હિદાયત અને રૂહાનિયતરૂપી ફાયદો પણ મળશે. બીજું અલ્લાહની રહમાની શાન સાથે તેની કહ્હારી શાનથી પણ આપણે વાકેફ થઇશું.

બીજી ખાસ વાત ઇમાનવાળાઓ જેઓ દુનિયામાં અલ્લાહથી ડરીને ચાલે છે. કદમ કદમ ફૂંકી ફૂંકીને ચાલે છે. વારંવાર મૌલાનાઓને મસઅલા પૂછે છે. એમ લાગે કે જાણે સાચો

મુસલમાન એક કેદી જેવું જીવન જીવી રહ્યો છે. એના ઉપર સેંકડો પ્રકારની પાબંદીઓ લાગેલી છે. આવા નેક લોકોને રૂહાની ખોરાક મળી રહે તે હેતુથી સૂરએ હજની નીચેની આયતો રજૂ કરવામાં આવે છે.

**ઇરશાદે ઇલાહી છે,**

**هٰذٰنِ خَصۡمٰنِ اخۡتَصَمُوۡا فِىۡ رَبِّهِمۡ‌ۖ فَالَّذِيۡنَ كَفَرُوۡا قُطِّعَتۡ لَهُمۡ ثِيَابٌ مِّنۡ نَّارٍؕ يُصَبُّ مِنۡ فَوۡقِ رُءُوۡسِهِمُ الۡحَمِيۡمُ‌ۚ ﴿۱۹﴾**

**હાઝાને ખસમાનિખ્તસુમ ફી રબ્બેહિમ ફલ્લઝીન કફરૂ કુત્તેઅત લહુમ સેમાબુમ મિન્નાર. યોસબ્બો મિન ફૌકે રોઉસેહેમુલ હમીમ.**

આ બંને (મોમિન અને કાફિર) જનસમૂહો છે. જેઓમાંથી એક બીજા સાથે પોતાના

પરવરદિગારના માટે ઝગડે છે. પછી જેઓ ઇમાન નથી લાવ્યા તેમના માટે આગના લુગડાં વેતરી રાખવામાં આવ્યા છે. અને જેમના માથા ઉપર ઉકળતું પાણી રેડવામાં આવશે. (સૂ. હજ, આ.૧૯)

يُصْهَرُ بِهٖ مَا فِيْ بُطُوْنِهِمْ وَالْجُلُوْدُ ﴿٢٠﴾ؕ

યુસહરો બેહી મા ફી બોતુનેહિમ વલજોલુદ.

(જેના કારણે) જે કંઇ તેમના પેટોમાં છે તે અને ચામડી બધું ઓગળીને પડી જશે. (સૂ. હજ, આ. ૨૦)

**પછી ફરમાવ્યું :**

وَلَهُمْ مَّقَامِعُ مِنْ حَدِيْدٍ ﴿٢١﴾

વલહુમ મકામેઓ મિન હદીદ

અને તેઓ મારવા માટે લોખંડના હથોડા હશે. (સૂ. હજ, આ. ૨૧)

**પછી છેલ્લે ફરમાવ્યું :**

**كُلَّمَآ اَرَادُوْٓا اَنْ يَّخْرُجُوْا مِنْهَا مِنْ غَمٍّ اُعِيْدُوْا فِيْهَا ٭ وَ ذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿٢٢﴾**

**કુલ્લમા અરાદુ અંય્યખોરોજૂ મિન્હા મિન ગમ્મિન ઓઇદૂ ફીહા વઝૂકુ અઝાબલ હરીક**

અને જ્યારે પણ તેઓ દુઃખના કારણે તેમાંથી છટકવાનો પ્રયત્ન કરશે તો તેમને ફરીથી તેમાં જ હડસેલી દેવામાં આવશે. તેમને કહેવામાં આવશે કે બળવાના અઝાબની મજા ચાખો. (સૂ. હજ, આ. ૨૨)

હવે અલ્લાહ નેક લોકો માટે ખુશખબરી આપે છે.

اِنَّ اللّٰہَ یُدۡخِلُ الَّذِیۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجۡرِیۡ مِنۡ تَحۡتِہَا
الۡاَنۡہٰرُ یُحَلَّوۡنَ فِیۡہَا مِنۡ اَسَاوِرَ مِنۡ ذَہَبٍ وَّ لُؤۡلُؤًا ؕ وَ لِبَاسُہُمۡ فِیۡہَا حَرِیۡرٌ ﴿۲۳﴾

**ઇન્નલ્લાહ યુદખેલુલ્લઝીન આમનુ વઅમેલુસ્સાલેહાતે જન્નાતિન તજરી મિન તહતેહલ અનહારો યોહલ્લવના ફીહા મિન અસાવેર મિન ઝહબિંવ વ લુઅ્લુઅન, વલેબાવોહુમ ફીહા હરીર.**

જે લોકો ઇમાન લાવ્યા, અને નેક અમલો કર્યા. અલ્લાહ તેઓને એવા બાગોમાં દાખલ કરશે જેની નીચે નહેરો વહેતી હશે. અને ત્યાં તેમને સોનાના કંગન અને મોતીઓના હારોથી

શણગારવામાં આવશે. અને તેઓનો પોશાક રેશમ હશે. (સૂ. હજ આ. ૨૩)

**ઉપરોક્ત આયતોનો શાને નુઝૂલ શું છે?**

સૂરએ હજની ઉપરોક્ત આયતો નાઝિલ થવાનું કારણ શું છે? સામાન્ય રીતે અલ્લાહતઆલાએ પોતાના કલામમાં જન્નત અને જહન્નમનું વર્ણન તો ઘણી બધી જગ્યાએ કર્યું છે. પરંતુ જહન્નમના હથોડાનું વર્ણન ફક્ત આ એક જ જગ્યાએ આવ્યું છે. તેથી મફસ્સિરોને ઉત્કંઠા પેદા થઇ કે આ આયતનો શાને નુઝૂલ શું છે? વળી તે કોણ ખાસ નાફરમાન અને ઇન્કારી (કાફિર) લોકો છે જેઓએ કલિમા શરીફનો ઇન્કાર તો કર્યો, તો કર્યો, ઇમાન ન લાવ્યા, તો ન લાવ્યા, નેક લોકોની

દઅ્વતે તવહીદ ન સ્વીકારી તો ન સ્વીકારી. પરંતુ તેઓએ ઇમાનવાળા આ નેક જનસમૂહની ઉપર અત્યાચારો કર્યા. તેઓ સાથે કંઇ પણ ગુના વગર લડયા, તેઓને સતાવ્યા, માર્યા, પરેશાન કર્યા. ત્યારે અલ્લાહે ફરમાવ્યું કે હવે હથોડા ખાઓ અને મજા ચાખો.

જહન્નમની અસહ્ય પીડા અને અઝાબથી આ લોકો ભાગવાની કોશિશ કરશે તો ફરિશ્તાઓ તેઓને લોખંડના હથોડા વડે મારી મારીને પાછા ધકેલશે. અલ્લાહતઆલા આવા લોકોના વિષયમાં ફરમાવે છે કે “આ તે લોકોની મહેમાની છે કયામતના દિવસે”

هٰذَا نُزُلُهُمْ يَوْمَ الدِّيْنِ ﴿٥٦﴾

**હાઝા નોઝોલોહુમ યવમદ્દીન.**

(સૂ. વાકેઆ આ. ૫૬)

ઉપરોક્ત સૂરએ હજની આયતોના શાને નુઝૂલમાં મોટા ભાગના મુફસ્સિરો એકમત છે.

હઝરત કૈસથી રિવાયત છે કે આ રિવાયત તે લોકો માટે નાઝિલ થઇ જેઓ જંગે બદ્રમાં સૌથી પ્રથમ એકબીજાના મુકાબલા માટે આવ્યા હતા.

મુસલમાનો તરફથી સૌ પ્રથમઆવનાર જનાબ અમીર હમઝા (રઝિ.) હઝરત અબીદહ (રઝિ.) અને હઝરત અલી (અલ.) જ્યારે કાફિરોની તરફથી શીબા, ઉતબા અને વલીદ હતા. (સહીહ બુખારી તફસીર સૂ. હજ)

હઝરત અલી (અલ.)થી રિવાયત છે કે કયામતના દિવસે સૌ પ્રથમ હું અલ્લાહની સમક્ષ ફરિયાદ કરવા માટે ઊભો થઇશ. (સહીહ બુખારી)

ઉતબા અને શીબા બંને ભાઇ હતા. તેમના બાપનું નામ રબીયા હતું વલીદ ઉતબાનો પુત્ર હતો. ઉતબા અબુ સુફિયાનની પત્ની હિન્દાનો બાપ હતો. અને વલીદ ભાઇ અને શીબા કાકો થતો હતો. આ બધા જ ઝાલિમો હઝરત અલી શેરેખુદાના હાથે જહન્નમમાં પહોંચ્યા હતા. આ જ લોકોની કત્લના બદલામાં મઆવિયાની મા અને અબુ સુફિયાનની પત્ની હિન્દાએ જંગે ઓહદમાં સૈયદુશ્શોહદા અમીર હમઝાનું તેમની શહાદત પછી પેટ ચીરીને કલેજું ચબાવ્યું હતું. (સિહાહ સિત્તા, તારીખે તબરી)

એ જ લોકોની કત્લના કારણે યઝીદે કરબલામાં જે ખૂની ખેલ ખેલ્યો હતો જેમાં ઇમામ હુસૈન (અલ.)ની શહાદત સાથે પેગંબરે ઇસ્લામના ઘરાનાની અઢાર વ્યક્તિઓને શહીદ કરવામાં આવી હતી અને ઇમામના દોસ્ત અહબાબ સહિત કુલ ૭૨ વ્યક્તિઓની શહાદત ત્રણ દિવસની ભૂખ અને પ્યાસ પછી કરવામાં આવી હતી. યઝીદે કહ્યું હતું આજે મેં જંગે બદરના અમારા કુટુંબીઓની થયેલી કતલનો બદલો ઇમામ હુસૈન અને તેમના કુટુંબને કતલ કરીનેલઇ લીધો છે.

હવે આ નાપાક લોકો જેઓની મહેમાની માટે અલ્લાહે જહન્નમમાં હથોડા તૈયાર રાખેલા છે. તેમનો યઝીદની સગાઇ સંબંધ ફરીથી સમજી

લઇએ. એક નકશા દ્વારા આ કડવા વૃક્ષની શાખાઓને સમજી લઇએ.

## (મક્કાનો સરદાર)

**રબીઆ** : ઉતબા (પુત્ર) / શીબા (પુત્ર)

**ઉતબા** : વલીદ (પુત્ર) / હિન્દા (પુત્રી) (અબુસુફિયાનની પત્ની મઆવિયાની મા અને યઝીદની દાદી)

આમ જંગે બદરમાં જનાબ અમીરૂલ મોઅમેનીન (અલ.)ની તલવાર વડે વલીદ યઝીદનો મામો, ઉતબા નાનો અને શીબા કાકો બધા જ જહન્નમ રશીદ થયા હતા.

## વાહન વ્યવહારમાં લોખંડ

સાઇકલથી લઇને હવાઇ જહાઝ સુધી અને મોટરકારથી લઇને રેલગાડી સુધી જેટલા પણ વાહન વ્યવહારના સાધનો છે. બધામાં લોખંડનો જ ઉપયોગ થાય છે. ઉપયોગ અને ઇન્સાનોના ફાયદા અને મજબુતાઇને જોતાં લોખંડ ધાતુઓમાં રાજા ગણાય છે.

## મીણ જેવું લોખંડ

હઝરત દાઉદ (અલ.)ના માટે ઇરશાદ થયો છે કે,

وَ لَقَدْ اٰتَيْنَا دَاوٗدَ مِنَّا فَضْلًا ؕ يٰجِبَالُ اَوِّبِيْ مَعَهٗ وَ الطَّيْرَ ۚ وَ اَلَنَّا لَهُ الْحَدِيْدَ ﴿۱۰﴾

اَنِ اعْمَلْ سٰبِغٰتٍ وَّ قَدِّرْ فِي السَّرْدِ وَ اعْمَلُوْا صَالِحًا ؕ اِنِّيْ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۱۱﴾

**વલકદ આતયના દાઉદ મિન્ના ફઝલા, યા જેબાલો અવ્વેબી મઅહૂ વત્તયર, વ અલન્ના લહુલ હદીદ. અનિઅ્મલ સાબેગાતિંવ વકદ્દિર ફિસ્સરદે વઅ્મલુ સાલેહા, ઇન્ની બેમા તઅ્મલૂન બસીર.**

(સૂ. સબા, આ.૧૦,૧૧)

અને અમે દાઉદને અમારા તરફથી શ્રેષ્ઠતા આપી હતી. (અને પહાડોને હુકમ આપ્યો) અય પહાડો! તસબીહ કરવામાં એમને સાથ આપો. અને પક્ષીઓને એમના તાબેદાર બનાવી દીધા. અને તેમના માટેલોખંડને નરમ કરી દીધું.

કે સુંદર અને મોટા બખ્તરો બનાવે અનેતેની કડીયોને જોડવામાં અંદાજનો ખ્યાલરાખો,

અને તમે બધા સારા સારા કામો કરો. જે કંઇ તમે કરો છો હું તેને જોઇ રહ્યો છું.

રિવાયતોમાં છે કે હઝરત દાઉદ (અલ.)ના સમયથી જ બખ્તરો બનાવવાની શરૂઆત થઇ એક બખ્તર ચાર હજાર દિરહમમાં વેચતા હતા.

આ જ રીતે કુર્આનેપાકમાં બીજી એક જગ્યાએ ઇરશાદ ફરમાવ્યો,

**وَ عَلَّمۡنٰهُ صَنۡعَةَ لَبُوۡسٍ لَّكُمۡ لِتُحۡصِنَكُمۡ مِّنۡۢ بَاۡسِكُمۡ‌ۚ فَهَلۡ اَنۡتُمۡ شٰكِرُوۡنَ ﴿۸۰﴾**

**વઅલ્લમનાહો સનઅત લબુસિલ લકુમ લેતુહસેનકુમ મિમ બઅ્સેકુમ ફહલ અન્તુમ શાકેરૂન.**

(સૂ. અંબિયા, આ. ૮૦)

અને અમોએ દાઉદને તમારા માટે યુદ્ધનો પોશાક બખ્તર બનાવવાનો હુન્નર શીખવ્યો હતો કે જે તમને યુદ્ધમાં રક્ષણ આપે. તો શું તમે હજી પણ અમારા શુક્રગુજાર નહીં બનો?

હઝરત દાઉદ (અલ.) સરકારી ખજાનામાંથી પોતાનો કોઇ પગાર લેતા ન હતા. આપ બખતરો બનાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. અલ્લાહતઆલાએ આપની મદદ એવી રીતે કરી કે લોખંડને આપના કબજામાં આપી દીધું. જેવું લોખંડ આપના હાથમાં આવતું હતું, મીણની જેમ નરમ થઇ જતું હતું. હઝરત દાઉદ (અલ.) લોખંડને જેમ વાળવું હોય તેમ વાળી શકતા. જેવો ઘાટ ઘડવો હોય તેવો ઘાટ આપી શકતા.

એક સુક્ષ્મ વાત - નુકતઃ અલ્લાહે બતાવી આપ્યું કે તમે અલ્લાહના ખાતર પોતાની જિંદગી વકફ કરીને જુઓ. પછી અલ્લાહતઆલા લોખંડને તમારા માટે મીણ બનાવી શકે છે.

## બઅ્સન શદીદન

એમા શક્તિ છે, તાકાત છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે અમે લોખંડ ઉતાર્યું કે તેમાં લડાઇ માટેનું ભય પેદા કરે એવું સખત બળ છે. આ અનુસંધાનમાં ટેંકો, મિસાઇલો, આગબોટો, સબમરીનો, હવાઇ જહાજ, યુદ્ધ જહાજ, રોકેટ, એટમબોમ્બ અને બીજા આવા પ્રકારનો અનેક સામાન છે. એમા લોખંડ જ ઉપયોગમાં આવે છે.

પરંતુ ઘણાં બધા મુફસ્સિરોએ આ આયતની તફસીરમાં તલવારનું નામ પણ લખ્યું છે. તો આપણે જાણવું પડશે કે તે કઇ તલવાર છે? જેના નાઝિલ કરવાનું વર્ણન આ લોખંડની સાથે છે. (જેનું વર્ણન આ જ લેખની શરૂઆતમાં થઇ ચૂક્યું છે. જુઓ પેજ નં. ૫)

## ઝુલ્ફિકાર

જનાબ રિસાલત મઆબ (સલ.)ની પાસે બે તલવારો હતી. એકનું નામ મખદૂમ અને બીજીનું નામ ઝુલ્ફિકાર હતું.

(૧) અમહદ બિન અબ્દુલ્લાહથી રિવાયત છે કે મેં ઇમામ રઝા (અલ.)ને રસુલુલ્લાહ (સલ.)ની

તલવારના વિષયમાં પ્રશ્ન કર્યો કે તે ક્યાંથી આવી હતી?

**આપે ફરમાવ્યું** : કે તેને જિબ્રઇલ અમીન આસમાનથી લઇને આવ્યા હતા. તેના ઉપર ચાંદીનો હાથો હતો. તે અત્યારે મારી પાસે છે.

(ઉયૂને અખબારૂર્રેઝા)

(૨) અબ્દુલ્લાહ બિન મસઉદથી રિવાયત છે કે જિબ્રઇલ જન્નતથી ઝુલ્ફિકાર લઇને હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમની પાસે તશરીફ લાવ્યા.

(ઝહિરતુર્રિયાઝ હવાલો અરજુલ મતાલિબ)

પૈગંબરે ઇસ્લામ (સલ.)એ આ તલવાર અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબ

(અલ.)ને આપી દીધી. જનાબ અલી (અલ.)એ સૌ પ્રથમ જંગે ઓહદમાં આ જ તલવાર વડે જેહાદ કર્યો, ત્યારે રિઝવાને જન્નતે અવાજ આપ્યો.

**લાફતા ઇલ્લા અલી, લાસયફ ઇલ્લા ઝુલ્ફિકાર**

(રિયાઝુન્નઝરહ)

## શહાબુસ્સાકિબ

એમને અંગ્રેજીમાં meteor અથવા metries (મીટિઅર અથવા મીટીરીઝ) ખરતો તારો કહે છે. આ આસમાનથી પડતા પથ્થરો છે. આ પથ્થરો ત્યારે જમીન પર પડે છે. જ્યારે તેઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરે છે. તે પથ્થરો પોતાના કેન્દ્ર સ્થાનેથી છૂટા પડીને જમીનની તરફ દોડતા થઇ જાય છે. સામાન્ય રીતે આ લોખંડ અથવા

પથ્થર કે લોખંડથી બનેલા પથ્થર હોય છે. વિશ્વનો સૌથી મોટો ખરતો તારો લોખંડનો બનેલો છે. તેનું વજન ૬૦ ટન છે. (૧૦૦ કીલો = ૧ ક્વિન્ટલ અને ૧૦૦૦ ક્વિન્ટલ = ૧ ટન) આ ખરેલો તારો આફ્રીકા ખંડના મુલ્ક નીમબીબીયામાં આજે પણ મોજૂદ છે.

આ બધી વિસ્તારપૂર્વકની સમજૂતીના અનુસંધાનમાં વિચારીએ તો આ આયતનો મતલબ આ થશે કે અમે શહાબુસ્સાકિબના રૂપમાં લોખંડ ઊતાર્યું. જેમાં ભયપ્રેરિત હથિયારો છે. સ્પષ્ટ છે કે જ્યારે આટલા મોટા મોટા પથ્થરો આસમાનથી ઉતરવા લાગે ત્યારે કેવો ભય પેદા થાય.

# પોલાદ - સ્ટીલ

ઇસુની બારમી સદી દરમ્યાન સુલતાન સલાહુદ્દીન ઐયુબી અને ઇંગ્લેન્ડનો રાજા રિચાર્ડની વચ્ચે સુલેબી યુદ્ધો ચાલું હતાં તે સમયગાળામાં આ બંને બાદશાહોની મુલાકાત નક્કી થઇ. રિચાર્ડે પોતાના હાથ અને તલવારની શક્તિનું પ્રદર્શન કરતાં તલવાર વડે લોખંડની એક લાકડીના બે ટુકડા કરી નાખ્યા. પછી કહ્યું : આ છે ઇસાઇચ્યતની શક્તિ. આ જોઇ સલાહુદ્દીન ઐયુબી મુસ્કુરાયો. પછી તેણે પોતાના ખિસ્સામાંથી રૂમાલ કાઢયો. રૂમાલને હવામાં ઉછાળ્યો. પછી જમીન પર પડતા રૂમાલની સામે તલવાર રાખી દીધી. જ્યારે તે રૂમાલ જમીન ઉપર પડયો તો તેના બે ટુકડા થઇ ગયા હતા.

સુલતાને આ બંને ટુકડા ઉઠાવ્યા પછી રિચાર્ડને આપતાં જવાબ આપ્યો. આ છે ઇસ્લામની શ્રેષ્ઠતા અને કોમળતા.

એક અંગ્રેજ લેખક વૉલ્ટર સ્કોટે મુસલમાનોની તલવારોનું વર્ણન કરતાં લખ્યું છે કે તેમની બનાવટ અને ઘાટ ચંદ્રના જેવી રહેતી. તે ઇસાઇઓની તલવારોની જેમ ચમકતી દમકતી દેખાતી નહિ. પરંતુ તેમનો રંગ કંઇક કાળાશ પડતો લીલાષની મિલાવટવાળો દેખાતો. તેના ઉપર એક ઉપર એક લકીરો દેખાતી. સુલેબી જંગો દરમ્યાન આ તલવારોનું નામ શમશીર દમિશ્ક તરીકે પ્રચલિત થયું હતું. આ તલવારોની મજબૂતાઇ અને તેની તેજ ધારના કારણે ઇસાઇ ફોજો ઉપર તેનો

ભય સવાર રહેતો. ઇસાઇ ફોજોની સંખ્યા વધારે હોવા છતાં માનસિક રીતે તેઓ દબાયેલા ભયપ્રેરિત રહેતા. તેઓ મુસલમાનોના આવી તલવારોને દૈવી શક્તિ સમજતા હતા.

## પોલાદે - દમિશ્ક

તે સમયમાં વિજ્ઞાન ટેક્નોલજીનો આટલો બધો વિકાસ થયો ન હતો. બંદૂકની ગોળી શોધાઇ ન હતી. જેથી તલવારો અને નેઝાઓ તથા તીર-કામઠાં વગેરેની ખૂબજ કિંમત હતી. એને બનાવનારા, એ ધંધાના નિષ્ણાંતોની બોલબાલા હતી. કંઇ સેંકડો જાતની તલવારો પ્રદર્શનોમાં મૂકાતી તેની પકડ હાથને સૈંકડો જાતની નકશીકામ કરીને શણગારવામાં આવતા. હીરા જડિત, મોતી

જડિત, હાથી દાંતની, નકશી બનાવેલી વગેરે દ્વારા તલવારોને કિંમતી બનાવવામાં આવતી. પરંતુ તેનું સાચું કિમતીપણું તો તો તેજ ધાર જે જલ્દી કુંદ ન થાય તે જ ગણાતું.

તે જમાનામાં પણ મુસલમાનોએ પોલાદે દમિશ્ક નામના એક ઘણાં જ કિંમતી લોખંડની શોધ કરી હતી. પોલાદ દમિશ્ક પોતાની મજબૂતાઇમાં લાજવાબ હતું. ગમે તેટલો દબાવ આપવામાં આવે તો પણ તે તૂટતું ન હતું. તેમાંથી ધાર પણ બાલથી વધારે બારીક બનાવવામાં આવતી હતી. પરંતુ આ ધાર બુઠી થતી ન હતી. પોલાદે દમિશ્ક નામના લોખંડમાંથી બનાવવામાં આવતી આ તલવારોની લચક ખૂબ જ હતી.

પોલાદે દમિશ્ક શું હતું? કેવી રીતે તૈયાર કરવામાં આવતું હતું? તેમાં આ બધી વિશેષતાઓ કેવી રીતે ઉત્પન્ન કરવામાં આવતી હતી? વગેરે પ્રશ્નો આજ દિન સુધી પ્રશ્નો જ રહ્યા છે. તેના ઉત્તરો મેળવી શકાયા નથી.

આજથી વીસવર્ષ અગાઉ એસ્ટીફર્ડ યુનિવર્સિટી અમેરીકાએ પોલાદ-દમિશ્ક ઉપર રિસર્ચ શરૂ કરી હતી. એક પોલાદનો નમૂનો તૈયાર કર્યો હતો. પરંતુ એ દમિશ્ક પોલાદ જેવો તૈયાર થયો ન હતો. આ અમેરિકન વૈજ્ઞાનિકોની પોતાની કબૂલાત હતી. ઇ.સ. ૧૯૮૫માં આ બાબતનો એક લેખ સાઇન્ટીફિક અમેરિકન મેગેઝીનમાં પ્રકાશિત થયો હતો.

આ બધી ચર્ચા દ્વારા આ વાત સ્પષ્ટ થાય છે કે લોખંડ ધાતુઓનો રાજા છે. એમાં શક્તિ છે. બુદ્ધિશાળીઓને અલ્લાહનો સ્પષ્ટ હુકમ છે સાથે ઇમાનવાળાઓ માટે નસીહત પણ છે કે આ અમે ઉતાર્યું છે. એમાં દુશ્‌મનો માટે ભય છે. માટે તમે તમારા અને અલ્લાહના દુશ્મનો મુકાબલા માટે લોખંડનો ભરપૂર ઉપયોગ કરો. હવે આપણે કુર્આન તરફ પાછા ફરીએ છીએ.

## લોખંડ અથવા પથ્થર બની જાવ

وَقَالُوْٓا ءَاِذَا كُنَّا عِظَامًا وَّرُفَاتًا ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ خَلْقًا جَدِيْدًا ﴿٤٩﴾

**વકાલુ અઇઝા કુન્ના એઝામંવ વરોફાતન અઇન્ના લમબઉષુન ખલકન જદીદા.**

(સૂ. બની ઇસરાઇલ, આ. ૪૯)

અને તેઓ કહે છે કે જ્યારે અમે હાડકાં અને માટી થઇ જઇશું તો શું પછી પણ અમે નવેસરથી પેદા કરી ઉઠાડવામાં આવીશું?

બેઇમાન ઇન્કારીઓના આવા ખ્યાલના જવાબમાં અલ્લાહતઆલા ફરમાવે છે,

قُلْ كُونُوا حِجَارَةً أَوْ حَدِيدًا ﴿٥٠﴾

કુલ કૂનૂ હેજારતન અવ હદીદ.

(સૂ. બની ઇસરાઇલ, આ.૫૦)

(અય રસુલ) તમે કહીદો કે તમે પથ્થર બની જાઓ અથવા લોખંડ.

મતલબ તમારા હાડકાં માટી તો શું? પથ્થર કે લોખંડ બની જાય તોપણ અલ્લાહતઆલા તેઓને ફરીથી સજીવન કરવા માટે શક્તિમાન છે.

ઉપરોક્ત બંને આયતોમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે તમારા વિચારમાં જે વસ્તુ મોટી શક્તિશાળી હોય પથ્થર કે લોખંડ તમે તે બની જાઓ. તમારા હાડકાં માટી બનીને બારીક રજકણોમાં ફેરવાઇ જશે. હવામાં ઉડી જશે તો પણ સર્વ શક્તિમાન અલ્લાહ તમને નવેસરથી સજીવન કરવાની તાકત ધરાવે છે. આગળ આ જ સુરામાં આ બેઇમાન લોકો માટે વર્ણન છે કે તેઓ પૂછે છે. કે અમોને કોણ ફરીથી સજીવન કરશે. ફરમાવ્યું :

અય રસૂલ! કહી દો કે તે જ જેણે તમને પ્રથમ વખત પેદા કર્યાં.

ખરેખર વાત આ છે કે કયામતના ઇન્કારીઓ પાસે કોઇ જ દલીલ નથી. એમના ખ્યાલમાં મુરદા થયેલ હાડકાં ફરીથી સજીવન નથી થઇ શકતાં. તો કુર્આનમાં અનેક જગ્યાએ તેમના આવા શકને દૂર કરવા દલીલો આપી છે. સમજાવ્યું છે કે જ્યારે પ્રથમ વખત આમ બની શકે છે. તો બીજા વખત પણ બની શકે છે. અમે તમને ફરીથી પેદા કરી શકીએ છીએ.

**સૂરએ બની ઇસરાઇલમાં ફરમાવ્યું** : તમે પથ્થર બની જાવ કે લોખંડ કે કોઇ બીજી મોટી વસ્તુ. મતલબ તમે તો ફક્ત હાડકાંઓના બીજા

વખત સજીવન થવા આશ્ચર્ય કરો છો. અરે આ વસ્તુઓ તો તે છે. જેમનો જિંદગીથી કંઇ ન કંઇ થોડોક પણ સંબંધ છે. પરંતુ કોઇ વસ્તુઓ જેમાં કદી જીવ જ ન પડયો હોય જેમનો જીવનથી કોઇ સંબંધજ ન રહ્યો હોય. લોખંડ થવા પથ્થર જો તમે તે પણ બની જશો તો અલ્લાહ ઇચ્છશે તો તેમાં રૂહ ફૂંકી દેશે. તે પોતાના એક નબી હઝરત દાઉદ (અલ.) માટે લોખંડને મીણ જેવું નરમ કરી શકે છે તો તેમાં જીવન પણ પેદા કરી શકે છે.

અલ્લાહ ઇન્સાનોને કેટલા ઉમદા તરીકાથી સમજાવે છે.

## (૨) વિશ્વાસ એક રૂહાની (આધ્યાત્મિક) શક્તિ છે.

ઔરંગઝેબ મોગલ સામ્રાજ્યનો છેલ્લો પ્રભાવશાળી સમ્રાટ ગણાય છે. એના મૃત્યુ પછીથી મોગલ સામ્રાજ્યની પડતીની શરૂઆત થઇ. મોગલ સામ્રાજ્યની પડતીનો બીજ રોપનાર પણ એ જ છે. શાહજહાંના પુત્રોમાં આ સૌથી નાનો ભાઇ હતો. પોતાના ભાઇઓમાં સૌથી નાનો હતો. બુદ્ધિમાં ચતુર હતો. કીડીની જેમ કામમાં લાગેલો રહેનારો. તેણે પોતાના સગા બાપને (શાહજહાંને) છળકપટથી જેલમાં ધકેલી દીધો. એક એક કરીને બધા જ ભાઇઓની હત્યા કરી. ધોકો, જુઠ, કપટ, છળ, ફરેબ, હત્યા, ખુનરેજી જે કંઇ પણ શક્ય હતું તે બધું જ ઔરંગઝેબ કરી ચૂક્યો. નહીં તો આ નાનો ભાઇ કદી પણ બાદશાહ ન બની શકત. કારણ તેના ત્રણ

ભાઇઓ તેનાથી મોટા હતા. પરંતુ આ જાલિમ ભારતનો સમ્રાટ બની ગયો.

એણે આપણા દેશ ઉપર લગાતાર એંશી વર્ષ રાજ્ય કર્યું. હિંદુ એના નામથી કાંપતા હતા. શીયાઓની પણ એણે ખૂબ સતામણી કરી છે. અનેક શીયા આલિમોને વગર કારણે મારી નાખ્યા છે. પરંતુ મુસલમાનોમાં પણ એ કદીપણ પ્રિય બની શક્યો નથી. દક્ષિણ ભારતની ચાર નાની નાની સલ્તનતો અહમદનગર, ગોવળકોંડા, બીદર અને બીજાપુર ઘણી જ શાંતિથી રાજ્ય કારભાર ચલાવતી હતી. મરાઠાઓ સાથે પણ આ સલ્તનતોને ઘણા સારા કહેવાય એવા સંબંધો હતા. આ જાલિમ મોગલ બાદશાહે આ ચારે સલ્તનતોને હરાવીને

નેસ્તો નાબૂદ કરી દીધી. ત્યાર પછી જ મરાઠાઓ ઔરંગઝેબના દુશ્મન બની ગયા.

ઔરંગઝેબનું ઘરેલુ અને સામાજિક જીવન પણ સુખી અને શાંત રહી શક્યું નહિ. આ ભારત સમ્રાટની માનસિક અશાંતિનું શું કારણ હતું?

શું એની પાસે રૂપિયા-પૈસા, શાનો શૌકત, નોકરચાકરોની કમી હતી? શું શરીરની સેવા કરનારા કે ચિકિત્સા કરનારા દાક્તરો એની પાસે ન હતા? અથવા સાંસારિક વૈભવની કમી હતી? નહીં આમાની કોઇપણ વસ્તુની કમી એની પાસે ન હતી. એને સંસારનો સઘળો વૈભવ અને સુખ સુવિધાઓ પ્રાપ્ત હતી.

પરંતુ એના મનમાં બધા જ પ્રત્યે ઘોર અવિશ્વાસ હતો. તે અનેક લોકોને મારીને, સતાવીને ભારતનો સમ્રાટ બન્યો હતો. પોતાના સગા બાપને જેલમાં નાખતી વખતે શાહજહાંની વફાદારીમાં જેણે પણ ડોક ઊંચી કરી તે સૌને આ ઝાલિમે મારી નાખ્યા. જેટલાય હોદ્દેદારો જેમાં નાના મોટા બધા જ હુકુમતના કર્મચારીઓ જેમના માટે ઔરંગઝેબને શકહતો કે આ લોકો મારા બાપના વફાદાર હોઇ શકે તે સર્વેને બેરોઝગાર બનાવી દીધા. આ સતામણી થઇ. એ બધાંને જ પોતાના શત્રુ સમજતો હતો. કોઇના ઉપર પણ કોઇ પ્રકારનો વિશ્વાસ કરતો ન હતો.

ખાવા-પીવાના મામલાઓમાં એને પોતાના રસોઇયા ઉપર પણ વિશ્વાસ ન હતો. એને હર ઘડી આ ભય રહેતો હતો કે એને કોઇ ઝેર ન આપી દે. એને પોતાના સૈનિકો, ફોજના અફસરો કાર્યકર્તાઓ પુત્ર-પુત્રીઓ હાથ નીચેના બધા જ માણસો કોઇના ઉપર વિશ્વાસ ન હતો. તે બધાંને જ ધોકાબાજ, મક્કાર, બેઇમાન, જુઠ્ઠા અને ફરેબી સમજતો હતો. એના શાસનકાળમાં અવિશ્વાસનું આવું ઝેહરીલું અને દુષિત વાતાવરણ સમગ્ર ભારતમાં વિસ્તૃત પાયે ફેલાયેલું હતું.

ભારતની જનતાને પણ એના ઉપર વિશ્વાસ ન હતો. ભારતવાસીઓ એનાથી નફરત કરતા હતા. ઔરંગઝેબ દમનથી કામ લેતો હતો. એને એવો

ભય હંમેશા સતાવતો હતો કે ન જાણે ક્યાંથી ગમે ત્યારે એના વિરૂદ્ધ બળવો, ક્રાંતિ કે વિપ્લવનો જ્વાળામુખી ફાટી નીકળશે. આ અવિશ્વાસે જ છેવટે આટલા વિશાળ મોગલ સામ્રાજ્યના પાયા હચમચાવી નાખ્યા. આ છે અવિશ્વાસનો દુષપ્રભાવ. વિશ્વાસથી વિશ્વાસ પેદા થાય છે. પરંતુ અવિશ્વાસથી અવિશ્વાસનું જ વાતાવરણ ફેલાય છે.

જ્યારે પિતા પુત્ર ઉપર, માતા પુત્રી ઉપર, પતિ પત્ની ઉપર, ભાઇ ભાઇ ઉપર વિશ્વાસ ન કરે તો તે કુટુંબ અને પરિવારની બરબાદી જ સમજી લો. તે ઘરમાં દરરોજના કેવા ઝઘડા થશે તેની કલ્પના કરી શકાય છે.

જો દુકાનદાર ગ્રાહક ઉપર વિશ્વાસ ન કરે. ઓફિસરો પોતાના હાથ નીચેના માણસો ઉપર વિશ્વાસ ન કરે, હેડમાસ્તર પોતાના શિક્ષકો ઉપર વિશ્વાસ ન કરે તો સમાજની શું પરિસ્થિતિ થશે? કલ્પી લો. ઘર, પરિવાર, દફતર, બધા જ ક્ષેત્રોમાંથી પ્રેમ અને પરસ્પરના સદ્‌ભાવનો નાશ થઇ જશે. ધૃણા અને નફરતનો જન્મ થશે. દરેક વ્યક્તિ બીજાથી ડરશે. સમાજ છિન્ન ભિન્ન થઇ જશે.

અવિશ્વાસના કારણે ઘરમાં દરેક દરેક વસ્તુ ઉપર તાળાં લાગેલાં રહેશે. દરેક પેટી-પટાળા કે અલમારીનું અલગ અલગ તાળું રહેશે. ઘરના વડીલે આ બધાં તાળાંઓની ચાવીઓને મજબૂતીથી પકડીને રાખવી પડશે. કોઇ એની પેટીની પાસે પણ

જશે તો તેને એ શકની દ્રષ્ટિથી જોશે. રાતે જરાક અવાજ થતાં જ એની ઊંઘ ઊડી જશે.

આ જગ્યાએ મને એક ગમ્મત પડે એવી વાત યાદ આવી. ઇ.સ. ૧૯૬૪ ની સાલમાં રાજપીપળા ખાતે અમે શિક્ષક ટ્રેનિંગ કોલજમાં હતા. તે સમયે અમારા રૂમમાં કુલ આઠ વિદ્યાર્થી (શિક્ષકો) હતા. એક ભાઇ આવા જ અવિશ્વાસુ. પોતાના ખાટલાના સિરહાને બરાબર માથાને અડીને સુટકેશ મૂકે. રાતે વારંવાર જાગીને સૂતાં સૂતાં જ હાથ વડે સુટકેશનું તાળું ખેંચી જુએ. એમની દરરોજની રાતની અનેક વખતની આવી હરકતથી રૂમમાં ખચમચ અવાજ થાય. બીજા શિક્ષકો જાગી જાય. તેમની ઊંઘમાં ખલેલ પડે. આ ભાઇ તો મના કરવાં

છતાં સુધરે જ નહિ. પછી તે ભાઇને ગાળો ખાઇને બીજા રૂમમાં જવું પડેલું.

મતલબ અવિશ્વાસના વાતાવરણથી સમગ્ર સમાજ બરબાદ થઇ જાય છે. પૈસા પૈસાના હિસાબ પુછાય, વાતો એકબીજાથી છુપાવાય. એકબીજા ઉપર શક અને કટુતા ઉત્પન્ન થાય.

અવિશ્વાસના ઉત્તરમાં બીજી વ્યક્તિ પણ અવિશ્વાસથી ઉત્તર આપે છે.

સંપૂર્ણ વાતાવરણ અસ્વસ્થ વિચારોથી કલુષિત થઇ જાય છે.

## એક પાદરીની સત્ય ઘટના

માફી, દયા, કરૂણા એવા ગુણો છે. તેને અપનાવવાથી વિશ્વાસમનું વાતાવરણ ઊભું કરી શકાય છે. ઇંગ્લેન્ડનો એક પાદરી વિશ્વાસને આધ્યાત્મિક શક્તિ માનતો હતો. તે વારંવાર કહેતો હતો કે વિશ્વાસના સાચા પ્રયોગ દ્વારા બુરા અને ગુનેહગાર માણસોમાં સદ્‌ગુણો ખીલવી શકાય છે.

આ પાદરીના ઘરના દરવાજા હંમેશા ખુલ્લા ખુલ્લા રહેતા, દીન-દુનિયાઓ, ગરીબો, માલદારો દરેક એની પાસે આવતા. દિવસના તો શું રાતે પણ તે મહેમાન નવાજી કરવાનું ન ચૂકતો. જો કોઇ તેના ઘરમાં એક વખત મહેમાન રહી જતો તે તેના

પ્રેમભાવ, સેવા અને મિલનસાર સ્વભાવને કદી ન ભૂલતો.

તે જ નગરમાં એક ગુનેગાર જેલમાંથી છૂટયો. ભયંકર અપરાધી હતો. સાંજ પડી ગઇ હતી. ક્યાં જવું, શું ખાવું, રાત ક્યાં પસાર કરવી વગેરે બાબતોની ચિંતામાં આમતેમ રખડતાં રાત પડી ગઇ. ફરતાં ફરતાં આ અપરાધીએ પાદરીના ઘરનો દરવાજો ખુલ્લો જોયો. અંદર રોશની પણ જોઇ. તે તરત જ ઘરમાં દાખલ થઇ ગયો.

પાદરીએ ઘણા જ પ્યારથી તેનું સ્વાગત કર્યું. ભોજન કરાવ્યું, વિશ્રામ કરવા બિસ્તરો આપ્યો. રાતના સમયે જ્યારે પાદરી સૂઇ ગયો હતો. ત્યારે અપરાધી જાગી ગયો. તેના મગજમાં ચોરીના

વિચારો મંડરાવા લાગ્યા. આવતીકાલે શું ખાઇશ. ઘરે જઇને પત્ની બાળકોને શું મોં બતાવીશ, તેમની શું હાલત હશે. વગેરે વિચારો એને ચોરી તરફ લઇ ગયા. તેણે ઊભા થઇને પાદરીના ઘરમાંથી બે ચાંદીની દીવા મૂકવાની કટોરીઓ લઇ લીધી. ઘરની બહાર નીકળી ગયો. પરંતુ શહેરની ગલીઓમાંથી પસાર થતાં રાત્રી પોલીસના હાથે પકડાઇ ગયો. ચોરી કબૂલી લીધી, છૂટકો જ ન હતો.

પોલીસ તેને પાદરીના ઘેર લાવી. પાદરી સમક્ષ ઊભો કરી દીધો. પાદરીએ કહ્યું “એ તો મારો મિત્ર છે. મેં એને આ ચાંદીની કટોરીઓ ઉપહારમાં આપી છે. છોડી મૂકો એને.”

તે ચોરને છોડી દેવામાં આવ્યો. તેના મનને ધક્કો લાગ્યો. તેના આત્મચક્ષુ ખૂલી ગયાં, પોતાના પાપ ઉપર તેને પસ્તાવો થયો. તે દિવસથી આ અપરાધીએ ચોરી, લૂંટફાટ, જુઠ બધી જ બુરાઇઓ છોડી દીધી. એક સારો નાગરિક બની ગયો. આ છે ભલમનસાઇનો શુભ ચમત્કાર. સારો વ્યવહાર કરવાથી ઘણી વખત બીજાઓના જીવનની દિશા બદલાઇ જાય છે.

## એક મારો અનુભવ

મારી શાળાનો એક તોફાની પરંતુ ભણવામાં કામ આપે એવો વિદ્યાર્થી, ધો. ૭માં ભણે બે ત્રણ વખત પાછલા વર્ગોમાં નાપાસ થવાથી ઉમર પણ ૧૫/૧૬ વર્ષની થઇ ગઇ હશે. ગામ બહાર શાળા

બપોરે સુમસામ. તેને મેં એક ગુનાહિત પ્રવૃત્તિમાં પડતો જોયો. અમારી મિશ્રશાળા હતી. શકમાં પડતાં હું તેની પાછળ ગયો. તેને મેં ઓફિસમાં બોલાવ્યો. મેં વિચાર્યું કે જો હું આ વાતને વધુ પહોળી કરીશ તો તેનાથી કંઇ હેતુ સરવાનો નથી. આ વિદ્યાર્થીનું જીવન બગડી જશે. મેં તેને કહ્યું "જો હું તને માફ કરૂં છું. પ્રથમ ગુનો છે હવે પછી આવું કંઇપણ થવું ન જોઇએ. આ વાત આપણે બે જ જાણીએ છીએ. ત્રીજાને ખબર નહીં પડે." ઘણી જ ભયંકર બાબત હતી.

તે દિવસથી તે વિદ્યાર્થીમાં ધડમૂળથી ફેરફાર થઇ ગયો. બહેનો મને કહેવા લાગી કે સાહેબ હવે તો આ બહુ જ સુધરી ગયો છે. વિવેકી

બની ગયો. ભણવામાં હોશિયાર બની ગયો. અહીં સુધી કે આજે તે સરકારી કર્મચારી છે.

જ્યારે તમે બીજાઓને શુભસંકેતો આપો છો. તેમની સાથે સારો વ્યવહાર કરો છો તો તેઓમાંની ભલાઇને જાગૃત કરો છો. અખલાક, સદ્‌વર્તન અને દયા કરૂણાથી હૃદયની ભલાઇઓ જાગૃત થાય છે. મનુષ્યનો નવોજન્મ થાય છે.

અન્યોના સારા ગુણોને સક્રિય બનાવો. જો આપણને કોઇકમાં કોઇ ભલાઇની વાત, કોઇક સારો ગુણ, કોઇ શ્રેષ્ઠતા દેખાઇ આવે તો તેની ખૂબ જ પ્રશંસા કરો. તમારી આ પ્રશંસા કરવાથી તે વ્યક્તિમાંના રૂહાની ગુણો ખીલી ઉઠશે. તેનો આત્મા જાગૃત થઇ જશે.

વિશ્વમાં ધર્મની દ્રષ્ટિએ, સંપ્રદાયની દ્રષ્ટિએ, જાતિની દ્રષ્ટિએ, પ્રાંત કે રાષ્ટ્રની દ્રષ્ટિએ કોઇપણ રીતે જોતાં કોઇ, એક ધર્મની વ્યક્તિઓ વધુ ખરાબ, બીજા ધર્મની સારી, કોઇ સંપ્રદાયના માણસો વધુ ખરાબ, બીજા સંપ્રદાયના સારા, કોઇ જાતિના લોકો વધુ ખરાબ, બીજી જાતિના સારા, કોઇ એક દેશના લોકો વધુ ખરાબ, બીજા દેશના સારા આવું કદીપણ છે જ નથી. કદી શક્ય બનશે પણ નહિ. સારાપણું કે ખરાબપણું, ગુણ કે અવગુણ, પ્રમાણિકતા કે અપ્રમાણિકતા, દયા કે નિર્દયતા બધું જ દરેક જાતિમાં કે દરેક કોમમાં કે દરેક સંપ્રદાય કે ધર્મમાં એક સરખા પ્રમાણમાં જ હોય છે. આપણે એ દ્રષ્ટિએ

જોતા હોય તો આપણને એવો ભાસ જ થતો હોય છે.

બધામાં સારા ગુણો હોય છે. આવશ્યકતા એવી વ્યક્તિની છે જે લગાતાર પ્રોત્સાહન આપીને વ્યક્તિઓની ભલાઇઓને બહાર લાવે, જાગૃત કરે. દુઃખની વાત તો આ છે કે આપણે કોઇ કોમ કે મઝહબની વ્યક્તિઓની તેમની ખામીઓને કારણે તેમને સજા તો આપીએ છીએ પરંતુ તેમની અંદરની ભલાઇઓની પ્રશંસા કરવામાં કંજૂસાઇ કરીએ છીએ.

જો આપણે વિશ્વાસની સાથે બીજાઓને સારા કહીશું તો ચોક્કસ જ તેઓ સારા બનશે.

તમારા મનને દિલો-દિમાગને ભલાઇ ઉપર લગાવી દો, ચારે તરફ તમને ભલાઇ જ દેખાશે.

પૂણ્યાત્માં હિંદુમાં પણ છે. અને મુસલમાનની અંદર પણ સમાયેલો છે. ન બધા હિંદુઓ ખરાબ છે. ન બધા મુસલમાનો ખરાબ છે. આપણે કોઇપણ કૌમ માટે કોઇપણ પ્રકારની ગ્રંથી ન બાંધી લઇએ. જો ગ્રંથી બાંધી લઇશું તો આપણે કોઇ કોમના ગુણો જોવા માટેના દરવાજા જ બંધ કરી દીધા. પછી આપણને તે કૌમમાં રહેલી ભલાઇઓ કદી નહીં દેખાય. હિંદુ મુસલમાનોના એક બીજાની નજીક આવવાનો રસ્તો જ બંધ થઇ જશે.

સારા અખ્લાક-સદવર્તન હિંદુ-મુસલમાન બંનેમાં છે.

આપણે કેટલા વખત જેવું માનીએ છીએ તેનાથી બિલકુલ ઊલટું હોય છે. છેલ્લા વીસ વરસથી સાંજના નર્મદા કિનારે ફરવા જવાની ત્યાં ખુરસીઓ ઉપર બેસવાની મારી આદત હતી. બધા જ લોકો ત્યાં આવતા હોય છે. વૈષ્ણવ વાણીયાના ત્રણેક યુવાન છોકરા પણ નવરાશ મળતાં ઘણે ભાગે આવતા, અમો એકબીજાને ઓળખતા, સાહેબ સલામ કરતા.

શરદીની મોસમમાં હું મારી આદત પ્રમાણે સાંજે નર્મદા કિનારે ગયો. સુર્યાસ્ત થવા આવ્યો. મેં જોયું તો પેલા વૈષ્ણવ વાણિયા યુવાનો ત્રણે સાથે એક ચોથો છોકરો પણ સાઇકલો ઉપર ખૂબ ફાસ્ટ

દહેજ રોડ ઉપર જતા દેખાયા. રાતના આઠ વાગ્યે મારા સમયે હું તો ઘેર પરત આવ્યો.

બીજા દિવસે જ્યાં હું નદી કિનારે ગયો ત્યાં મેં પેલા યુવાનોને બેઠેલા જોયા. સાહેબ સલામ પછી મેં પૂછ્યું “ગઇકાલે તમો ત્રણ અને એક બીજો યુવાન પણ સાઇકલો ઉપર દહેજ તરફ જતા હતા, રાત સુધી પરત આવેલા પણ ન દેખાયા. મારા આવા પ્રશ્ન ઉપર તેમનો ઉત્તર તેમના જ શબ્દોમાં સાંભળો.

અંકલ અમોએ ચારેયે સાઇકલ હરીફાઇ રાખેલી ૧૦ કિલોમીટર સુધી જવું. અમારો મહોલ્લાનો ચોથો છોકરો પણ સાથે હતો. અમો અહીંથી પસાર થયા અમોએ આપને જોયા હતા.

અમો તો દસની જગ્યાએ પંદર કિલોમીટર સુધી પહોંચી ગયા. ત્યાંથી પરત થતા એટલી જ ફાસ્ટ સાઇકલો ચલાવી. દરેક આગળ પાછળ પાંચ કિલોમીટર પાછા ફર્યા ત્યારે હું અને ઋષિ બંને સાથે થતાં અટક્યા પાછળ જોયું તો ઘણીવાર સુધી આ બંને દેખાયા નહિ. ગભરાયા, રાત, અંધારૂં, ઠંડીમાં પણ અમને પરસેવો થવા લાગ્યો. પ્યાસ પણ લાગી, સૌથી વધારે તો અમને ડર લાગતો હતો. અમોએ એ જ રોડ ઉપર પાછા સાઇકલો ચલાવી આ બંનેની તલાશમાં ગયા. તો આ બંને ચાલતા હતા. સાઇકલો દોરતા હતા. ભેગાં થતાં જાણ થઇ કે એમની સાઇકલની વાલ્વટયૂબ જ ક્યાંક ફેંકાઇ ગઇ છટકી ગઈ. બીજાની સાઇકલનો વાલ્વ ખરાબ થઇ

ગયો. આરમખાણોનો સમય હતો. હજી હમણાં જ શહેરનો માહોલ ખરાબ થયેલ હતો. ગામડાં પણ આ તોફાનોથી પ્રભાવિત થયાં હતાં.

બે કિલોમીટર ચાલીને અમો રોડ નજીકના મુસ્લિમોના ગામમાં ખૂબ જ ડરતા દાખલ થયા. રોડ ટચ નજીકના જ એક ગરીબ ઘરમાં દાખલ થયા. બધી જ હિંમત ભેગી કરી અમારી મુશ્કેલી જણાવી. પ્રથમ તો ઘરના વડીલે અમને કહ્યું “બેટા બેસો તમે હાંફો છો, પોળો ખાવ, થાક ઊતારો.” અમે બેઠા. વડીલે ઘરમાં ચા બનાવવાનો હુકમ કર્યો. પોતાના મોટા છોકરાને કહ્યું કે તારી સાઇકલની વાલ્વટયુબ કાઢી લાવ. અને આ દીકરાની સાઇકલને ફિટ કરી દે. બીજી સાઇકલ માટે ઘરમાંથી વાલ્વ તલાશ કરી

બેસાડી દીધો. અમોએ કહ્યું કે આવતી કાલે તમો સાઇકલ ભરૂચ કેવી રીતે લઇ જશો. તમારૂં કામકાજ, પેલા ઘરવાળા યુવાને અમને કહ્યું કે અરે યાર! એક દિવસ હું રીક્ષામાં જઇશ. પાછા ફરતાં વાલ્વટયુબ લેતો આવીશ. અહીં સુધી કે પંપ લાવી બંને સાઇકલોમાં હવા પણ પૂરી દીધી. એટલામાં ચા આવી આ સાથે ગરમ ગરમ ભજીયા પણ જે ઘરમાં બનતાં જ હતાં સાથે આપ્યાં. હિંમત પણ આપી કે બેટા કંઇ ગભરાવ નહીં હવે ભરૂચ પાચેક કિલોમીટર જ દૂર છે. તમો ૧૫ મિનિટમાં ઘરે પહોંચી જશો."

પેલો યુવાન કહેતો હતો કે "મેં મારા ડેડીને કહ્યું કે આપણી મુસલમાનો પ્રત્યેની માન્યતા તદ્દન ગલત છે. બીજા બે જણે પણ એ જ વાત ઉચ્ચારી

કે આપણને ખોટી રીતે બહેકાવવામાં આવી રહ્યા છે.”

મારો પોતાનો એક અનુભવ વર્ણવું છું. હું શહેરના એક હિંદુ વિસ્તારમાંથી સ્કૂટર ઉપર પસાર થતો હતો. એવો વિસ્તાર કે તોફાન જેવી પરિસ્થિતિ હોય તો કોઇ મુસલમાન તે વિસ્તારમાં કદી ન જાય.

ટ્રાફિક બીલકુલ ન હતો. પાસેની ગલીમાંથી બે ગાયો દોડતી દોડતી મારા સ્કુટરની બીલકુલ આગળ આવી ગઇ. બ્રેક મારવા જેવી પરિસ્થિતિ જ ન હતી. હું બ્રેક મારી શક્યો નહીં. ગાયોથી બચવા મેં સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવી દીધો. હું સાઇડમાં આવેલી ગંદા પાણીની વહેલી ખુલ્લી નીકમાં પડયો.

સ્કુટર પણ ખરાબ થઇ ગયું. ગુંઠણમાં નીચેની સલવારના બંને ભાગો ખરાબ થઇ ગયા.

આસપાસના બધા જ માણસો એકદમ મારી પાસે દોડી આવ્યા. મને ઊઠાવ્યો. સ્કુટર બહાર કાઢયું બાજુના મકાનના ઓટલા ઉપર ખુરશી મૂકી મને બેસાડયો. સ્ત્રીઓ પાણી લઇ આવી યુવાનોએ મારા કપડાં પણ સાફ કર્યાં. સ્કુટર ધોઇ આપ્યું. ચકાસી જોયું. મેં ચા પીધી. પછી મને રવાના કર્યો. બંને પ્રજાઓમાં સારા અખ્લાક, સારા ગુણો, દયા કરૂણા છે જ. આપણે એક બીજાનો વિશ્વાસ સંપાદન કરી તેને જાગૃત કરવાની જરૂર છે.

એક સમય એવો હતો કે આપણા દેશમાં બંને કૌમો હિંદુ-મુસલમાન ખભે ખભા મિલાવીને

દરેક કામ કરતી હતી. એક બીજાના કામોની સંપૂર્ણ જવાબદારી સંભાળી લેતી હતી. અમારી નજીકના એક ગામમાં મારે જવાનું થયું. ત્યાં એક હિંદુ વડીલના ઘેર શાદી હતી. આ વડીલ મારી પાસે બીલકુલ ઇત્મીનાન અને શાંતિથી બેઠા હતા. મને થયું કે હું ખોટા સમયે આવ્યો છું. આ લોકોના કામકાજમાં અગવડરૂપ ન બનું જેથી મેં કહ્યું. "આવતી કાલે આપને ત્યાં શાદી છે. હું તો વગર કામનો માણસ છું. આપ મારી પરવા કર્યા વગર તમારા કામો સંભાળો,. હું બેસી રહીશ અથવા બે ચાર દિવસ પછી આવીશ."

પેલા હિંદુ વડીલ બોલ્યા, "ના ભાઇ! મને કોઇ જ અગવડ નથી. ન તો મારા ઝિમ્મે કોઇ કામ

છે. પછી તેઓએ એક મુસલમાનને બોલાવ્યા. “ઇસ્માઇલભાઇ અહીં આવો” પેલા ભાઇ આવ્યા પછી મને કહ્યું “મેં બધું જ કામ આ ઇસ્માઇલભાઇને સોંપી દીધું છે. લગભગ ૨૦૦૦ માણસોનો જમણવાળો પણ રાખેલો છે. આ કામો તો ઇસ્માઇલ કરે તે બરાબર જ હોય. મારી મોટી દીકરી શોભનાનો શાદી પ્રસંગ પણ સંપૂર્ણ રીતે આ ઇસ્માઇલે જ સંભાળી લીધો હતો.”

આ પણ એક સમય હતો. જ્યાં વિશ્વાસનો જાદુ કામ કરતો હતો. આજપણ એ જ વિશ્વાસના જાદુને ફરીથી સજીવન કરવાનો સમય પાકી ગયો છે. હિંદુ-મુસ્લિમ બંને પ્રજામાંના સમજદાર અને બુદ્ધિશાળી લોકો બહાર આવી પોતાની બુદ્ધિશક્તિનો

ઉપયોગ કરી, સાહિત્ય દ્વારા, ટી.વી. માધ્યમ દ્વારા, અખબાર દ્વારા, રેડિયો દ્વારા જે કંઇ પ્રચાર માધ્યમો અસ્તિત્વમાં છે તેનો ભરપૂર ઉપયોગ કરીને બંને કૌમોના દીલોની કડવાશ દૂર કરવા કટિબદ્ધ થાય તો ઇન્શાઅલ્લાહ કોઇ મુશ્કેલ નથી. કે પાછલો સમય પાછો ન આવે.

જો આપણે મુસલમાનો હિંદુ બિરાદરોના દોષો અને ખામીઓ જ જોયા કરીશું અને હિંદુ બિરાદરો મુસલમાનોના દોષો અને ખામીઓ જ જોયા કરશે તે યાદ રાખો કે એકબીજાના દોષો જ જોયા કરવામાં નુકશાન જ નુકશાન છે.

મુસલમાનો પોતાના દોષો જુએ કે આ આપણા પ્યારા દેશની ધર્મ સ્વતંત્રતાનો કે વાણી સ્વતંત્રતાનો આપણે પોતે જ દુરઉપયોગ કર્યો છે.

આપણે આપણી જીભ ઉપર જરાય લગામ રાખતા નથી. બીજાને ખોટું લાગશે-માઠું લાગશે એમનું દિલ દુભાશે એવો લગીરે ખ્યાલ આપણને આવતો નથી. જેથી આપણે ગુનેહગાર છીએ, દોષિત છીએ આપણે સુધરવાની જરૂર છે.

બીજી તરફ હિંદુ બિરાદરો પણ પોતાને દોષિત સમજી વિચારે કે આપણી ભૂલ ક્યાં થાય છે. આપણે મુસલમાનોને સમજવામાં કેટલા ખોટા છીએ, કેટલા સાચા છીએ. આપણે તેમને જેટલા ખરાબ માની લીધા છે તેટલા તેઓ ખરાબ છે ખરા?

બંને પક્ષે ચિંતનની જરૂર છે. આ જગ્યાએ બ્રહ્મપુરાણનો એક ઘણો સરસ સુવિચાર રજુ કરૂં તો યથાસ્થાને ગણાશે.

**अपकारिषु यः साधुः पुण्यमाक् स उदाहतः।**

**(ब्रह्म पुराण 80/55)**

જે અપકાર (બુરાઇ) કરવાવાળાની ભલાઇ કરે છે. તેને પુણ્યાત્માં કહેવામાં આવે છે.

# (3) યૌમ અલ-કુદ્સ યૌમ અલ-ઇસ્લામ (કુદ્સનો દિવસ - ઇસ્લામનો દિવસ)

સર્વે વખાણ અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા માટે છે કે જે ઝુલમગારોને દૂર કરવાવાળો ઝાલિમોને હલાક કરવાવાળો, ન્યાયથી ભાગનાર દુશ્મનને પકડવાવાળો, મઝલૂમોને મદદ કરવાવાળો, ફરિયાદ કરવાવાળાની જરૂરિયાત પુરી કરવાવાળો, મોમિનોને મદદ કરવાવાળો છે. (દુઆએ ઇફતેતાહ)

પવિત્ર નબી (સ.અ.વ.) ફરમાવે છે :

"જે સવારમાં એવી રીતે જાગે કે તેના દિલમાં મુસલમાનોનું દર્દ ન હોય તો તે મુસલમાન નથી."

# મસ્જિદ અલ-અકસા

મસ્જિદ અલ-અકસા તે પવિત્ર મસ્જિદ છે કે જે મુસલમાનોનો પહેલો કિબ્લો હતો. આ ઇસ્લામની સૌથી મહત્વપૂર્ણ મસ્જિદોમાંથી એક મસ્જિદ છે. નબી (સ.અ.વ.)એ મેરાજની સફર આ મસ્જિદમાંથી શરૂ કરી હતી. આપણા ઘણાં નબીઓ અને રસૂલોની તે ખુતબાગાહ છે.

આ મસ્જિદ અલ કુદ્સ નામી શહેરમાં આવેલી છે જેને યહૂદીઓએ બળજબરીથી પચાવી પાડી છે અને શહેરનું નામ પણ બદલીને જેરૂસલેમ રાખી દીધું છે.

# ઝીયોનીસ્ટ કાવતરાઓ

૧.યહુદીઓ અલ-હરમ અલ-શરીફ ઉપર કબજો મેળવાના પ્રત્નો કરી રહ્યાછે; જ્યારથી હરઝલ (વર્લ્ડ ઝીયોનીસ્ટ ઓર્ગેનાઇઝેશનનો સ્થાપક) એ ૧૮૯૭માં પહેલા ઝીયોનીસ્ટ અધિનવેશનમાં કહ્યું : **“જો મને જરૂસલેમનો કબજો મળે તો ચોક્કસ પણે હું પવિત્ર સ્થળો કાઢી નાખીશ સિવાય કે યહુદીના.”** યહુદી ઇતિહાસકાર ડૉ. ઇસરાઇલ અલદાદ ટાઇમ્સ નામના સમાચાર પત્રને પોતાની મુલાકાત આપતાં ઉપરની વાતને ટેકો આપતાં જણાવે છે કે “ઇઝરાયલે પોતાની મૂળ જગ્યા ઉપર સિનેગૉગ બાંધવું જોઇએ.” જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કેવી રીતે? તો તેમણે જવાબ આપ્યો કે એક ભૂકંપ

પણ આવી શકે છે અને સંપૂર્ણ પ્રદેશને બદલી શકે છે. આમ જોતાં, ઇઝરાઇલે આ કાર્ય પ્રણાલી અમલમાં મૂકી દીધો છે જ્યારથી તેઓએ આ શહેર (અલ-કુદ્સ) ઉપર કબજો મેળવ્યો છે.

૨.માઇકલ રોહન કે જે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસી હતો, તેણે ૨૧ ઓગષ્ટ ૧૯૬૯ના દિવસે હરમે શરીફને આગ દ્વારા રાખ કરી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. પરિણામ સ્વરૂપ સલાદિનનું મિમ્બર અને મસ્જીદનો દક્ષિણ પૂર્વ તરફનો ૧૫૦૦ ક્યૂબિક મીટર સુધીનો ભાગ બળીને રાખ થઇ ગયો હતો. અંદાજે નુકસાન ૪૪૦૦ ક્યુબિક મીટર એટલે કે સંપૂર્ણ મસ્જીદનો ત્રીજો ભાગ નુકસાન પામ્યો હતો. ઇઝરાઇલી ફોજોએ પાણીની લાઇન કાપી નાખી હતી અને

અગ્નિશમન દળોને સમયે ઘટના સ્થળ ઉપર પહોંચતા રોક્યા હતા.

૩.આ ઉપરાંત અલ અકસામસ્જિદમાં બોમ્બ ધમાકા કરવાના ઘણાં પ્રયાસો થયા છે :

ઇઝરાયેલી ફૌજોએ ૧૯૮૦માં મે મહિનામાં અલ-અકસા મસ્જિદની બાજુમાં સ્ફોટકોનો જથ્થો પકડી પાડયો. પાછળથી જાણવા મળ્યું કે આ કામ ઇઝરાયલી આતંકવાદી મીએર કહાનાનું હતું.

આરબ ફોજે ૪૯ યહૂદીઓને પકડી પાડયા જેમની પાસે ભરપૂર માત્રામાં સ્ફોટકો હતા. પરંતુ બીજા જ દિવસે એટલે કે ૧૧ માર્ચ ૧૯૮૩માં બધાને મુક્ત કરી દેવામાં આવ્યા.

૩૦ જાન્યુઆરી ૧૯૮૪ના દિવસે મોટા કોળા નામના ફળની અંદર ત્રણ બોમ્બ સંતાડી વિસ્ફોટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

જયારે શ્રી હેલમેટ ખોલ જર્મનીની વિદ્યાપીઠના કુલાધિપતિ ૧૯૮૫માં હરમે શરીફની મુલાકાત લેવા આવવાના હતા તે દિવસે આરબ ફોજોએ વૃક્ષની ડાળીઓમાં સંતાડવામાં આવેલો મોટા પ્રમાણમાં સ્ફોટકોનો જથ્થો પકડી પાડયો.

કેરયતે આરબના ઉદામ વાદિઓનો એક સમૂહ શસ્ત્રો સહિત મસ્જિદે અકસાના દરવાજા ‘બાબે સિલસિલેહમાં' દાખલ થયા અને ચોકીદારો સાથે નાની લડાઇ લડી.

ઇઝરાયલી સૈનિક એલી જેથમન મસ્જિદમાં દાખલ થઇને, ત્યાં બે ચોકીદારોને કતલ કરી નાખ્યા. આ બનાવમાં કુલ ૯ લોકો શહીદ થયા હતા અને ૧૩૬ લોકો ઘાયલ થયા હતા.

સૌથી ભીષણ કત્લેઆમનો બનાવ ૮ ઓક્ટોબર ૧૯૯૦માં બન્યો જ્યારે ઇઝરાયલી સૈનિકોએ ઇબાદતમાંમશ્ગૂલ ૨૦ લોકોને શહીદ કરી નાખ્યા અને ૧૧૫ લોકો ઘાયલ થયા કારણ કે સિનેગોગના ટ્રસ્ટીઓને હયકલની પાયાવીધી કરવી હતી.

## આંતર રાષ્ટ્રીય કુદ્સ દિવસ

માહે મુબારકે રમઝાનનો છેલ્લો જુમ્આનો દિવસ કહેવાય છે. ઝુલ્મીઓનો વિરોધ કરવાનો

દિવસ અને મઝલૂમોને સાથ આપવાનો દિવસ. આપણે પણ મસ્જિદે અકસાને અપવિત્ર કરનારનો અને તેની જગ્યાએ ઇઝરાયલ દ્વારા સિનેગોસ ઉભું કરવાના નાપાક ઇરાદાનો વિરોધ કરવો જોઇએ.

કુદ્સના દિવસનું મહત્વ ઇમામ ખોમૈનીના સંદેશા સિવાય કોણ સારી રીતે સમજાવી શકે કે જે તેમણે પોતે ૭ ઓગષ્ટ ૧૯૭૯ દિવસે નીચે મુજબ આપ્યો હતો અને જે સંદેશ આજની દુનિયાને આજે પણ એટલો જ સ્પર્શે છે.

શરૂં કરૂ છું અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે

“ઘણાં વર્ષોથી હું મુસલમાનોને તેઓના પ્રદેશ પચાવી પાડનાર ઇઝરાયલના ભયથી

આગાહ કરી રહ્યો છું કે જેઓ અત્યારે પેલેસ્ટાઇનમાં રહેતા ભાઇઓ અને બહેનો ઉપર ખાસ કરીને દક્ષિણ લેબનોન ઉપર જંગલીયતથી અત્યંત ભીષણ હુમલાઓ કરી રહ્યા છે અને પેલેસ્ટાઇન વાસીઓના ઘરોને બોમ્બ વિસ્ફોટો દ્વારા કચડી રહ્યા છે, દુનિયાના દરેક મુસલમાનો અને મુસલમાન સરકારોને કહું છું તેઓ એકત્ર થાય અને ઇઝરાયલ અને તેને સમર્થન આપનારાઓના હાથ કાપી નાખે. હું દુનિયાના મુસલમાનોનેઆવાહન કરૂં છું કે માહે મુબારકે રમઝાનના છેલ્લા જુમ્આના દિવસને કુદ્સનો દિવસ સમજે કે જે પેલેસ્ટાઇન વાસીઓના ભવિષ્યને નક્કી કરે. દુનિયાના દરેક ખૂણામાં રહેતા મુસલમાનોએ પ્રદર્શન કરવું જોઇએ અને મુસલમાન

ભાઇઓની ન્યાયિક અધીકારોની લડતમાં સાથ આપવો જોઇએ.”

આ તે દિવસ છે જ્યારે દરેક મઝલૂમો દુનિયાના ઝાલિમો વિરૂદ્ધ એકત્ર થાય છે, અત્યાચાર અને ઝુલ્મો પ્રત્યે અવાજ બલંદ કરે છે, અને ઝુલમીઓને ઝુલ્મ બંધ કરવાનો સંકેત આપે છે.

**ઇમામ ખોમૈનીના શબ્દોમાં** : કુદ્સનો દિવસ તે દિવસ કે જ્યારે મહાન શક્તિઓને ચેતવણી આપવામાં આવે છે કે તેઓ ઘરે બેસી રહે અને મઝલૂમોને એકલા મૂકી દે. ઇઝરાયલ માનવજાતિનો દુશ્મન, માનવતાનો દુશ્મન કે જે દરેક દિવસે તણાવામાં વધારો કરે છે અને દક્ષિણ લેબનોનમાં રહેતા આપણાં ભાઇઓ ઉપર હુમલાઓ

કરે છે. તેને કદી પણ અમે અમારા માલિક રૂપે સ્વીકાર કરીશું નહિ, તેમણે આવો ઝુલ્મ બંધ કરવો જોઇએ. તેમણે પોતાની ઇરાનને બદલવાની આશાવાદી રચના છોડી દેવી જોઇએ. અને દરેક ઇસ્લામી દેશોમાંથી તેમના પ્રતિનિધિઓને દૂર કરવા જોઇએ. કુદ્સનો દિવસ આવી વાતોનો એલાન કરવાનો દિવસ છે કે જેઓ ઇસ્લામી રાષ્ટ્રોને નાબૂદ કરવાના પેંતરા રચી રહ્યા છે. કુદ્સનો દિવસ તેમની આશાઓ ઉપરપાણી ફેરવવાનો દિવસ છે. અને તેમને ચેતવવાનો દિવસ છે કે તેમના દિવસો ખત્મ થઇ ગયા છે.

# શહીદ મોહમ્મદ અલ દુર્રાની માતા સાથે મુલાકાત (ઇન્ટરવ્યુ)

(એક બાર વર્ષનો બાળક જેને ઇઝરાઇલી હત્યારાઓએ શહીદ કર્યો.)

**રીપોર્ટર** : શું તમે ઇચ્છશો કે તમારૂ આ (ગર્ભમાં રહેલું) બાળક મોટું થઇને ઇઝરાઇલીઓ વિરૂદ્ધ જંગ કરે?

**માતા** : એ શરતે કે કબ્જો (હક) છે, પ્રતિકાર ચાલુ રહેવો જ જોઇએ. હું મારા સંતાનોને "ઇન્તીફઝા"માં જોડાવવા માટે દબાણ કરતી નથી. પણ વતન તેમને તેના માટે પુકારી રહ્યું છે. બાળકો ટીવી જુએ છે અને પોતે જ પરિસ્થિતિનો અભ્યાસ કરે છે. તેમના માટે (સમગ્ર) ચિત્ર સ્પષ્ટ છે.

**માતા** : મારો પુત્ર અમસ્તો જ નથી મૃત્યુ પામ્યો. તેની કુરબાની અમારા વતન પેલેસ્ટાઇન માટેની કુરબાની હતી.

**મોહમ્મદના પિતા જમાલ** : મારો ફરઝંદ “અલ અકસા” મસ્જિદને ખાતર મૃત્યુ પામ્યો છે.

**માતા** : મારા બીજા મોહમ્મદ અલ દુર્રાનીને પૃથ્વી પર લાવવાનો છે. હું તેના નામને પુનર્જીવિત કરવા માંગુ છું અને શેરોન તથા ઇઝરાઇલી સૈનિકોને બતાવવા માંગું છું કે ભલે મોહમ્મદ મોતને ભેટી ગયો, અમે બીજા ઘણાં મોહમ્મદને જમીન પર ઉભા કરી દઇશું. તેઓ અમારો અંત નહીં લાવી શકે. પેલેસ્ટાઇનની અનેક સ્ત્રીઓ જેમના દીકરાઓને મારી નાખવામાં આવ્યા છે, તેઓફરીથી સગર્ભા

બની ચૂકી છે. આપણે વતનને ખાતર લડવા માટે ઘણા બાળકોની કુરબાની દેવાની છે.

## કુદ્સનો દિવસ અને આપણી જવાબદારીઓ

પવિત્ર નબી (સ.અ.વ.) ફરમાવે છે :

"ખરેખર તે મુસલમાન નથી કે જે મુસલમાનોની મદદ માટેના પુકારો સાંભળે છે પરંતુ તેનો જવાબ દેતો નથી."

ઇમામ ખોમૈનીની ઉપરના ખુત્બા પરથી આ વાત સ્પષ્ટ થઇ જાય છે કે ઇઝરાયલની સ્થાપના એક ષડયંત્ર-કાવતરૂં છે. જેમાં સંપૂર્ણ મધ્યપૂર્વ અને મુસલમાનોના તમામ પ્રદેશ અને દ્રવ્યો ઉપર કબ્જો મેળવવા માટે અને મુસલમાનોને ગુલામ બનાવી અત્યંત ગુલામીમાં રાખવા માટે થઇ છે. જો આપણે

ચુપ રહીશું તો ખરેખર આપણે ઇઝરાયલને મદદ કરી રહ્યા છીએ કે જેણે પચાસ વર્ષથી પેલેસ્ટાઇન વાસીઓ ઉપર ક્રુર હત્યાઓ કરી, તેમની ભૂમિ પચાવી પાડી, તેમને અલગ અલગ રીતે પેલેસ્ટાઇનની વસ્તીઓ નષ્ટ કરવા આતંકવાદની અત્યંત ઘાતકી રીત અમલમાં મૂકી કે જેથી તેઓ તેમની સત્તા નીલ નદીથી ફુરાત નદી સુધી વિસ્તારી શકે.

ગત વર્ષમાં લેબનોન ઉપર હુમલાઓમાં ઝીયનીસ્ટ રાષ્ટ્રનું એક કાવતરૂં હ તું કે જે હિઝબુલ્લાહે નાકામ બનાવી દીધું. આ વિજય, મઝલૂમોનો વિજય ‘શસ્ત્રો ઉપર ઇમાનનો વિજય છે' કે જેણે મહાન શક્તિની દંતકથા કે જેમાં તેણે

ઝીયોનીસ્ટોનો રૂઆબ અને તેમના ઘમંડને લેબનોન વાસીઓએતેમની એકતાથી તોડી નાખ્યો.

આ દિવસ અલ્લાહ અને તેના નબી (સ.અ.વ.)ને વલી જાહેર કરવાનો દિવસ છે. આ દિવસ અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર કરવાનો દિવસ છે કે જેથી આપણે બધા અન્યાય અને ઝુલ્મ સામે એકઠા થઇએ. અલ્લાહતઆલા ફરમાવે છે.

તમે સર્વોત્તમ ઉમ્મત છો કે જેમને ઇન્સાનોની હિદાયત માટે પેદા કરેલ છે, તમે નેકીની હિદાયત કરો છો અને બુરાઇથી મના કરો છો અને ખુદા ઉપર ઇમાન લાવ્યા છો, અને જો એહલે કિતાબના લોકો ઇમાન લાવે તો તેમના માટે

તે સારૂં છે તેમનામાં થોડા મોમિન છે અને ઘણાં ખરા ધર્મ વિરૂદ્ધ ચાલનારાઓ છે.”

(સૂ. આલે ઇમરાન, આ. ૧૧૦)

**ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :**

“એક મુસલમાનનો બીજા મુસલમાન ઉપર અધિકાર છે કે તે ક્યારેય પણ પેટ ભરીને ન ખાય જ્યાં સુધી તેનો ભાઇ ભૂખ્યો હોય, પોતાની પ્યાસ ત્યાં સુધી ન છિપાવે જ્યાં સુધી તેનો ભાઇ પાણી ન પી લે અને ત્યાં સુધી સારો પોષાક ન ખરીદે જ્યાં સુધી તેનો ભાઇ પોતાનું શરીર ન ઢાંકી લે.”

શું આપણે ચુપ બેસી શકીએ? જ્યારે કે રોજ પેલેસ્ટાઇનમાં આપણા ભાઇ બહેનોને હેવાનિયત અને ક્રુરતાપૂર્વક મારી નાખવામાં

આવતા હોય એ તેમના ઘરોને ઇઝરાયલની વસાહતો માટે તોડી પાડવામાં આવતા હોય.

શું આપણે ચુપચાપ ઉભા ઉભા તમાશો જોતા રહીશું? કેમાસૂમ બાળકોને કેવી રીતે આધુનિક શસ્ત્રોના શિકાર બનાવવામાં આવી રહ્યા છે?

શું આપણે ચુપ રહીશું? જ્યારે કે આપણા મુસલમાન ભાઇઓ રડી રહ્યા છે તેમની સાથે ક્રુરતાપૂર્વકનો વ્યવહાર થઇ રહ્યો છે અને જબરજસ્તી તેમના આશ્રય સ્થાનોમાં રહેવાની ફરજ પાડવામાં આવી છે?

"આપણે મુસલમાન સર્વોત્તમ ઉમમત છીએ કે જેમને માણસોના ફાયદા માટે ઉછેર કરવામાં આવ્યો છે."

અને આ નિર્ણય સાથે આપણે ઘરોમાંથી બહાર નિકળીએ કે ઝાલિમ ઇઝરાયલ અને તેનો માલિક અમેરીકા વિરૂદ્ધ પ્રદર્શન કરીએ.

ચાલો આ નિર્દંગનમાં ભાગ લઇએ અને મઝલૂમ પેલેસ્ટાઇનવાસીઓ માટે આપણાંથી બને તેટલું કરીએ અને ઇઝરાયલના હાથોમાંથી મસ્જિદે અકસાને બચાવીએ.

તેથી કુદ્સનો દિવસ ઝુલ્મગારો સામે વિરોધ કરવાનો દિવસ છે. આપણે જાણવું જોઇએ કે આપણે ગુન્હગારોનો સામનો કરી રહ્યા છીએ કે, જે અલ્લાહની ભુમિ ઉપર માસૂમ લોકોને કત્લ કરી રહ્યા છે.

બધાં જ ભેદભાવો ભૂલી આ દિવસે સંપૂર્ણ એકતા સ્થાપવી જોઇએ કારણકે આપણાં દુશ્મનો આપણી વિરૂદ્ધ એકત્ર થયા છે. જો દરેક મુસલમાન આ પચાવી પાડનાર રાષ્ટ્ર સામે એકત્ર થઇ જશે તો તે દિવસ દૂર નથી કે આપણે પહેલો કિબ્લો બૈતુલ મુકદ્દસ ઇસ્લામના દુશ્મનોથી અને માનવતાના દુશ્મનોથી આઝાદ થઇ જશે અનેપેલેસ્ટાઇન વાસીઓ પોતાના ઘરોમાં આરામથી રહી શકશે.

"ખુદાવંદા! તેમના ઝરીઆથી અમારી પૃથકલાને દૂર કર, અમારી કૌમને એકત્ર કર, અને ઝિલ્લતને ઇઝ્ઝત થકી બદલી નાખ, તેમના વસીલાથી અમારી ગરીબી દૂર કર, અને કર્ઝ અદા કર કર્ઝદારોનો, મારી ફકીરી અને દુઃખ દૂર કર,

તેમના દ્વારા અમારી વચ્ચેના ભેદભાવને દૂર કર અને આસાન કર અમારી મુશ્કિલોને... અને રૌશન કર અમારા ચહેરાઓને, અને દૂર કર તેમના વસીલાથી અમારી ગુલામીને, અને અમારા મકસદોમાં કામયાબી અતા ફરમાવ, અને તેમના થકી અમારા વાયદા પૂરા ફરમાવ, અને તેમના વસીલાથી અમારી દોઆઓ કબુલ ફરમાવ... તેમના સબબથી શીફા દે અમારા દિલોને, ગમ અને ગુસ્સાને અમારા દિલોમાંથી તેમના વસીલા થકી નાબૂદ ફરમાવ, અને હિદાયત ફરમાવ તેમના સબબથી જે વસ્તુમાં ઇખ્તેલાફ કરવામાં આવી રહ્યો હોય. હક્ક બેશક તું હિદાયત કરે છે, જેને ચાહે છે તેને સીધા રસ્તા તરફ.”

(દોઆએ ઇફતેતાહ)

## (૪) “તાલિબાન” એક હકીકત અને ઓળખ

ગળામાં કુર્આન નાખીને ચાલવાવાળા અને બેગુનાહ ઇન્સાનોના ગળા કાપનારા તાલિબાનોમાં તફાવત.

ઇ.સ. ૧૯૯૦ના દસકના શરૂઆતના વરસોમાં અફઘાનિસ્તાનના વિષયમાં જે ખબર મીડિયામાં છપાવવાની શરૂઆત થઇ તેમાં તાલિબાનના નામથી એવા અફઘાનીઓની ઓળખ આપવામાંઆવી જેઓ ગળામાં કુર્આન લટકાવીને જે બાજુ પણ નીકળી જતા હતા. જીત એમના કદમ ચૂમતી હતી. શહેરો અને ગામડાઓ ફતેહ કરતા જતા હતા. એક પછી એક શહેરો અને સૂબાઓ-પ્રાંતો એમના કબજામાં આવતા ગયા. અફઘાન

પ્રજાએ પણ એમને આવકાર આપ્યો. વળી જે કોઇ તે વખતના હાકેમો હતા તેમનું પણ આ તાલિબાનની સામે કંઇપણ ચાલ્યું નહિ.

દાઢીવાળા યુવાનોની આ એક ઘણી મોટી જમાત હતી જેઓ અફઘાનિસ્તાનથી હિજરત કરી પાકિસ્તાનના સરહદી ઇલાકાઓમાં વસ્તા અફઘાન હિજરતી હતા. લાખોની સંખ્યામાં અફઘાન પ્રજા રશિયાના આક્રમણ વખતે પાકિસ્તાનમાં મુહાજિર બનીને આવી હતી. મુહાજિરની હાલતમાં આ લોકોએ પાકિસ્તાનના મદ્રસાઓમાં તાલીમ મેળવી હતી. મુસલમાનો પોતાની ઝકાત જે અલ્લાહના વાજિબ હુકમોમાંથી છે તે રકમ ગરીબોના પાલન પોષણમાં ખર્ચ કરે છે. અમૂક સ્થાપિત હિતોએ

મુહાજિરોને પાલવવા માટે ઝકાતનો ઉપયોગ કરી અહીં મદ્રસાઓ ઊભા કરી દીધા. આ મુહાજિરોની સંખ્યા શરૂ શરૂમાં ૩૦/૩૦ લાખ જેટલી હતી તે વધીને ૪૦/૪૦ લાખ અને ૫૦/૫૦ લાખ સુધી પહોંચી હતી.

અત્યારે પણ આપણા રાષ્ટ્રીય પેપરો સંદેશ, લોકસત્તા, મુબઇ સમાચાર, ગુજરાત મિત્ર, ગુજરાત સમાચાર વગેરે પેપરોના બધા જ કટાર લેખકો વારંવાર પોતાના કટાર લેખોમાં સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે આતાલિબાનોનો અકીદો એહલેહદીસ, દેવબંદી-તબ્લીગી છે. આ બાબતનો ઉલ્લેખ અંગ્રેજી પેપરો ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન

એક્ષ્પ્રેસમાં પણ સ્પષ્ટ રીતે થયો છે, કે તાલિબાનો અકીદે એહલે હદીસ, અથવા દેવબંદી-તબ્લીગી છે. ખૈર એમનો જે અકીદો હોય તે, આપણને તેની સાથે કંઇપણ લાગતું વળગતું નથી. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે તાલિબાન એટલે પાકિસ્તાનના મદ્રસામાં તાલીમ પામેલો અફઘાની મુહાજિર.

રશિયાની કોમ્યુનિસ્ટનો છેલ્લો અફઘાન પ્રમુખ નજીબુલ્લાહને હટાવવા પછી જુદા જુદા અફઘાન મુજાહિદીન ગ્રુપો પ્રભુત્ત્વ માટેની અંદરોઅંદર ખાનાજંગીથી અફઘાન પ્રજા ત્રાહિમામ પોકારી ચુકી હતી. અફઘાનિસ્તાનમાં ચાલતી પ્રભૂત્વની જંગમાં ત્રીજા ગ્રુપ તરીકે સામેલ થયેલા આ તાલિબાનો જ્યાં પણ ગયા ત્યાં કામ્યાબ રહ્યા.

ઇસ્લામી હુકુમત સ્થાપવાની જાહેરાત કરીને સમગ્ર અફઘાનિસ્તાનને પોતાના કંટ્રોલમાં લેવાની કોશિશ શરૂ કરી દીધી. પોતે ફતેહ કરેલા ઇલાકાઓમાં સ્થાયિત્વ મેળવતા સુધી કોઇ વિરોધી પ્રોપેગેંડો તેઓની સામે આવ્યો નહિ. પરંતુ થોડુક પ્રભૂત્વ પ્રાપ્ત થવાની સાથે જ ગળામાં કુર્આન નાખીને ચાલતા આ તાલિબાનોએ લોકોના ગળા કાપવાના શરૂ કરી દીધાં.

ધીરે ધીરે આ લોકોએ કત્લોગારતનો એક એવો સિલસિલો શરૂ કરી દીધો, જેનું વર્ણન કરતાં કલમ ધ્રુજી ઊઠે છે.પોતાના આશ્રયસ્થાન પાકિસ્તાનમાં (મેઝબાન દેશમાં) તેમનો જ પ્રભાવ હતો. તેનો ફાયદો ઊઠાવીને ત્યાં પણ તેમણે કતલ

અને આતંકવાદનો અણથંભ્યો સિલસિલો શરૂ કરી દીધો. વળી આ લોકો ઘમંડ અને ગુરૂરમાં એવા છક અને છાકટા થઇ ગયા કે ઇસ્લામી જમહૂરિયે ઇરાનને પણ આંખો બતાવવાનું શરૂ કરી દીધું.

નવાઇ પમાડે એવી દિલચસ્પ વાત આ છે કે તાલિબાનના પ્રભૂત્વ દરમ્યાન વિશ્વના ફક્ત ત્રણ દેશો એવા હતા જેમણે તાલિબાનની ઇસ્લામી હુકુમતને માન્યતા બક્ષી હતી. (૧)પાકિસ્તાન (૨) સઉદી અરબ (૩) અરબ અમીરાત. તે સિવાય વિશ્વના એકપણ દેશે તાલિબાનને અફઘાનિસ્તાનના હાકેમ તરીકે સ્વીકાર્યા ન હતા. આ બધી જ વાતો દરરોજના મીડિયામાં સમાચાર માધ્યમોમાં તથા

ચેનલો ઉપર અનેક વખત ચર્ચાઇ ગયેલી વાતો છે. જેની યાદદાસ્ત હું વાંચકોને તાજી કરાવી રહ્યો છું.

જો કે અમેરિકા અને બીજા યુરોપીયન દેશોનો પણ તાલિબાનો સાથે સંબંધ હતો. છતાંય સરકારી પધ્ધતિએ તાલિબાનની હુકુમતને માન્યતા આપવાની તેઓને જરૂરત ન જણાય. અલબત્ત જે ત્રણ દેશોએ તાલિબાનની હુકુમતને સરકારી ધોરણે માન્યતા આપી હતી. તે દેશોની રાજ્યવ્યવસ્થા, શાસન પધ્ધતિ પર દૃષ્ટિપાત કરવામાં આવે તો તેઓનો કંઇપણ સામ્ય દેખાતું નથી. અલબત્ત આ ત્રણે દેશોમાં જો કોઇ સરખાપણું હતું તો આત્રણે દેશોના શાસકો અમેરિકાના ઓશિયારા, દબાયેલા, અમેરીકાના નોકરો જેવા હતા. (આજે પણ એ જ

હાલત છે) આ દેશોની જનતા અમેરીકન દુશ્મનીના કારણ, તાલિબાન સાથે હતી. જેથી આ ત્રણ દેશોએ અફઘાનિસ્તાનના તાલિબાનની શાસનને પોતાની સરકાર દ્વારા માન્યતા આપી દીધી. જનતાના દબાવવશ આ શાસકોએ આવું કરવું જરૂરી હતું.

અમેરીકાએ ઉપયોગમાં લઇ લીધેલા એક ટિશુપેપરની જેમ તાલિબાનને ઇતિહાસની કચરાપેટીમાં નાખી દીધા. ત્યારે સઉદી અરબ, અરબ અમીરાત અને પાકિસ્તાને પોતાના વલણમાં ફેરફાર કરીને તાલિબાનની હુકુમતને માન્યતા આપવી પડી. આ સમય દરમ્યાન મુસ્લિમ હુકુમતોમાં મઝહબી તાલીમ લેતા તાલિબે ઇલ્મોને પણ અફઘાનિસ્તાનમાં પોતાની ઉજ્જવળ ભવિષ્ય

દૃષ્ટિમાન થતું હતું. મુસ્લિમ દેશોના મદ્રસાના વિદ્યાર્થીઓને પોતાના ફાયદા દેખાતા હતા જેથી દીની મદારિસના હજારો તાલિબાનો પોતાના દેશોના કંટ્રોલમાંથી બહાર આવી ગયા. અફઘાનિસ્તાનમાં પાકિસ્તાની અને અમેરિકી સૈન્ય દ્વારા તાલિબાન ઉપરના હુમલાના વિરોધમાં દીની મદારિસના તાલિબે ઇલ્મો પોતપોતાના દેશોમાં બોમ્બ ધમાકાઓ અને આત્મઘાતી હુમલાઓ કરવા લાગ્યા. જેનાથી આજ બધા જ પરેશાન છે.

આ તાલિબાન નામની ફોજને ઇસ્લામ સાથે કોઇ લેવા દેવા ન હતી. ધ્યેય ફક્ત રશિયાને હટાવવું, કાઢીમૂકવું. તે પણ અમેરિકાની મદદ દ્વારા.

અમેરિકા તરફથી કામ કરનારા આ તાલિબાનો અમેરિકન ધ્યેયને પૂર્ણ કરવા કામ કરતા હતા.

વહાબી વિચારધારા આ લોકોમાં પ્રચલિત થતી જતી હતી. એમનો મોટો ભાગ એહલેહદીસ અને દેવબંદી વિચારસરણીને અનુસરનાર હતો. કુલ નવ વર્ષ રશિયન સેનાઓ અફઘાનિસ્તાનમાં રહી. છેલ્લા ચારેક વર્ષના આ લોકો સાથેના સંઘર્ષ પછી રશિયા તૂટી ગયું. એના સોવિયેટ સંઘ કહેવાતાં ૧૫ રાજ્યો છૂટાં પડી ગયાં અને રશિયનો અફઘાનિસ્તાન છોડી ગયા.

તાલિબાને સત્તાના સુત્રો સંભાળી લીધાં. થોડાક જ મહિનાઓમાં આ લોકોએ ઇસ્લામને પણ ઉતારીને ફેંકી દીધો. આ વહાબી અતિ ક્રુર-ઘાતકી

લોકોએ ઇસ્લામના નામથી મુસ્લિમ સમાજ ઉપર, સ્ત્રીઓ ઉપર, બાળકો ઉપર, પોતાનાથી અલગ વિચારધારા ધરાવનાર ઇસ્લામના બીજા ફિરકાઓ ઉપર ઝુલમો કરવાનું શરૂ કર્યું. અવ્યવસ્થિત જંગાલીયત જેવી દાઢીની અતિ લંબાઇ ધરાવતા અને પાઘડી પહેરતા આ જાહિલ લોકોને ઇસ્લામ વિષયમાં કંઇપણ જ્ઞાન ન હતું. અમેરિકન કેમ્પોમાં અમેરિકન ધ્યેય માટે ફક્ત બંદૂક ચલાવવાનું જ શીખેલા આ તાલિબાનોએ પોતાના દેશમાં ઇરાની વિદેશ કચેરીના ૨૦ થી વધુ નિર્દોષ અધિકારીઓને કશા જ કારણ વગર ફક્ત તેમનો અકીદો શીયા છે. માટે મારી નાખ્યા. તેઓને તેમનો ઓફિસ રૂમોમાં ટેબલખુરશી ઉપર બેઠાં બેઠાં જ શહીદ કરી દીધા.

વળી દિવસો સૂધી તેમના શબો પણ ઇરાની ગવર્નમેન્ટને ન આપ્યાં.

જ્યારે ઇરાને ચાર લાખનું સૈન્ય સરહદ ઉપર ઊભું કરી દીધું અને એમની મોત યકીની દેખાઇ ત્યારે આ ઘાતકી શાસકો પેલા મઝલૂમની મય્યતો તેમને આપી.

આ સિવાય દાઢીના મુદ્દે આ જાહિલોએ અનેકને હેરાન પરેશાન કર્યા છે. બ્યુટીપાર્લરો બંધ કરાવ્યા છે. હજામોને પણ દાઢી મૂંડતા ગોળીએ દીધા છે. વગર પડદાની સ્ત્રીઓ ઉપર પણ ઘાતકીપણે ઝુલમો કર્યા છે. તેમના ચહેરા ઉપર એસિડ છાંટવા જેવાં ક્રુર કાર્યો પણ આ જાહિલોએ કર્યાં છે.

પોતાના અકીદા સિવાયના વિરૂદ્ધ અકીદાના માણસોને મોતને ઘાટ ઉતાર્યા છે. ટેલિવિઝન ઉપર પ્રતિબંધ મૂક્યો. ટેલિવિઝન રાખનારાઓના ઘરોને સળગાવ્યાં. ઇસ્લામના નામે ચિત્રવિચિત્ર ફેંસલાઓ આપી સમગ્ર વિશ્વમાં ઇસ્લામને બદનામ કર્યો છે.

આ કૂવાના દેડકાંઓએ બોદ્ધ ધર્મને માનનારા લોકોના ભગવાન બુદ્ધની અતિ પુરાણી પ્રતિમાઓ જેની કોઇ પૂજા પણ કરતું ન હતું જે સેંકડો વર્ષોથી અપૂજ્ય હતી. પહાડોમાં પડી હતી તેમનો બોંબ નાખી નાશ કર્યો. સમગ્ર વિશ્વમાં આ બાબતનો ઉહાપોહ થયો કે આ કેવો ધર્મ?

જો કોઇ બહુમતિ મઝહબી દેશ પોતાના દેશની લઘુમતિના પૂજા સ્થાનોનો નાશ કરતો હોય

તો આ જ લઘુમતિ બીજા અન્ય દેશોમાંબહુમતિ છે તો શું ત્યાં પેલા બહુમતિ દેશના પુજા સ્થાનો સલામત રહેશે? દૃષ્ટાંતરૂપે પાકિસ્તાન કે અન્ય મુસ્લિમ દેશમાંથી જો ચર્ચને તોડી પાડવામાં આવે તો ઇંગ્લેન્ડ કે અન્ય યુરોપીયન-ક્રિશ્ચયિન દેશોમાં મસ્જિદો છે તેનું શું થશે? આ બાબતનો આપણે વિચાર કર્યો છે ખરો?

પેગંબરે ઇસ્લામે કોઇપણ મઝહબના પુજાસ્થાનોને તોડવાનો હુકમ કદી નથી આપ્યો. ન તો કુર્આનમાં આવો કોઇ હુકમ મળશે કે અન્ય ધર્મોના પુજા સ્થાનોને તોડી નાખો. અહીં સુધી કે અન્ય ધર્મોના બુઝુર્ગ લોકો સંતપુરૂષો કે તેઓના પૂજનીય ગણાતા લોકોને પણ સારા નામથી યાદ

કરો. જો તમે એમ નહીં કરો તો તેઓ તમારા ધર્મના બુઝુર્ગોને સંત પુરૂષોને અહીં સુધી કે અંબિયાએકિરામને બુરા નામથી યાદ કરશે. વાંચો (સૂરએ અહઝાબ)

મને આશ્ચર્ય તો તે દીનદાર ગણાતા મુસલમાનો ઉપર થયું કે જ્યારે ટી.વી. ઉપર બુદ્ધની પ્રતિમાઓને તૂટતી જોઇ તો તેઓને ખુશી થઇ. જાણે કે ઇસ્લામનો ફેલાવો થયો હોય. ઇસ્લામને કોઇ ઇઝ્ઝત પ્રાપ્ત થઇ હોય.

બીજી વાત કોઇ ધર્મનું પુજા સ્થાન તોડી નાખવાથી તે ધર્મ નાબૂદ થઇ જતો નથી. બહુ તો તે ધર્મને અનુસરનાર લોકોને આઘાત પહોંચે છે. તેમને દુઃખ થાય છે. બાબરી મસ્જિદ કેટલાક ધર્મ

ઝનુનીઓએ તોડી નાખી તેનાથી હિંદુ બિરાદરોમાંથી કેટલાક કટ્ટરપંથીઓ ખુશ થયા.મુસલમાનોને આઘાત પહોંચ્યો. પરંતુ શું આવા કૃત્યથી કોઇ મુસલમાનોએ ઇસ્લામ છોડી દીધો? નમાઝ પઢવાનું છોડી દીધું?

ઇસ્લામી તેહરીક અને ઇસ્લામી વિચારધારા સમજવા માટે સામાન્ય કક્ષાના મોલવીઓ કે થોડું પઢેલા-સમજેલા માણસો કે ફક્ત ઇમામતે નમાઝ મદ્રસાની તાલીમ આપતા માણસો નહીં ચાલે.

બીજું કે ખલીફાઓના ઇસ્લામ ફેલાવાને તેઓની વિચારધારાને ઇસ્લામી અને પેગંબરે ઇસ્લામની વિચારધારા સમજી લેવાથી પણ આજના મુસલમાનમાં આ પરિસ્થિતિ સર્જાઇ છે. કે જાણે

દુનિયામાં મુસલમાનને જ રહેવાનો હક છે. અલ્લાહ જો ઇચ્છત તો એના ઇન્કારીને, એના રસૂલ હઝરત મોહંમદ (સલ.)ના ઇન્કારીને હલકમાંથી એક ઘુંટ પાણી પણ ન ઉતરવા દેત. દુનિયાની દરેક નેઅમત તેના ઉપર તંગ કરી દેત. એક એવી સખત હડ્ડી ઇન્કારીની ગરદનમાં મૂકી દેત કે તે ગરદન મૂર્તિ સામે ઝુકી જ ન શકત. પરંતુ અલ્લાહે એમ કર્યું નથી. અલ્લાહ પોતાના માનનારાઓ અને પોતાના ઇન્કારીઓને બધું બરાબર બરાબર આપી રહ્યો છે. વિશ્વમાં આજદિન સુધીમાં ચાર સમગ્ર દુનિયા ઉપર હુકુમત કરનારા બાદશાહ ગુજર્યા છે જેમાંથી બે મુસલમાન હતા. બે બિનમુસ્લિમ હતા.

હું અત્યારે તાલિબાનની ગલત વિચારધારા સમજાવી રહ્યો છું. જેઓના મતે ઇસ્લામ બળજબરીનો દીન છે. દાદાગીરીથી પડાવો. મારી મારીનેમુસલમાન બનાવો. દંડાના જોરે નમાઝ, દંડાના જોરે દાઢી, દંડાના જોરે પડદો, દંડાના જોરે બધું જ. દંડાના જોરે લોકોને મુસલમાન બનાવો. આ તાલિબાનની વિચારધારા છે. આજના હિંદુસ્તાનના (અખંડ હિંદુસ્તાન-જેમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ પણ આવી જશે.) મુસલમાનના મગજમાં આ તાલિબાનની વિચારધારા ક્યાંથી આવી છે? કેમ આવી છે? આપણે કદી વિચાર્યું છે?

શું પેગંબરે ઇસ્લામ (સલ.)એ આ વિચારધારા ઉપર અમલ કર્યો હતો? દારૂ ફક્ત

મુસલમાનો માટે હરામ હતો. રસુલુલ્લાહ (સલ.) પછી થઇ ગયેલા ખલીફાઓએ હુમલો કરનારી જંગો શરૂ કરી અને વિશ્વનો મોટો ભાગ ખુંદી વળ્યા. તેમના શાસનકાળમાં જે જે હુકમો જારી થયા તે બધાં જ હુકમો અને કાર્યો કંઇક આ જ પ્રકારના હતા.

પેગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે જેટલી જંગો લડી છે. તે બધી જ જંગો રક્ષણાત્મક જંગો હતી. બિનમુસ્લિમો લડાઇ કરવા હુમલો લઇને આવ્યા અને મજબૂર થઇને પેગંબરે ઇસ્લામને ઇન્સાનોના રક્ષણ માટે નીકળવું પડયું. રસુલુલ્લાહ પછી ફક્ત હઝરત અલી (અલ.) નો સમય જ એવો

દેખાશે જેમાં રક્ષણાત્મક જંગો લડાઇ હોય. ત્યારબાદ મલઉન મઆવિયા અને યઝીદ લઅનતુલ્લાહના શાસનકાળ ઝુલમથી ભરપૂર દેખાશે. જેઓએ નમાઝ અને દાઢીઓ સાથે શાસન કર્યું છે. બની ઉમય્યા અને બનીઅબ્બાસનો સમગ્ર શાસનકાળ પણ લોહીથી લથપથ દેખાઇ રહ્યો છે. અફસોસ તો આ વાતનો છે કે અર્વાચીન મુસલમાનને તદ્દન ખોટો ઇતિહાસ ભણાવવામાં આવ્યો છે. આ મુસલમાન બાદશાહોને ઝાલિમ મુસલમાનોના નાક-મોં ચઢી જાય છે. આ બાબતોને વિસ્તૃત રીતે સમજવા માટે અમારી કિતાબો ઇસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૧,૨ અને ૩નો અભ્યાસ કરવામાં આવે.

અલ્લાહના પેગંબરે હઝરત મોહંમદ (સલ.) અને આપના વસી, ખલીફા, વઝીર હઝરત અલી ઇબ્ને અબીતાલિબ (અલ.)એ ઇસ્લામના નામથી કદીપણ તલવારનો ઉપયોગ કર્યો નથી. ઇસ્લામને સાચા અર્થમાં સમજવા માટે આપણે પંજતને પાક મોહંમદ, અલી, ફાતેમા, હસન અને હુસૈન અલયહેમુસ્સલામના જીવનચરિત્રોને જ નમૂનો બનાવવો પડશે. બિન-મુસ્લિમો પણ આ બુઝુર્ગોના જીવનચરિત્રોને નમૂનો બનાવશે તો તેઓ કદીપણ ઇસ્લામ તલવારથી ફેલાયાનો આક્ષેપ નહીં કરે.

આ વિશ્વનો પેદા કરનાર અલ્લાહ છે. તે જ સર્વેનો પાલનહાર છે. તમામ ઇન્સાનો તેનું સર્જન

(મખલૂક) છે. અલ્લાહની આ દુનિયામાં રહેવાનો, જીવવનો અધિકાર સર્વેને એક સરખો છે.

એક મશહૂર કિસ્સો નાનો-સરખો, અલ્લાહના નબી હઝરત ઇબ્રાહીમ (અલ.)નો વર્ણવું છું. આપની આદત હતી કે હંમેશા કોઇ મહેમાનની સાથે ખાણું ખાતા હતા. એક મહેમાન મળ્યો, તેને જમવા લઇ ગયા. ખાણામાં હાથ નાખતાંની સાથે આપેકહ્યું, બિસ્મિલ્લાહિર રમાનિર રહીમ બોલ. તે બિન-મુસ્લિમ હતો. કહ્યું : કે હું તો અલ્લાહને રહમાન અને રહીમ માનતો જ નથી. પછી શા માટે બોલું. આપ ગુસ્સે થઈ ગયા કહ્યું કે ઊઠી જા. તે જમ્યા વગર ચાલતો થયો. નબી ઉપર વહી આવી. અય ઇબ્રાહીમ! તું એક વ્યક્તિને જમાડી ન શક્યો?

વિનંતી કરી, યા અલ્લાહ! તે તો તારો ઇન્કારી હતો. ફરમાવ્યું કે તું જાણે છે તેને હું પચાસ વર્ષથી રોઝી આપું છું. મેં તેને એક દિવસ પણ ભૂખ્યો રહેવા દીધો નથી. ભલે તે મારો ઇન્કારી હોય. આ દ્રષ્ટાંત ઉપર વિચાર કરો. અલ્લાહની રહમતો, બરકતો, રોઝી, હવા, પાણી, પ્રકાશ વગેરે સર્વે નેઅમતો બધા જ માટે છે. ન કે ફક્ત તેના માનનારાઓ માટે જ છે.

હવે તાલિબાની વિચારધારાનો વિચાર કરો. આ તાલિબાની જાહિલો અફઘાનિસ્તાનને ઊંટોની દુનિયામાં લઇ જવા માંગતા હતા. આ જાહિલોએ બિન-મુસ્લિમો માટે એક નવો નિયમ દાખલ કરેલો કે તેઓએ અમૂક જ રંગના કપડાં પહેરવાં જેથી

બિન-મુસ્લિમ ઓળખાઇ જાય. પછી સુધારો કરીને તે રંગની રિબિન જેવો પટ્ટો રાખવાનો નિયમ કર્યો હતો. આ નિયમ ઉપર અમલ થાય તે પહેલાં જ એમનો નાશ થયો. શું મુસલમાનોને ખબર છે કે તેઓ આ નિયમ ક્યાંથી લાવ્યા? બીજા ખલીફા સાહેબે ઇસ્લામી હુકુમતમાં વસતા બિન મુસ્લિમો માટે કમરના કપડા ઉપર એક દોરીબાંધવાની ફરજિયાત કરેલી. (જુઓ અમારી કિતાબ ઇસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૧,૨,3 જેમાં અમે તમામ સુન્ની બિરાદરોની કિતાબોના હવાલા સાથે લખ્યું છે.)

કોઇપણ કોમની ઇઝ્ઝતને ઠોકર મારવામાં આવે, તેઓના દિલોને આઘાત પહોંચાડવામાં આવે,

આ કેટલી બુરી વાત છે. ઇન્સાની આઝાદી છીનવી લેવાના તમામ હુકમો જે તાલિબાનોએ બહાર પાડેલા તે તમામ હુકમો બીજા ખલીફા સાહેબની શરીઅતના છે. મો. શીબ્લી નોઅમાનીએ હઝરત ઉમરની ફઝીલતમાં "અલ ફારૂક" નામની કિતાબ લખી છે. તેમાં તેઓ લખે છે કે હનફી ફિકહના ઘણાં બધા મસાએલ હઝરત ઉમરના શાસનકાળમાં અમલમાં આવેલા, કાયદાકાનૂનના આધારે તૈયાર કરવામાં આવ્યા છે.

**હવે છેલ્લી એક જરૂરી ચર્ચા** : - તાલિબાની વિચારધારા ધરાવનારા ફક્ત મુસલમાનો જ નથી. પરંતુ હિંદુ સંગઠનોમાં પણ અમૂક સંગઠનો જેવાં કે આર.એસ.એસ. (રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ) માંની

અમૂક પાંખ મુસલમાનોને મલેચ્છ-તુચ્છ ગણે છે. તેમના અસ્તિત્વ સુધ્ધાં ધિક્કારે છે. તેમની સાથે નફરતજનક વ્યવહાર કરે છે. આ પણ એક પ્રકારની તાલિબાની વિચારધારા છે. જે પ્રમાણે તાલિબાનો એમ માને છે કે જાણે આ ધરતી ઉપર મુસલમાનોનો જ હક છે. બીજાઓને જીવવાનો અધિકાર નથી, કંઇક આવા પ્રકારના વિચારો આ લોકો પણ ધરાવે છે. જો આપણેસહી તરીકાથી સાચા અને બુદ્ધિશાળી મુફસ્સિરો દ્વારા લખાયેલ કુર્આનની તફસીરોમાં અંબિયાની તેહરીકનો અભ્યાસ કરીશું તો જે જે જમીનનો ઇલાકો જ્યારે જ્યારે ઝુલમ દ્વારા મોમિનોથી ખાલી થઇ ગયો. ત્યાર ત્યારે તે ઇલાકાના લોકોને અલ્લાહના અઝાબે જકડી

લીધા છે. સદંતર તબાહ અને બરબાદ કરી દીધા છે. તે ઇલાકાઓ ખંડિયેર અને બંજર બની ગયા છે, એટલું જ નહિ પરંતુ ત્યાંના મુડદાં પણ અલ્લાહે સલામત રહેવા દીધાં નથી. તો આ ધરતી પણ જો ઇમાનવાળાઓથી ખાલી થઇ જશે તો અલ્લાહનો અઝાબ નિશ્ચતિ છે.

આ દેશની બહુમતિ આ વાત યાદ રાખે કે કીડી ઉપર પડેલા તમારા પગથી કીડીને થતી વેદનાનો ખ્યાલ તમને ત્યારે જ આવે જ્યારે તમારી ઉપર હાથીનો પગ પડે.

બહુમતિ લઘુમતિની વેદનાને સમજે. તેમની સાથે ઇન્સાફ કરે તે જરૂરી છે. ઇમામ જઅફર સાદિક (અલ.) ફરમાવે છે કે અલ્લાહના ઇન્કાર

સાથે (કુફ્ર સાથે) તો હુકુમત બાકી રહી શકે છે પરંતુ ઝુલમ સાથે બાકી રહી શકતી નથી.

ઘણી જ અફસોસજનક વાત આ છે કે તાલિબાનોનું ઘાતકીપણું અત્યારે એની સીમાઓ વટાવી ચૂક્યું છે. આ લોકો ઇસ્લામ અને ઇસ્લામ સિવાયના કોઇપણ ધર્મના લોકોને વગર કારણ નિર્દોષ મારી નાખે છે. પાકિસ્તાનમાં આ લોકો પાકિસ્તાનીઓને મારી નાખે છે. ઇન્ડોનેશિયામાં ઇન્ડોનેશિયનોને, ઇરાકમાંઇરાકીઓને, અફઘાનિસ્તાનમાં અફઘાનીઓને મારી નાખે છે. આજે એમના આતંકવાદને કારણે આજે સંપૂર્ણ વિશ્વ પરેશાન છે. પાકિસ્તાને અમેરીકન માનુ દૂધ પાઇને ઉછેરેલા આ તાલિબાની પુત્રો પાકિસ્તાનની સરકાર

માટે માથાનો દુઃખાવો બની ગયા છે. આપણા દેશ માટે પણ એક આફત બની ગયા છે. ભારત અને પાકિસ્તાન બંને દેશોની નિર્દોષ પ્રજાઓનું આ લોકોએ ખૂબ જ લોહી વહાવ્યું છે.

વળી યુરોપીય પ્રજાઓ જાણતી-સમજતી હોવા છતાં આ લોકોના દરેક આતંકી હુમલા પછી ઇસ્લામને બદનામ કરે છે. લુચ્ચું યુરોપ ઇસ્લામ ઉપર એતેરાઝ કરે છે. વળી પેગંબરે ઇસ્લામની જાત મુબારકને પણ ટીકાપાત્ર ગણે છે.

આત્મઘાતી હુમલા કરીને વિરોધીઓને બેરહમીથી મારી નાખવાની તાલિબાનોની પદ્ધતિને પશ્ચમિ મીડિયા ઇસ્લામી શિક્ષણનું પરિણામ કહે છે. કારણ કે આ તાલિબાનોનું ઉદ્‌ભવસ્થાન જ દીની

મદ્રસાઓ છે. જો કે પશ્ચિમી મીડિયા સારી રીતે જાણે છે કે આ જાહિલ તાલિબાનો કોના નોકર છે. કોના ઇશારા પર કામ કરે છે. ઇસ્લામ અને ઇસ્લામી શિક્ષણની થોડી ઘણી જાણકારી ધરાવનાર વ્યક્તિ પણ સારી રીતે જાણે છે કે મઝહબે ઇસ્લામે ઇસ્લામના ખાતર માથુ આપી દેવાની તાલીમ તો આપી છે પરંતુ કોઇ બેગુનાહ ઇન્સાનને કતલ કરી નાખવાની ઇજાઝત આપી નથી. બલકે બેગુનાહ નિર્દોષ ઇન્સાનનીકતલને સમગ્ર માણસજાતની કતલ સાથે સરખાવી છે.

ઘણા જ અફસોસ સાથે કહેવું પડે છે કે ઇસ્લામનું નામ લેનારા તાલિબાન, તેમની હિમાયત કરનાર અને તેઓની મદદ કરનાર આ કહેવાતા

મુસલમાનો પોતાને કઇ રીતે મુસલમાન કહેતા હશે? આ લોકો પોતાને મુસલમાન કહેવાનો હક ખોઇ બેઠા છે. કીનોકપટ, જહાલત અને દુનિયાના ફાયદાએ એમની આંખો ઉપર પરદા નાખી દીધા છે. પરંતુ એક વાત તેઓ પોતાની બધી જહાલત સાથે પણ જાણે છે કે અત્યાચાર અને ગળાં કાપવાનો આ આતંક લાંબો ચાલશે નહિ. તેઓ પોતાના આકાઓની સાથે આ દુનિયામાં જ પોતાના ગુનાહોનું પરિણામ ભોગવી લેશે.

## (૫) હઝરત મિકદાદ બિન અસવદ (રઝિ.)
## (પેગંબરે ઇસ્લામના એક મહાન સહાબી)

અલ્લાહ સુબ્હાનહુ તઆલાએ, કુર્આને મજીદમાં બધાજ ઇમાનવાળાઓને હુકમ ફરમાવ્યો છે કે,

**યા અય્યુહલ્લઝીન આમનૂ.....**

(હે ઇમાન વાળાઓ! જે લોકો પર અલ્લાહેપોતાનો ગઝબ ઢાળ્યો છે તેમનાથી મુહબ્બત ના રાખો.)

(સૂ. મુમ્તહિના, આ.૧૩)

પણ લાંબા સમયથી અમારી વિરૂદ્ધ એવો પાયા વગરનો આરોપ મૂકવામાં આવે છે કે ઇસ્ના અશરી શીયાઓ બધા અસહાબે રસૂલ (સલ.)ને

બુરા કે ખોડખાંપણવાળા માને છે. અલ્લાહ બચાવે (મઆઝલ્લાહ) વળી એ પણ કે શીયાઓ સહાબાઓને માટે ખરાબ શબ્દો વાપરે છે. જો કે આવાઆક્ષેપ કરનારાઓ આજદિન સુધી પોતાના એ ખોટા દાવાના સમર્થનમાં કોઇપણ પુરાવો લાવી નથી શક્યા. એનું કારણ એ છે કે, અલહમ્દો લિલ્લાહ, અમારો અકીદો છે કે નબી સાહેબ (સલ.)ના ઘણાં બધા આદિલ (ન્યાયી) અસહાબ ઘણાં મહાન હતા. એટલું જ નહીં બલ્કે અમો એમને સીધે રસ્તે દોરતી દીવાદાંડીઓ સમાન ગણીએ છીએ. અલબત્ત અમો તે લોકોને નથી ચાહતા કે જેઓએ અલ્લાહનો ગઝબ નોતર્યો. અમારૂં આ

વલણ કુર્આન શરીફની ઉપરોક્ત આયત અનુસારનું ચુસ્તપણે છે.

અમારો મત એ છે કે “સહાબા” શબ્દના બે અર્થ છે. વ્યાખ્યાનુસાર, જે સામાન્ય છે, કોઇપણ મુસલમાન પેગંબર (સલ.)ની સેવામાં ઉપસ્થિત થયો તે સહાબી છે. બીજી ડેફીનીશન અનુસાર સહાબી તે છે જે હુઝુરની સામે હાજર થયો હતો અને જે ઇમાન સહિત આ દુન્યામાંથી રૂખ્સદ થયો. આ બીજી વ્યાખ્યાનુસાર શીઆઓ “સહાબા”ને માન એકરામ આપે જ છે. પવિત્ર કુર્આન માત્ર એવાજ સહાબાને તેઓની ખૂબીઓ સબબ વખાણે છે. એ જ પ્રમાણે કુર્આન મજીદ અગાઉ વર્ણવેલ (ખુદાનો

ગઝબ વહોરનારા) સહાબીઓને વખોડે પણ છે જ. (તેઓના દંભી બની ઇમાન છોડવાને કારણે)

હદીસની કિતાબ “સહીહ બુખારી” અને “સહીહ મુસ્લિમ” માં “ફિત્ના” નામના પ્રકરણમાં છે કે આપ (સલ.) એવા સહાબીઓ પ્રત્યે અણગમો દાખવશે જેઓ દંભીહતા મુનાફિક હતા.

કુર્આન અને હદીસની રૂએ પસંદીદહ અને નાપસંદ બંને પ્રકારનો ઉલ્લેખ એ સુચવે છે કે નબીની આસપાસ એ બંને પ્રકારના સહાબાઓ હાજર રહેતા હતા. અર્થાત મોમિન પણ અને મુનાફિક પણ. તેથી “બધા” સહાબાને ખરાબ માનનાર શીઆ ઇમામીયાની આસ્થાનુસાર ઇસ્લામમાંથી ખારિજ થઇ જાય છે. કેમકે તે

કુર્આનની આયતને નથી માનતો. એજ પ્રમાણે જે કોઇ “બધા” સહાબાને માનનીય અને “ઉદ્દલ” (ન્યાયી) માને છે તે પણ કુર્આનની ઉપરોક્ત આયતે શરીફની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. અલ્લાહે બખ્શેલ સામાન્ય સમજ તેમજ સદ્‌બુદ્ધિ તથા સકલૈન (બે કીમતી સહારાઓ) કુર્આન અને અહલેબૈત ને વળગી રહીને શીઆઓએ સહાબાઓ વચ્ચે તફાવત જાણ્યો છે અને જવાબદારીના પુરા જ્ઞાનભાન સહિત તે લોકો તરફ પ્રેમ નથી રાખ્યો જેઓ કુર્આન મુજબ અલ્લાહના ગુસ્સા-સજાનો ભોગ બન્યા છે. આ મઝહબી ઉસૂલ કે સિદ્ધાંતને અનુસરીને શીઆ તે લોકો પ્રત્યે મુહબ્બત નથી દેખાડતા કે જેઓએ પૈગંબરે ઇસ્લામ (સલ.) ના

એહલેબૈત સાથે દુશમની કરી. અમારી ચકાસણી એ છે કે (માપદંડ એ છે કે) જે કોઇએ અહલેબૈતથી મહબ્બત કરી તે પૂરો મોમિન (આખો ઇમાનદાર) માણસ છે અને મુત્તકી કે પરહેઝગાર પણ અને જેણે બીજા (કીમતી સહારા) એહલેબૈત (અલ.) થી દુશ્મની કરી તે નાપસંદગીને જ પાત્રછે.

મોલવી રશીદ અહમદ ગંગોહી, અહલે સુન્નતના એક મહાન આલિમે શીઆઓ વિરૂદ્ધ પોતાની કિતાબ "હિદાયતુશ શીઆ"માં લખે છે કેઃ

"એમાં શક નથી કે અહલે સુન્નત તે માણસને સહાબી કહે છે જે ઇસ્લામની હાલતમાં નબી સાહેબ (સલ.) સમક્ષ ઉપસ્થિત થયો અને ગુજરી પણ ઇમાનની સાથે ગયો. જે માણસ મુરતદ

(બિન મુસ્લિમ) બનીને આ દુનિયાથી ગયો તેને અમો સહાબી નથી માનતા. (પૃ. ૨૨)

શીઆઓની પણ તો આ જ આસ્થા છે. તો પછી વિરોધ શાનો છે? મઝકૂર કિતાબમાં ગંગોહી સાહેબ વધુમાં લખે છેઃ "સહાબીઓના સમુહમાં અમુક મુનાફિક દંભીઓ પણ પેસી ગયા હતા. સહાબા તેમની મુનાફિકતથી વાકેફ હતા પરંતુ તેમને તેઓના જાહેરથી જ પોકારવું જરૂરી હતું. છેવટે તો બધા જ ઉઘાડા પડી ગયા હતા અને કોઇની પણ આંતરિક હાલત છાની ના રહી શકી." (પેજ. ૫૭)

હવે ફેંસલો કરો કે સહાબીના સર્કલમાં રહેલ હોવા છતાં એવા મુનાફિકોને માન આપી શકાય? અગર તેઓ એવા માન એકરામને લાયક ના હોય

તો પછી એ હુકમને શી રીતે માન્ય રાખી શકાય કે "દરેકે દરેક સહાબી માન આપવાને પાત્ર છે."

મને એ લખતાં ઘણું દુઃખ થાય છે કે અમારા વિરોધીઓએ એટલો બધો ખોટો પ્રચાર કર્યો છે અને એવું જ દોહરાવતા રહેલ છે કે શીઆ સહાબાને નથી માનતા. લોકોએ અમારીસામે આવા તીરો જરૂરી તરતપાસ વિના જ અથવા ઇરાદપૂર્વક છોડવાનું જારી રાખ્યું. એટલું જ નહીં બલ્કે, એવું લાગે છે કે અમારા ખુલાસા તરફ ધ્યાન આપવાને પણ તેઓ ગુનો ગણે છે. જો તેઓ અમારી વાતને સાંભળે તો તેઓ સહેલાઇથી સમજી શકશે કે ઝગડા ફસાદનું કારણ શું છે. મામુલી સમજબૂઝ પણ ખરા ને ખોટાથી અલગ તારવી શકે છે.

મહેરબાની કરીને ધ્યાનમાં રાખો કે પેગંબર સાહેબે પોતાની ઉમ્મતને બે વસીલાઓને સુપ્રત ફરમાવેલ છેઃ પ્રથમ અલ્લાહની કિતાબ (કુર્આન) અને બીજો નબીની ઇતરત (અહલેબૈત). જેવું કે હદીસે સકલૈનના સમર્થનમાં શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિસ દેહલવી સાહેબે પોતાની કિતાબ "તોહફએ ઇસ્નાઅશરીયહ"માં લખેલ છે. તો એ જ મુજબ શીઆ એવા દરેક સહાબાને માન આપે છે જે મઝકૂર નબીના ફરમાનુસાર બંને વજનદાર વસ્તુઓ સકલૈનની સાથે જોડાઇ રહેલ હોય. જેણે એમને છોડી દીધા તેને શીઆએ પણ છોડી દીધા. હવે જ્યારે એવો સવાલ સામે આવે કે ફલાણા ફલાણા બુઝુર્ગને શીઆ માનને પવિત્ર નથી ગણતા,

તો સમજી લો કે સામેવાળાની જ મજબૂત ગવાહી મુજબ અને એના જ આધારે તે શખ્સ પર એ આરોપ લાગુ પડે છે કે તેણે નબી સાહેબના ફરમાનની અવગણના કરીને બંને કિંમતી વસ્તુઓની સાથે જોડાઇ રહેવાનું ટાળી દીધું છે. નબી સાહેબનો હુકમ નથીમાન્યો તેણે કાં તો બંને જહાનની મખ્દૂમા ખાતૂને જન્નત જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયાહાને નારાજ કરેલ છે. કેમકે બુખારી શરીફમાં પણ છે કે ખુદાના નબી હઝરત મોહંમદ (સલ.)એ ફરમાવ્યું કે “ફાતિમા મારા જિગરનો કટકો છે અને જેણે તેને ગુસ્સે કરી તેણે મને ગુસ્સે કર્યો અને જેણે મને ક્રોધિત કર્યો તેણે અલ્લાહને ગઝબનાક બનાવ્યો.” અથવા તો કોઇએ

માત્ર એકજ સકલ (કુર્આન)ને પૂરતું હોવાનું કહીને બીજા સકલ (અહલેબૈત) સાથે અદાવત રાખીને રસૂલની નાફરમાની કરી. કોઇ પ્રથમ સકલને બાળી બંને સકલૈનની તૌહીન કરનાર બન્યો અને અમુક એવા બિનદાસ બની ગયા કે અહલેબૈત (અલ.)ની સાથે લડાઇ કરીને ખુદા સામે અને તેના રસૂલ (સલ.) સાથે લડાઇ વહોરી લીધી. ટૂંકમાં કહીએ, તો અમો શીઆઓ કોઇ સદ્ધર કારણ વગર કોઇનાથી પણ અદાવત નથી રાખતા.

અલ્લાહ બેહતર જાણે છે કે બુરાઇચાહક લોકો અમારા પર વિના કારણે ખોટો આરોપ મુકે છે કે અમો સહાબાએ કિરામ (રઝિ.) ની ઇઝ્ઝત નથી કરતા જો કે અમે તો એ બરકતવાન હસ્તીઓનો

વાસ્તો આપીને પોતાની દુઆઓ અલ્લાહની હુઝૂરમાં પેશ કરીએ છીએ. સૈયદુસ્સાજેદીન ઇમામ ઝૈનુલ આબેદીન (અલ.)ની મુનાજાત જે સહીફએ કામિલામાં મોજૂદ છે તે વાતને નકારી જ ન શકાય તેવો પુરાવો છે કે અમો તો નબી સાહેબના સાથીઓનામતવાલા છીએ અને એમના મહાન મરતબાને માનીએ છીએ અને તેમની ફઝીલતોનો એકરાર કરીએ છીએ. નીચેના લખાણને જોયા પછી અમારા પર મુકાતા આરોપનો ભાંડો ફૂટી જાય છે. ઇમામ ઝયનુલ આબેદીન (અલ.) ફરમાવે છે કેઃ

“ખુદાવંદા! રહમત નાઝિલ ફરમાવ મુહંમદ (સલ.)ના સહાબીઓ પર જેમણે સાથનો હક સારી રીતે અદા કર્યો, દરેક જાતની તકલીફો તથા

મુસીબતોને આપની સાથે રહીને સહી અને એમને સહાય કરવામાં કંઇજ કચાશ ન રાખી અને એમની પેગંબરીને કબુલ કરી લેવામાં ઉતાવળ કરી અને એમની પુકારનો સત્વરે જવાબ આપવામાં સહુથી આગળ રહ્યા. હુઝુર (સલ.)એ દર્શાવેલી હુજ્જત દલીલોને તેજ ઘડીએ માની લીધી. એમના શબ્દોના પ્રચારે પ્રસાર ખાતર પોતાનાં બાલ-બચ્ચાંઓને તજી દીધાં, એમની પેગંબરીને જગ જાહેર કરવા કાજે પોતાના બાપ-દાદાઓને પણ કત્લ કરી દેખાડયા. જ્યારે એમણે રસૂલ (સલ.)નો પાલવ પકડી લીધો તો એમના કુટુંબ કબીલાઓએ એમનો બોયકોટ બહિષ્કાર કર્યો અને જ્યારે તેઓ નબીની નજીક થયા તો તેમના સગાસંબંધીઓએ સંબંધ

તોડી નાખ્યા તેથી અય પરવરદિગાર! તું ન વિસરજે તે વસ્તુઓને જેમને એમણે એટલે કે તારા રસૂલ (સલ.)ના સાચા વફાદાર સહાબીઓએ, તારી ખુશનુદી માટે છોડી દીધી. તું એમને તારી રઝાથી રાઝી કરી દેજે કેમકે એમણે ખુદાનાબંદાઓને તારા તરફ ભેગા કરી દીધા અને તારા રસૂલ (સલ.)ની સાથે સાથે રહીને દીને ઇસ્લામની દઅવતનો હક અદા કરી દીધો. ઇલાહી, શુક્રના લાયક છે કે તેઓએ પોતાની કોમને અને ઘરબારને અને વતનને તારે ખાતર છોડયાં, રોજીની કારમી તંગીને તારા જ માટે બરદાસ્ત કરી. અય ખુદા! એમના તાબેઇનને સારો બદલો આપ. જેઓ દુઆ કરતા રહે છે કેઃ પરવરદિગાર! અમારી મગફિરત ફરમાવ અને

અમારા તે ભાઇઓની પણ કે જેઓ અમારી માંહેથી અમારા કરતાં વહેલા ઇમાનમાં દાખલ થઇ ગયા. એ તાબેઇન એવા છે જે એ સાચા સહાબાની રાહે જ ચાલે છે અને એમના માર્ગદર્શનને અનુસરે છે, જેમને કંઇ જ શંકા એમની મદદમાં નથી થતી. જેઓ સહાબીઓના સહાયકો છે અને એમના પર તોહમત નથી મુકતા.

યા ખુદા! રહેમત ઉતાર એ અસહાબનું અનુસરણ કરનારાઓ ઉપર આજના દિવસે જેમાં અમો (મોજૂદ) છીએ અને કયામતના દિન સુધી અને એમની બીબીઓ અને અવલાદો ઉપર પણ. આમીન

અમારી દૃષ્ટિમાં સહાબાના આ મરતબો ફઝીલતો હોવા છતાં અગર કોઇ અમારા પર સહાબાઓથી નફરત કરવાનો આરોપ મુકે છે તો એનો અર્થ નિરર્થક અદાવત નહીં તો બીજું શું છે?

યા અલ્લાહ! તું તો જાણે જ છે કે અમો આ આરોપથી અલગ છીએ. તેથી હવે આ મામલાને અમે તારી જ તરફ વાળીએ છીએ અને તને તારા મહબૂબરસૂલ (સલ.)નો વાસ્તો દઇને અરજ કરીએ છીએ કે હક અને બાતિલનો ફેંસલો ફરમાવી દે.

અમારા વિરોધીઓએ તો એટલે લગી જીભ લંબાવી છે કે શીઆ બધા જ સહાબીઓને મુર્તદ માને છે. જો કે અમારૂં ઇમાન એ છે કે માસૂમ ઇમામો (અલ.)ના પછી રસૂલ (સલ.)ના

સહાબીઓનો દરજ્જો આખી ઉમ્મતથી ઊંચો છે. પરંતુ અમો સહાબી તેને જ કહીએ છીએ જે કામિલ સજ્જન હોય, જે જાહેર વાતોની બિના પર ઇમાનની હાલતમાં નબી સાહેબ (સલ.)ની સંગતમાં તશરીફ લાવ્યો અને મોમિન તરીકે જ વફાત પામ્યો. અમારી કાંટછાંટનો મતલબ સાવ સ્પષ્ટ છે કે જે શખ્સ ઇમાનની હાલતમાં રસુલુલ્લાહ (સલ.)ની મુલાકાત બાદ નબીના યુગમાં તે પછીના જમાનામાં ઇમાનની હાલતમાં આ જગતમાંથી વિદા થયો. તેવા જ નજાત પામનારા સજ્જનોને સહાબીએ રસૂલ (સલ.) કહેવડાવવાનો હક છે. એનાથી ઉલટું જેમનો અંત ખૈર સહિત નથી તેઓ સહાબીયતના માનથી મળતા દુન્યવી અને ઉખરવી લાભોથી

વંચિત રહેશે. જેમણે રસુલુલ્લાહની હયાતીમાં આપ (સલ.)ની નાફરમાની કરી અને આપની વફાત પછી આપની બેટી ખાતુને જન્નતની સતામણી કરી. આપના જમાઇ હ. અલી (અલ.) સાથે તથા આપના નવાસાઓ સામે યુદ્ધે ચઢયા. તેમને શહીદ કર્યા તેવા લોકો ભલે રસુલુલ્લાહનો સંગાથ મેળવ્યો હોય પરંતુ તેમના અમલોના કારણે તેઓ સહાબીના દરજ્જાને લાયક ન રહ્યા.એમ તો બંને ફિરકાઓની કિતાબોમાં સહાબાની સંખ્યા એક લાખ પચીસ હજાર જેટલી જણાવાયેલ છે પરંતુ એમાં દરજ્જાઓ મુજબ મરતબાઓનો ખરેખર તફાવત છે.

અલ્લામા ઇબ્ને કુતબયહની તેહકીક અનુસાર નીચેના સત્તર સાહેબોને મજકૂર બહુમાન પ્રાપ્ત થયું હતું.

(૧) હઝરત સલમાન ફારસી (૨) હ. અબુઝર ગફફારી (૩) હ. મિકદાદ બિન અસ્વદ (૪) હ. અમ્માર બિન યાસિર (૫) હ. ખાલિદ બિન મુઇદ (૬) હ. બુરૈદહ અસ્લમી (૭) હ. ઉબય બિન કઅબ (૮) હ. ખુઝૈમહ બિન ષાબિત (૯) હ. સહલ બિન હનીફ (૧૦) ઉસ્માન બિન હનીફ (૧૧) હ. અબૂ અય્યુબ અન્સારી (૧૨) હ. ખુઝૈફહ બિન યમાન (૧૩) હ. સઅદ બિન યમાન (૧૪) હ. કૈસ બિન સઅદ (૧૫) હ. અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ (૧૬) હ. અબ્દુલ્લાહ બિન અબ્બાસ (૧૭) હ.

અબુલ હશીમ બિન તયહાન રઝિયલ્લાહુ તઆલા અન્હુમ.

હુજ્જતુલ ઇસ્લામ શૈખ મુહંમદ હુસૈન કાશિફુલ ગિતાએ આ બાબતમાં ૩૦૦ સહાબાનો હવાલો આપેલ છે. અલ્લામહ નૂરીએ હ. સલમાન ફારસી (રઝિ.) અબૂઝર (રઝિ.), મિકદાદ (રઝિ.), અમ્માર (રઝિ.), અબૂ સામાની, ખુઝૈફહ (રઝિ.) અને અબૂ અમરહ (રઝિ.)ને મુમ્તાઝ સહાબા માન્યા છે.

અહલે સુન્નતના ઇમામ અલ્લામહ અબૂ હાતિમ સજિસ્તાન બસરી બગદાદી પોતાની કિતાબ “અઝ-ઝીનત”માં લખે છે કે નબવી યુગમાં જે શબ્દ સૌ પ્રથમ પ્રચલિત થયો તે “શીઆ” છે અને આ

શબ્દ (શીઆ) નબી સાહેબ (સલ.)ના ચાર સહાબીઓ હઝરત સલમાન, અબુઝર, મિકદાદ અને અમ્માર યાસરને માટે માનની બાબત બની ગયો હતો. (રૂહુલ કુરઆન, પૃ. ૬૯)

આથી સાબિત થાય છે કે નબવી જમાનામાં સહાબાએ કિરામનો એક સમૂહ મોજૂદ હતો જે પોતાને શીઆ કહેવાડતો હતો. આ રીતે ઇતિહાસની રૂએ શીઆ જુના અને જાણીતા નબીસાહેબના સમયથી જ હતા.

ટુંકમાં અમો દીન અને મઝહબની બાબતે કોઇ શંકા કુશંકામાં નથી અને ન અમો સહાબાઓના મરતબાઓમાં ફરક રાખવાની બાબતમાં અલ્લાહપાકના ઇરાદાથી ઉલટું કરીએ છીએ.

સહાબાના સર્કલમાં જેઓ સાચા અને હકપરસ્ત હતા અને સકલૈન (બંને કિંમતી ચીજો) સાથે જોડાઇ રહ્યા હતા તેવા મહા સદગુણી સહાબાને અમો મેહબૂબ રાખીએ છીએ અને પુરૂં માન આપીએ છીએ. અલબત્ત અમારી નારાજી અને અણગમો તે દોસ્તનુમા દુશ્મન સહાબાથી છે જેમણે ખુદા અને રસૂલથી ખિયાનત-બેઇમાની-અપ્રમાણિકતા કરી. અમો એવાઓની પેરવીને સાચા દીન સાથે ગદ્દારી ગણીએ છીએ. આ રીતે અમો ઝાલિમ કહેવાતા સહાબીઓ પર ભરોસો નથી કરતા અને ન એમને મિત્ર માનીએ છીએ કેમ કે એમણે તો અલ્લાહ અને રસૂલની સાથે દુશ્મની દાખવી હતી.

વિરોધીઓ જ્યારે મઝહબે અહલેબૈતમાં કોઇ ખામી શોધી નથી શકતા તો પછી આવી જુઠ્ઠી તોહમતો મુકે છે અને એમાં પોતાનો બચાવસમજે છે અને અમારા વિષે એવી હલકી વાતો ફેલાવે છે કે જેમનો ખ્યાલ પણ કોઇ સમજુ માણસને આવી ના શકે. એવા જુઠ્ઠા આક્ષેપો અમારા પર મુકે છે કે અમો બધા જ સહાબાને કાફિર માનીએ છીએ અને રસૂલ (સલ.)ના મિત્રોને ગાળો ભાંડીએ છીએ.

અમે આ બાબતે આ પુસ્તકમાં વિગતે ચર્ચા કરી છે અને મિઠાસભરી રીતે પોતાનો અમલ પેશ કરેલ છે. વળી મહાન અસહાબમાંના ચાર અતિ મહાન સહાબીઓ પ્રત્યે અમારી અકીદતની જાહેરાત કરી છે જેથી ઇન્શાઅલ્લાહ વિરોધીઓ એવું માની

લેવા મજબૂર થશે કે શીઆઓ પર એ આરોપ સાવ ખોટો અને બેહૂદો છે કે તેઓ સહાબીયતને નકારે છે. અને તમામ સહાબાને (નઉઝુબિલ્લાહ) કાફિર ગણે છે. અને આ આરોપ તદ્દન ગલત છે. આ વાત ફક્ત પૂર્વગ્રહ અને અયોગ્ય ફિતનાખોર ચિંતનની જાહેરાત છે. સારૂં ચિંતન ધરાવતા વાંચકો એ સત્યને સમજી લેશે કે વિરોધીઓએ આ ચાલ કેવી હોશિયારી અને ચાલાકીથી ચાલી છે અને એ કે એની પશ્ચાદભૂમિકા શી હતી.

કિતાબના આરંભ અગાઉ અમો પોતાના મુસલમાન ભાઇઓને હાથ જોડીને અરજ કરીએ છીએ કે ખુદાને વાસ્તે મોઢેથી કોઇ વાત કહેતાં પહેલાં સારી રીતે સોચ વિચાર કરી લો અને

ઉતાવળમાં કોઇ ફેસલો ન કરી નાખો. વડીલોનું આંધળું અનુકરણ કે તકલીદ અને ખોટી ધારણાઓ ગુમાનો કદી હિદાયતમાં મદદ નથી કરીશકતાં. તેથી માંહે માંહેના ઇત્તેહાદ-ઇત્તેફાક-એકતાનો ખ્યાલ રાખીને કોઇના પર આરોપ મુકતાં અગાઉ એને સારી રીતે છણી-ઝાટકી લો. વળી પ્રપંચની જાળથી અને ઝગડાખોરીથી ખબરદાર તથા સાવચેત રહો કેમ કે એ રીતે જ ઉમ્મતમાં એકતા, એકાગ્રતા અને આપસી ભાઇચારો કાયમ રહી શકે છે. જે આજની ઘડીએ સમયની સહુથી મોટી જરૂરત છે. આપણી મિલ્લત હવે વધુ નાઇત્તેફાકીને તથા ઝગડા ફસાદને સાંખી-સહી નથી શકતી. હવે જઝબાઓ-ભાવનાઓની સાથે સાથે સુધારની પણ જરૂર છે,

કોમની તરક્કી તથા સધ્ધરતા તેમજ આઝાદી કાજે એ આવશ્યક છે કે ઇસ્લામી તાલીમ પર અમલ કરીએ અને લા ઇકરાહ ફિદ્દીન (ધર્મમાં જોર-જબરદસ્તી નથી)ના કુર્આની હુકમને સદા ધ્યાનમાં રાખીએ.

આ જગ્યાએ અમે રસૂલુલ્લાહ (સલ.)ના ચાર ખાસ મિત્ર (યાર) ગણાતા સહાબીઓમાંથી એક સહાબી હઝરત મિકદાદ બિન અસવદ (રઝિ.)નું જીવન ટૂંકમાં સમજીએ અને જાણીએ.

**નબી (સલ.)ના ત્રીજા મિત્ર હ. મિકદાદ બિન અસવદ (રઝિ)**

અમારે ત્યાં એવી વિશ્વાસપાત્ર રિવાયત છે કે રસૂલે મકબૂલ (સલ.)નું ફરમાન છે કે ખુશહાલ છે

તે જે મને જુએ અને મુજ પર ઇમાન લાવે. આપે આ ઇરશાદ સાત વખત ફરમાવ્યો. ઇમામ જાફર સાદિક (અલ.)થી રિવાયત છે કે નબી સાહેબ (સલ.)ના બાર હજાર સહાબીઓ એવા હતાઃ મદીનાના આઠ હજાર, મક્કાના બે હજારઅને બે હજાર આઝાદ કરાએલ લોકો કે જેમનામાં કોઇ પણ કદરી મસ્લકનો ન હતો કે જે ખુદાની તરફથી જોરજબરદસ્તીમાં માનતો હોય અને ન તેમનામાં કોઇ મરજી માન્યતાનો હતો જે એવું કહેતો હોય કે દરેક જણનું ઇમાન એક જ સમાન દરજ્જાનું છે. અને ન કોઇ હરૂરી હતો જે અમીરૂલ મોઅમેનીન (અલ.)ને બુરૂભલું કહેતો હોય ને ન કોઇ મુઅતઝલી હતો જેમનો અકીદો એવો હોય કે ખુદાને બંદાઓના

અમલમાં કંઇજ દખલ નથી. અને એ હઝરાત અલ્લાહના દીનની બાબતમાં કોઇપણ વાત પોતાના તરફથી (કયાસ કે ગુમાની) નહોતા કહેતા. એ અસહાબ રાતદિવસ રડતા રહેતા હતા અને અલ્લાહની હુઝૂરમાં દુઆ કરતા રહેતા હતા કે ખુદાવંદા! અમારા કાન રસૂલ (સલ.)ના નવાસા ઇમામ હુસૈન (અલ.)ની શહાદતની ખબર સાંભળે એ અગાઉ જ તું અમારી રૂહોને કબ્જે કરી લેજે.

બીજી સકલના સરદાર અમીરૂલ મોઅમેનીન (અલ.) ફરમાવતા રહેતા હતા કેઃ અય લોકો! હું તમોને તમારા રસૂલ (સલ.) ના સહાબીઓ અંગે એક વસીયત કરૂં છું કે તેમને ગાળ ના ભાંડો, બુરૂં ના બોલો અને યાદ રાખો કે તમારા પેગંબર

(સલ.)ના અસહાબ તે શખ્સો છે કે જેઓએ નબી સાહેબ (સલ.)ની વફાતના પછી ન તો કોઇ બિદઅત શરૂ કરી કે ન કોઇ બિદઅત કરનારની મદદ કરી કે તેને પનાહ આપી. બેશક મારા રસૂલ (સલ.)એ મને પોતાના એવા અસહાબની બાબતમાં મહબ્બતરાખવાની સિફારિશ ફરમાવેલ છે.

મારી નવાઇ ત્યારે હદ વટાવે છે જ્યારે અમારા વિરોધીઓ અમોને એવી ગાળ આપે છે કે અમો સહાબાની ઇઝ્ઝત નથી કરતા. જ્યારે કે અમારી કિતાબોમાં સહાબાઓની ફઝીલતો તથા રૂત્બાઓ બાબત એટલું બધું લખેલું છે કે એમને ભેગું કરો તો મોટું દફતર બને. અમારી નજરે તો સહાબાનો મરતબો એ છે કે અલ્લાહપાકે એ જ

પાકબાજ હસ્તીઓની ખૂબીઓ સબબ આ જમીનને કાયમ કરી છે અને એમની જ ખિદમાતના તુફેલે જમીનવાસીઓને રોજી મળે છે, એમના જ પ્રતાપે રહમતવાળો વરસાદ વરસે છે અને એમની ફઝીલતોને લીધે આપણા જેવા ખતાકાર લોકોને મદદ મળે છે અને આ વાત માત્ર મોઢાની ડંફાસ નથી બલ્કે મૌલાએ કાએનાત હઝરત અલી (અલ.)થી સાબિત છે. જનાબે અલી (અલ.)એ ફરમાવે છેઃ

## સાત વસીલાઓ

જમીન સાત શખ્સો કે જેના વાસ્તાથી પેદા કરવામાં આવેલ છે જેમના સબબે પૃથ્વી વાસીઓને રોજી મળે છે અને એમની જ બરકતથી વરસાદ પડે

છે અને લોકોની મદદ થતી રહે છે. તેઓ છે : અબુઝર, સલમાન, મિકદાદ, અમ્માર, ખુઝૈફહ અને અબ્દુલ્લાહ બિન મસઉદ (રિઝવાનુલ્લાહે તઆલા અલયહે અજમઇન) છે. એ પછી હ. અલી (અલ.)એ ફરમાવ્યું : હું (અલી) તેઓનો પેશવા (ઇમામ) છું અને આ જ તે લોકો છે જેઓ ફાતિમા ઝહરા (સલા.)ની મૈયત પર નમાઝ માટે હાજર હતા. હયાતુલકોલુબના લેખક અલ્લામા મજલિસીની શોધખોળ પ્રમાણે અબ્દુલ્લાહ ઇબ્ને મસઉદના મામલામાં શંકાને સ્થાન છે. છતાંય ઇબ્ને મસઉદ ઓલમાએ એહલેબૈતની દ્રષ્ટિમાં માન્ય બુઝુર્ગ છે.

અમો શીયાને અહલેબૈતના ચાહકોને એ વાતનો ફખ્ર છે કે ઓલમાઓએ સત્તાની ખુરસીને

કદી પણ નમીને નમસ્કાર કે સાહેબસલામ નથી કરી બલ્કે એમણે હંમેશા તે મોમિન મર્દોની રાહોમાં પોતાની આંખો પાથરી છે જેઓ દુનિયાની નજરે ફકીર અને કંગાલ દેખાતા હતા. પરંતુ એમની આંખોએ જાણી લીધું હતું કે આ જ તે હસ્તીઓ છે જેમની ઇમાનભરી નજર તકદીરને બદલી શકે છે. બીજાઓએ તો હુકુમતના તાજ અને તખ્તને જ સર્વસ્વ માની લીધું અને લાઠીવાળાની ભેંસ બની ગયા. પરંતુ આ લોકો તો તેમની સાથે લવ લગાડી અને જાહેર તેમજ છુપી બંને રીતે ખુદા અને તેના રસૂલ (સલ.) તરફથી સત્તા તથા ઇખ્તિયાર અપાએલ હતો. અને એવા જ મહાન મર્તબાવાળા

સહાબીઓમાં હઝરત મિકદાદ બિન અસવદ (રઝિ.)ને ખાસ ઊંચો મુકામ પ્રાપ્ત છે.

## મીકાઇલની માફક

અલ્લાહ, અલ્લાહ! સરવરે દોઆલમ (સલ.) પોતાના આ જાનનિસાર યારનો પરિચય આ રીતે આપે છેઃ

જલીલ ખુદાવંદના તરફથી જિબ્રઇલ (અલ.) મને (રસૂલુલ્લાહને) જાણ કરે છે કે અય મુહંમદ (સલ.)! સલમાન (રઝિ.) અને મિકદાદ (રઝિ.) આપસમાં ભાઇ ભાઇ છે જે તમારા પ્રેમપુર્ણ ભાઇ,તમારા વસી અને તમારા ચુનંદા સાથી અલી (અલ.)ની મુહબ્બતમાં નિખાલસ છે એ બંને સાહેબો તમારા સાથીઓના વર્તૂળમાં જિબ્રઇલ (અલ.) અને

મીકાઇલ (અલ.)ના જેવા છે જેવા કે તેઓ ફરિશ્તાઓના સર્કલમાં છે. (મતલબ કે જેવો દરજ્જો એ બંનેને ફરિશ્તાઓના સર્કલમાં પ્રાપ્ત છે) સલમાન (રઝિ.) અને મિકદાદ (રઝિ.) તેના દુશ્મન છે જે આ બેમાંથી કોઇથી દુશ્મની રાથે છે (જિબ્રઇલ અને મીકાઇલથી) અને તેના દોસ્ત છે જેમને એમનાથી મહબ્બત હોય જેઓ મોહંમદ (સલ.) અને અલી (અલ.)ના દોસ્ત હોય અને આ (બંને) તેના દુશ્મન છે જે મોહંમદ (સલ.) અને અલી (અલ.)ના દુશ્મન છે. અગર આખી દુનિયાના લોકો સલમાન (રઝિ.) અને મિકદાદ (રઝિ.)ના મિત્ર માત્ર એ સબબસર બની રહે કે તેઓ એમના મિત્રોના મિત્ર છે અને વેરીઓથી અદાવત રાખે છે જે રીતે કે

એમને આસમાનોના પડદાઓ અને અર્શ તથા કુરસી રાખે છે તો ચોક્કસ ખુદા એમનામાંથી કોઇના પર પણ કોઇપણ જાતનો અઝાબ-પ્રકોપ ન કરત. (તફસીરે ઇમામ અસ્કરી, સૂરહ બકરહ, પેજ ૯૭, ૯૮ હવાલો-હયાતુલ કુલૂબ)

નબી સાહેબના ઇરશાદ અનુસાર મસીલે મીકાઇલ સહાબીએ રસૂલ (સલ.) હ. મિકદાદ (રઝિ.)ની ફઝીલત એક ખાસ સેવાના સર્ટિફિકેટ સમાન છે કે એમને સરકારે દોઆલમ (સલ.)ની નમાઝે જનાઝહમાં શામેલ થવાનું સદ્ભાગ્ય પણ હાંસલ થયું હતું. સલમાનફારસી (રઝિ.) ફરમાવે છે કેઃ જ્યારે હ. અલી (અલ.)નબી સાહેબ (સલ.)ના ગુસ્લ અને કફનના કામથી ફારેગ થયા તો મને

(સલમાનને), અબૂઝર (રઝિ.)ને અને ફાતિમા (સલા.), હસન (અલ.) અને હુસૈન (અલ.)ને બોલાવી લીધા. અલી (અલ.) પોતે આગળ ઊભા રહ્યા અને અમોએ એમની પછવાડે સફ બાંધી લીધી અને નબી સાહેબ (સલ.)ના જનાઝા પર નમાઝ અદા કરી. (આજ રિવાયતમાં એવું પણ છે કે હ. આયશા એ જ હુજરામાં મૌજૂદ હતાં પરંતુ જિબ્રઇલે એમની આંખોને ગયબી હાથ વડે બંદ રાખી હતી જેથી અમોને જોઇ શક્યાં ન હતાં.)

## જન્નતનો શોખ

બંને ફિરકાઓની કિતાબમાં મામુલી તફાવત સહિત આ હદીસ આવેલ છે અને સારી રીતે પ્રખ્યાત પણ છે કે હુઝૂર (સલ.)એ ફરમાવ્યું છે

કે જન્નત મારી ઉમ્મતમાંના ચાર શખ્સોની મુશ્તાક (શોખીન) છે. બંને ફિરકાવાળાઓએ ચાર સાહેબોમાં મિકદાદ (રઝિ.)નું નામ લીધું છે. સૈયદ તાઊસે એક રિવાયત એમના વિરોધીઓની નકલ કરી છે કેઃ અનસ બિન માલિકનું કથન છે કે એક દિવસે નબી સાહેબ (સલ.)એ ફરમાવ્યું કે બેહિશ્ત મારી ઉમ્મતમાંના ચાર સજ્જનોની મુશ્તાક છે. હુઝૂર (સલ.)ના રોબને લીધે મને એવી હિંમત ના થઇ કે એ ચાર સાહેબોનાં નામ પુછૂં. હું હ. અબુબકરની પાસે ગયો અને તેમને કહ્યું કે તમે હુઝૂર (સલ.)ને પુછી લો. હ. અબુબકરે કહ્યું કે અગર મારૂંનામ એમાં નહીં હોય તો મારો કબીલો બની તમીમ મને ઠપકો આપશે. એ સાંભળીને હું હ. ઉમર પાસે ગયો અને

તેમને પણ ઉપર મુજબની અરજ કરી તો તેમણે પણ કહ્યું કે જો હું ચારમાંનો એક નહીં હોઉં તો મારો કબીલો બની અદી મારી ટીકા કરશે. પછી હું (અનસ) હ. ઉસ્માનની પાસે ગયો અને એવી જ દરખાસ્ત કરી તો તે પણ બોલ્યા કે અગર મારૂં નામ એ ચારમાં નહીં હોય તો બની ઉમૈયહ મારી ઝાટકણી કાઢશે. છેવટે હું હ. અલી (અલ.) સમક્ષ ગયો અને મઝકૂર વાત કહી એ તે વેળા આપ બાગમાં પાણી આપતા હતા. આપે ફરમાવ્યું : ખુદાના સોગંદ, હું જરૂર રસુલુલ્લાહને દરયાફત કરીશ. અનસ (રઝિ.) કહે છે કે મારૂં નામ એ ચાર ખુશનસીબોમાં હશે તો અલ્લાહનો આભાર માનીશ અને જો મારૂં નામ તેઓમાં નહીં હોય તો રસૂલે

ખુદાને અરજ કરીશ કે મને પણ તેઓમાં શામેલ ફરમાવે. પછી હ. અલી (અલ.) રવાના થયા. સાથે હું (અનસ) પણ હતો. અમે જોયું કે નબી સાહેબ (સલ.)નું મુબારક માથું તે સમયે વહીયા કલબી (રઝિ.)ના ખોળામાં હતું. વહીયા અમીરૂલ મોઅમેનીન (અલ.)ને માન આપવા ઊભા થયા, સલામ કરી અને બોલ્યાઃ લો આ મુબારક માથું ખોળામાં લેવા કાજે આપ મારા કરતાં વધુ હકદાર છો. નબી સાહેબ જાગૃત થયા તો ફરમાવ્યું : અય અલી! કદાચ તમો કોઇ ખાસ હાજતસર આવેલ લાગો છો.અલી (અલ.)એ અરજ કરીઃ યા રસૂલુલ્લાહ! મારા મા-બાપ આપ પર ફિદા થાય. હું હાજર થયો તો એવું જોયું કે આપ સાહેબનું શિર

મુબારક વહીયા કલબી (રઝિ.)ના ખોળામાં હતું. તેમણે મને કહ્યું : પોતાના પિતરાઇ ભાઇનું શિરપોતાનાજ ખોળામાં લઇ લો. હુઝૂર (સલ.)એ ફરમાવ્યું : શું તમે ઓળખી શક્યા કે એ કોણ હતું? મેં અરજ કરી કે એ વહીયા કલબી હતા. હુઝૂરે ફરમાવ્યું : એ હ. જિબ્રઇલ (અલ.) હતા જેમણે તમને અમીરૂલ મોઅમેનીન કહીને પોકાર્યા. જનાબ અલી (અલ.)એ ફરી અરજ કરીઃ યા રસુલલ્લાહ! મારા મા-બાપ આપ પર કુરબાન. અનસ બિન માલિકે મને બતાવ્યું છે કે આપસાહેબે એવું ફરમાવ્યું છે કે જન્નત આપની ઉમ્મતમાંના ચાર માણસોની મુશ્તાક છે તો એ હઝરાત કોણ છે? હુઝૂર (સલ.)એ અલી (અલ.) તરફ ઇશારો કરીને

ફરમાવ્યું : તમો, અય અલી! તેઓમાં સહુથી પહેલા છો. પછી અલી (અલ.)એ અરજ કરીઃ બીજા ત્રણ સાહેબો કોણ છે? તો હુઝૂર (સલ.)એ ફરમાવ્યું : તેઓ મિકદાદ, સલમાન અને અબુઝર (રિઝવાનુલ્લાહે તઆલા અલયહે અજમઇન) છે.

## શંકાથી સુરક્ષિત

હ. ઇમામ મુહંમદ બાકર (અલ.)નું ફરમાન છે કે હઝરત મિકદાદ, સલમાન અને અબુઝર (રઝિ.) ત્રણે એવા અસહાબ હતા જેમનાં દિલોમાં રજ જેટલી પણ શંકા પ્રવેશી શકી નહોતી.

## હૂરે મકદૂદહ

હ. સલમાન ફારસી (રઝિ.)થી રિવાયતછે કે હું એક દિવસે હુઝૂર (સલ.)ની વફાત પછી ઘર

બહાર નિકળ્યો તો જનાબ અલી (અલ.)નો ભેટો થયો. જનાબ અલી (અલ.)એ ફરમાવ્યું : ફાતિમા (સલા.) તરફ જાઓ. એમને જન્નતમાંથી અમુક તોહફા મળેલ છે અને એમની ઇચ્છા તમને પણ એ ભેટમાંથી કંઇક પ્રદાન કરવાની છે. તો હું ફાતિમા (સલા.)ની હુજૂરમાં પહોંચ્યો. એ શાહઝાદી (સલા.)એ ફરમાવ્યું : ગઇ કાલે હું આ જ જગ્યાએ બેઠી હતી. દરવાજો બંધ હતો. હું ગમગીનીમાં વિચારી રહી હતી કે હવે અમો ખુદાપાકની વહીથી વંચિત થઇ ગયા અને અમારા ઘરમાં ફરિશ્તાઓની અવરજવર પણ અટકી ગઇ. એવામાં અચાનક દરવાજો ખુલ્યો અને ત્રણ કુમારિકાઓ દાખલ થઇ જેમના કરતાં વધારે સુંદર બાળકીઓ મેં અગાઉ

જોઇ ન હતી. કોઇપણ એમનાથી વધુ સુગંધીદાર પણ નહોતું દેખાયું. હું ઊભી થઇ ગઇ અને પૂછ્યું : મક્કાથી આવો છો કો મદીનાની રહેવાસી છો? તેઓ બોલીઃ અય રસૂલઝાદી સાહેબા! અમે આ જમીનની વાસી નથી. અમોને પરવરદિગારે જન્નતમાંથી આપની સેવામાં પાઠવી છે. આપના દીદારની અમો ખૂબજ મુશ્તાક હતાં. સહુથી મોટી દેખાતીને મેં પૂછ્યું : તમારૂ નામ? તે બોલીઃ મકદ્દદહ. મેં એ નામનું કારણ પૂછ્યું તો બોલીઃ કેમકે હું મિકદાદ બિન અસવદને માટે બનાવવામાં આવી છું. (હયાતુલ કુલૂબ)

મને ઘણો જ અફસોસ થાય છે કેમકેકલમકાર મુસલમાનોની પેનોની નિબો પણ

તેજ લોખંડની બનેલી છે જેનાથી બેગુનાહ લોકોના લોહીથી ખરડાતી તલવારો બનતી હતી. તેથી તે લોકોના અહેવાલો અને સદ્‌ગુણો તથા પ્રશંસાને સદા કલમ અંદાજ (બાકાત) રાખવામાં આવ્યાં કે જેઓને સત્તાવાળાઓ પોતાના વિરોધી માનતા હતા. તેથી જ નબીના જમાનામાં માન મેળવનાર સહાબાઓની કદર કિંમત નબી સાહેબ (સલા.)ની આંખ મીંચાતાની સાથે જ પામાલ થવા લાગી અને જમાનાની રીત મુજબ લોકોએ સત્તાવાળાઓનાં વખાણનાં ગીતો જોરજોરથી ગાવાનું શરૂ કર્યું. બુઝુર્ગ અને સારા અસહાબ તરફથી આંખો ફેરવી લીધી. આવા અફસોસનાસ સમય છતાં એ કુદરતનો એહસાન છે કે કોલસાની ખાણમાંથી સારી

સંખ્યામાં હીરા પણ નીકળી જ આવે છે. જેમનો જગમગાટ એક તરફ હિદાયતની રોશનીમાં ઉમેરો કરે છે અને બીજી બાજુએ ગુમરાહીની આંખોને આંજી નાખે છે. હઝરત મિકદાદ (રઝિ.)નો ઊંચો મુકામ અને એમની ખાસ મહાનતાનો અંદાજ આપ એ પરથી કાઢી શકો કે ઇસ્લામની પહેલી જંગ ગઝવએ બદરમાં એમને શરીક થવાનું બહુમાન મળ્યું અને “તબકાતે ઇબ્ને સઅદ” અનુસાર આપ તે એકમાત્ર મુજાહિદ હતા જે ઇસ્લામના લશ્કરમાં ઘોડેસવાર હતા. આ કિતાબમાં છે કે :

“મિકદાદ બિન અમ્રથી મરવી છે કે બદરના દિવસે મારી પાસે એક ઘોડો હતો જેનું નામ “સજ્જહ”હતું. હઝરત અલી (અલ.)ની રિવાયત છે

કે બદરના દિવસે મિકદાદ (રઝિ.) ના સિવાય કોઇપણ ઘોડેસવાર ના હતો. (તબકાત ભાગ-૩, પૃ.૩૧૫)

તબકાતના કર્તા લખે છે કે “કાસિમ બિન અબ્દુર્રેહમાનથી રિવાયત છે કે અલ્લાહની રાહમાં સૌપ્રથમ જે શખ્સને તેના ઘોડાએ દોડાવ્યો તે મિકદાદ બિન અસવદ છે. (ભાગ-૩, પેજ.૩૧૫)

પરંતુ અફસોસ કે હક અને બાતિલ વચ્ચેની પ્રથમ લડાઇમાં સૌપ્રથમ ઘોડાને દોડાવનાર આ મુજાહિદના પરાક્રમો વર્ણવી કિતાબ “ઝહબીયા”ને પાછળથી આવેલાં આક્રમણકારી લશ્કરોના ઘોડાઓની ટાપોની ધૂળ વડે એટલી હદે ઢાંકી દેવામાં આવી કે આજે સત્ય અને અસત્યની

ઓળખમાં માટીની એક ઉંચી દીવાલ આડે આવી ગઇ છે. તેહકીક કરનારાઓને માટે એને પાર કરવું જીવજોખમનું કામ બની ગએલ છે. છતાંએ “હિંમતે મર્દાં-મદદે ખુદા” જો નેક નિયતથી કોશિશ કરવામાં આવે તો ખુદાના ફઝલથી આ રેતાળ દિવાલો માત્ર એકજ નારએ હૈદરીની ફૂંકથી ઊડી જાય છે અને તમામ હકીકતો સાફ આરસીની જેમ સામે આવી જાય છે.

## ટૂંક જીવન કથની

હ. મિકદાદની ફઝીલતો વર્ણવવા માટે ખ્વાજા ખિઝર (અલ.)ની ઉંમર પણ ઓછી પડે તેમ છે. આલિમોનો મત એ છે કે સહાબીઓમાં એમના બુલંદ મર્તબાના લોકો સલમાન (રઝિ.) અને

અબૂઝર (રઝિ.)ના પછી કોઇ નથી. મોહંમદ બિન સઅદના સંશોધન અનુસારએમની કુન્નિયત “અબુ સઇદ” હતી અને વંશાવળી આ મુજબઃ ઇબ્ને સઅલબા બિન માલિક બિન રબીઅહ બિન સમામહ બિન મતરૂદ બિન અમ્ર બિન સઅદ બિન ઝુહૈર બિન લૂઇ બિન સઅલબહ બિન માલિક બિન અશરીદ બિન અબી અહવન બિન ફાઅશ બિન દુરૈમ બિન યકીન બિન અહવદ બિન બહરા બિન અમ્ર બિન અલહાફ બિન કઝાઅહ. અને કુન્નીયત અબૂસઇદ હતી. અજ્ઞાનતાના યુગમાં અસવદ બિન યગૂથ ઝહરી સાથે સગપણ સંધી કરી તેમણે એમને મુતબન્નહ (દત્તક પુત્ર) બનાવ્યા. તેથી મિકદાદ બિન અસવદ કહેવાતા હતા. પછી જ્યારે

કુર્આનેપાકમાં આયત ઊતરી કે “ઉદઊહુમ લિ આબાઇહિમ” (લોકોને તેઓના પિતાના નામો પોકારો) તો મિકદાદ બિન અમ્ર કહેવા લાગ્યા.

ઇબ્ને અસીર લખે છે કે એ મર્દ બિન સઅલબહ બિન મતરૂદ બિન અમ્ર કન્દીના પુત્ર હતા. અમુક કહે છે કે એમનો સંબંધ કસાઅહ કબીલા સાથે હતો. એવું પણ કહેવાય છે કે હઝરમૌતના રહેવાસી હતા પરંતુ એમના પિતા કબીલા કન્દહની સાથે સોગંદ વડે જોડાઇ ગયા હતા. તેથી એમાંના ગણાવા લાગ્યા હતા. અલ્લામહ ઇબ્નુલબર્રના મત મુજબ આપ (રઝિ.) અસવદ બિન યગૂથ ઝહરીના ગુલામ હતા. પરંતુ અસવદે

એમને દત્તક પુત્ર બનાવી લીધા હતા તેથી એમનાથી સંબંધિત થઇ ગયા હતા.

હ. મિકદાદ સૌપ્રથમ ઇસ્લામ લાવનારાઓમાંના હતા. એ ઘણાં જ બહાદુર, હિંમતવાન, મુજાહિદ મર્દહતા. સુફયાને પોતાના પિતાથી રિવાયત કરી છે કે મિકદાદ જ તે મુજાહિદ છે જેમને એમનો ઘોડો સૌથી પહેલાં જંગમાં લઇ ગયા. એવા એ અલ્લાહના ખુશનસીબ સિપાહી હતા. (તબકાત)

અબ્દુલ્લાહથી રિવાયત છે કે હું (રાવી) મિકદાદ (રઝિ.)ના ભેગો હતો. અલબત્ત મને એમનો સાથી હોવું એના કરતાં વધુ પસંદ છે કે જેમનાથી હટાવવામાં આવ્યો. એ બદરના અને કેશ્વરવાદીઓ

(મુશરિકો)ને બદદુઆ દેતા નબીસાહેબ (સલ.) ની પાસે આવ્યા અને બોલ્યાઃ યા રસુલલ્લાહ! અમે આપને તે વાત નહીં કહીએ જે વાત મૂસા (અલ.)ની કૌમે મૂસા (અલ.)ને કહી હતી કે "આપ અને આપનો ખુદા બંને જાઓ અને લડાઇ કરો અમો તો અહિયાં જ બેઠા છીએ." ના, અમે તો આપસાહેબની જમણે અને ડાબે અને આગળ અને પાછળ બધે સાથે રહીને આપના દુશ્મનોની સામે જંગ કરીશું. મેં (રાવીએ) જોયું કે નબી (સલ.)નો મુબારક ચહેરો ખીલીને રોશન થઇ ગયો અને આપ રાજી રાજી થઇ ગયા. આ વાત મિકદાદ (રઝિ.) જિહાદના જઝબા અને શહાદતનો શોખ દેખાડવા માટે પૂરતી છે. એ બદર, ઉહદ, ખન્દક તથા બીજી

જંગોમાં નબી (સલ.)ની સાથે હાજર હતા અને એમના ખાસ તીરંદાજોમાં ઘણા મશહૂર હતા. નબીસાહેબની ઘણાં જ નજીક હતા. તે એટલે લગી કે હુઝૂર (સલ.)એ મિકદાદ (રઝિ.)ના નિકાહ ઝબાઅહ બિન્તે ઝુબૈર બિનઅબ્દુલ મુત્તલિબની સાથે કરાવી દીધો હતો. (તબકાત)

ઇબ્ને બાબુયાની ઇમામ રઝા (અલ.)ની મોતબર સનદ સહિત રિવાયત છે કે એક વખત જિબ્રઇલ (અલ.) હુઝૂર (સલ.)પર નાઝિલ થયા અને કહ્યું : યા રસૂલુલ્લાહ! આપનો પરવરદિગાર આપને સલામ કહે છે અને ફરમાવે છે કે બાકિરહ (અવિવાહિત) બાળકીઓ ઝાડ પરનાં ફૂલો જેવી છે. જ્યારે એ ફળ પાકી જાય છે તો એમનો ઇલાજ

તોડી લઇને વાપરવા સિવાય બીજો કોઇજ નથી. અગર એમનો ઉપયોગ નહીં કરો તો પવન એમને ખરાબ કરી નાખશે અને સૂરજનો તાપ એમને બેકાર બનાવી દેશે. એજ રીતે કુમારી બાળકીઓ જ્યારે પુખ્ત ઉંમરે જઇ પહોંચે છે ત્યારે તેમનો ઇલાજ પતિના સિવાય કંઇ નથી. એવું નહીં કરવામાં આવે તો ફિત્ના-ફસાદ-કરપ્શન વિગેરથી એમનું બચવું શક્ય નથી. એ સાંભળીને હુઝૂર (સલ.) મિમ્બર પર તશરીફ લઇ ગયા અને લોકો સમક્ષ ખુત્બો પઢીને લોકોને ઉપરોક્ત બાબતોથી ખબરદાર કર્યા, જેવો કે એમને ખુદાએ હુકમ ફરમાવ્યો હતો. તો લોકોએ પૂછ્યું : યા રસૂલલ્લાહ! અમે અમારી છોકરીઓને કોની સાથે પરણાવી

દઇએ? આપસાહેબે ફરમાવ્યું : કુફ્વ (બરાબરીના) લોકોની સાથે. પૂછવામાં આવ્યું કે કુફ્વથી મુરાદ શું છે? ફરમાવ્યું : મોમિનો એક બીજાના કુફ્વ અને હમસર કે સમાન છે. એવું ફરમાવીને મિમ્બર પરથી નીચે આવીને હુઝૂર (સલ.)એઝબાઅહને મિકદાદ (રઝિ.)ની સાથે પરણાવી દીધી અને ફરમાવ્યું : મેં પોતાના કાકાની દીકરીને મિકદાદની સાથે એ કારણે પરણાવી દીધી છે કે નિકાહ નીચો (હળવો) બને એટલે કે લોકો કુફ્વની બાબતમાં કુળ કબીલાનો ખ્યાલ ન કરે બલ્કે દરેક મોમિનીન સાથે સગપણ બાંધી શકે.

ઇબ્ને સઅદે કરીમા બિન્તે મિકદાદથી (સાંભળીને) એમના ચહેરમહેરાનું વર્ણન આવું કર્યું :

રંગ ઘંઉવર્ણો, ઊંચા, બહોળું પેટ, માથે ઘીચ વાળ, દાઢીને પીળી રંગતા હતા, જે સારી દેખાતી હતી. ન તો બહુ લાંબી કે ન બહુ નાની, આંખો મોટી, જોડાએલા ભંવા, ઊભરતું નાક, નસકોરા તંગ.

હઝરત કુલૈનીએ ઇમામ બાકર (અલ.)થી રિવાયત કરી છે કે એક દિવસે હઝરત ઉસ્માને મિકદાદ (રઝિ.)ને કહ્યું : મારી નિંદાથી અને અલી (અલ.)ની તારીફથી અટકી જાઓ, નહીં તો હું તમને તમારા પહેલાંના માલિક પાસે મોકલાવી દઇશ. જ્યારે પોતાના મોતનો સમય આવ્યો ત્યારે મિકદાદ (રઝિ.)એ અમ્માર યાસિર (રઝિ.)ને કહ્યું કે ઉસ્માનને કહી દો કે હું મારા અગાઉના આકા તરફ

પાછો જઇ રહેલ છું. એટલે કે બંને જહાનોના પરવરદિગારની હજૂરમાં.

## શંકાથી સુરક્ષિત

સમયની સરકાર મિકદાદ (રઝિ.)થી ખફા કેમ હતી તેનો જવાબ તૂસી આ રીતે આપે છેઃ

“જયારે લોકોએ ઉસમાન બિન અફફાનની બૈઅત કરી ત્યારે મિકદાદ (રઝિ.)એહઝરત ઇબ્ને અબ્બાસ (રઝિ.) અબ્દુર્રેહમાન બિન અવફ (ઉસ્માનને ખલીફા બનાવનાર)ને કહ્યું : ખુદાના સોગંદ, હુઝૂર (સલ.)ના અહલેબૈત (અલ.) પર હુઝૂરના પછી જે કંઇ વીત્યું છે તેનો દાખલો બીજે જડતો નથી. અબ્દુર્રેહમાને ધ્યાન નહીં આપતાં કહ્યું : તમને એનાથી શી લેવા દેવા? મિકદાદ (રઝિ.)એ

કહ્યું : ખુદાની કસમ! હું અહલેબૈતથી મુહબ્બત કરૂં છું. માત્ર એ માટે કે હુઝૂર (સલ.) એમને ખૂબ જ ચાહતા હતા. અને અલ્લાહની કસમ, મને એમની અવદશા જોઇને એટલું દુઃખ થાય છે કે વર્ણવી નથી શકતો. કુરેશને એમના જ પ્રતાપે માનમોભો મળેલ હતો. પછી બધાએ મળીને એવું પ્રપંચ કર્યું કે રસૂલુલ્લાહ (સલ.)ની બાદશાહી એમના કબ્જામાંથી છીનવી લે. અબ્દુર્રહમાને ગુસ્સે થઇને કહ્યું : અફસોસ છે તમારા પર. મેં એ કોશિશ તો તમારા લોકોને માટે જ કરી છે અને તેથી જ ખિલાફત અલી (અલ.)ના હાથમાં જાય તે પસંદ ન કર્યું. મિકદાદ (રઝિ.)એ કહ્યું : ખુદાની કસમ! તેં તે શખ્સને છોડી દીધો જે લોકોને હક તરફ જ બોલાવે છે અને ન્યાય

સહિત તેમની વચ્ચે હુકમો જારી કરે છે. અલ્લાહની કસમ! અગર મને મદદગારો મળી રહેત તો હું કુરૈશની સાથે તે જ રીતે જંગ કરત કે જે રીતે બદર અને ઉહદના દિવસે કરી હતી. અબ્દુર્રહમાને લાલચોળ થઇને કહ્યું : તારી માં તારૂં માતમ કરે. ઓ મિકદાદ, તું આવુંબોલવાનું બંધ કર નહીં તો લોકો ભડકીને ફિત્નો ફસાદ ઊભો કરશે. મને ભય છે કે તમારી વાતોથી લોકોમાં મતભેદો ઊભા થશે. રાવી કહે છે કે મિકદાદ (રઝિ.)એ બેઠકમાંથી ઊભા થયા ત્યારે હું એમની પાસે ગયો અને બોલ્યોઃ હું તમારી મદદ કરવા તૈયાર છું. મિકદાદે કહ્યું : અલ્લાહ તમારા પર રહેમ ફરમાવે, મારી ઇચ્છા બે કે ત્રણ માણસોના ભેગા થવાથી પૂરી થાય તેમ

નથી. એ પછી રાવી હ.અલી (અલ.)ની સેવામાં ગયા અને આ બધી વાતચીત સંભળાવી. અલી (અલ.)એ ફરમાવ્યું : અલ્લાહ મિકદાદનું ભલું કરે.

આ રિવાયતથી તે કારણો સ્પષ્ટ થાય છે જેને કારણે સમયની સરકારની સાથે મિકદાદની અથડામણ થતી હતી રહેતી હતી.

## કુર્આનના અલિફ

ઇમામ સાદિક (અલ.)નો કોલ છે કેઃ મિકદાદ (રઝિ.)નો રૂત્બો કુર્આનમાં “અલિફ”ના જેવો જ છે કે બીજો કોઇપણ હરફ (અક્ષર) એ (અલિફ)ની સાથે જોડાતો નથી. તેવી રીતે મિકદાદ (રઝિ.)ના કમાલ સાથે કોઇનો કમાલ નથી જોડાતો.

## ખાસ શ્રેષ્ઠતા

હુઝૂર (સલ.)ના સાથીઓના સર્કલમાં મિકદાદ (રઝિ.)ને એ મહાનતા પ્રાપ્ત છે કે શેખ કિશીએ મોતબર સનદોથી રિવાયત કરી છે તેમ સામાન્ય સહાબાઓમાં કોઇ સાહેબ એવા ન હતા જેમણે હુઝૂર (સલ.)ના પછી કોઇ નામુનાસિબ હરકત ન કરી હોય સિવાય મિકદાદ (રઝિ.)ના કેમકે એમનું દિલ હકની હિમાયતમાં લોખંડ સમાનસખ્ત હતું.

અંતિમ જમાનાના નબી (સલ.) આ વકારવંત સાથી ૭૦ અથવા ૮૦ વર્ષની વયે આ નાશવંત જગતમાંથી રૂખ્સદ થઇ ગયા. મદીનાથી ત્રણ માઇલના અંતરે દૌરૂલ હરફમાં વફાત પામતાં

લોકો ગર્દનો પર લાદીને એમને મૈયતને મદીના મુનવ્વરહમાં પહોંચાડી. જન્નતુલ બકીના કબ્રસ્તાનમાં દફન થયા. વફાતના કારણ બાબત મતભેદ છે. અબી ફાઇદના કથાનુસાર અંજીરનું તેલ પીવાથી વફાત થઇ. અમુકનું ગુમાન છે કે સરકારે છાની રીતે ઝેર આપવાનો પ્રયત્ન કર્યો હતો. વફાતની ખબર હ. ઉસ્માનને મળી તો અફસોસ વ્યક્ત કરીને કહ્યું : મિકદાદ (રઝિ.) ઘણાં સારા માણસ હતા. આ સાંભળીને ઝુબૈર બિન અવામથી ચુપ ના રહેવાયું અને તેમણે આ પંક્તિ પઢી. (અનુવાદ)

"મારા મરી ગયા પછી તમે મારા વખાણ કરશો જો કે જીવતાજીવત મને રજમાત્ર માન નહોતું દીધું."

(તબકાતે ઇબ્ને સઅદ, ભાગ-૩, પૃ-૩૧૭)

બદલ દે બદલ દે ખયાલે ઝબૂં કો

મિટા દે મિટા દે મલાલે દરૂં કો

દિખા દે દિખા દે બહારે સુકૂં કો

ઉલટ દે ઉલટ દે નિઝામેં જુનૂં કો

હૈ મિકદાદ તુ રહબરે ઇન્કિલાબી

હરેક દૌર કા મહવરે ઇન્કિલાબી

(એહસાન અમરોહવી)

અર્થાત દુષ્ટ વિચારોને તરછોડો, અંતરના રંજને દૂર કરો, શાંતિની વસંતનો પરિચય પ્રદાન કરો, પાગલોના તંત્રને ઉખાડી ફેંકો, અય મિકદાદ (રઝિ.)! તું તો છે જ પરિવર્તનનોઆગેવાન, દરેક યુગનો રિવોલ્યુનરી રાહબર.

## (૬) શીયા-સુન્ની એક અફસોસજનક બૂમાબૂમ

## મુસ્લિમ ઉમ્મતને એક દર્દભરી અપીલ.

અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન, અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિંવ વ આલે મોહંમદ.

સર્વ તારીફોને લાયક અલ્લાહ જ છે. જે દુનિયાનો પાલનહાર છે. તેના સિવાય કોઇ પૂજવાને લાયક નથી. હજારો દુરૂદો સલામ થાય અલ્લાહના પ્યારા નબી હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ ઉપર, સાથે આપની આલ ઓલાદ ઉપર. આપના બાદ દુનિયામાં કોઇ નબી આવ્યા નથી અને ન તો આવશે. આપ ઉપર નુબુવ્વતનો સિલસિલો પૂર્ણ થાય છે.

પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ના આ દુનિયાથી પરદે થયા પછી તરત જ આ ઉમ્મત મુખ્ય બે ગિરોહમાં વહેંચાઇ ગઇ. શીયા અને સુન્ની, પેગંબરના જાનશીનને નિયુક્ત કરવાનો સિયાસી મતભેદ વિસ્તાર પામ્યો. જે ધીરે ધીરે એતેકાદ, ફિકહ, તફસીરે કુર્આન, રિવાયતે હદીસ, શરઇ એહકામ, રાજકારણ તથા હુકૂમત અંગેના મતમતાંતરમાં ફેરવાઇ ગયો. અને અંતે આલમે ઇસ્લામ બે મહત્ત્વના ફિરકાઓ અર્થાત સુન્ની બહુમતિ અને શીયા લઘુમતિમાં વહેંચાઇ ગયો.

જો આપણે ધ્યાનપૂર્વક જોઇશુ તો શીયા અને સુન્ની બિરાદરીઓમાં પાયાના સિદ્ધાંતોમાં કોઇ

જ ફરક દેખાશે નહિ. વ્યક્તિના મુસલમાન હોવાના સુન્ની બિરાદરીના મુખ્ય સિદ્ધાંતો આ છે.

**(૧) તવહીદ (૨) રિસાલત (૩) કયામત**

અલ્લાહ ઉપર ઇમાન લાવવું, અલ્લાહને જ પૂજવાને લાયક અને સર્વશક્તિમાન માનવું, હઝરત આદમ (અલ.)થી લઇને ખાતેમુન્નબીય્યીન હઝરત મોહંમદ્દર રસૂલુલ્લાહ (સલ.) સુધી અલ્લાહે નાઝિલ કરેલા બધા જ નબીઓને સાચા માનવા, ખામેમુન્નબીય્યીન (સલ.)ની શરીઅતને અનુસરવું, કયામત આવવાની છે. અને તમામ ઇન્સાનોએ અલ્લાહને હિસાબ આપવાનો છે આ પ્રમાણેનો અકીદો તમામ ઉમ્મતની એકતાની એક કડી છે.

મુસ્લિમ ઉમ્મતનો 30 થી વધુ ભાગ શીયા બિરાદરીનો છે. જેઓ (૧) તવહીદ (૨) અદલ (૩) રિસાલત (૪) ઇમામત અને (૫) કયામત.

ઉપરોક્ત પાંચ અકીદામાં માને છે. રિસાલતની સાથે ઇમામતનો અકીદો શીયા બિરાદરીની એક ખાસ વિશેષતા છે.

અલ્લાહે ઇન્સાનોની હિદાયત માટે હંમેશાની વ્યવસ્થા કરી છે. અલ્લાહ ઇન્સાનોની કશ્તીને સમંદરની ભંવરોમાં ભટકવા દેતો નથી. જો ઇન્સાન પોતે જ ભટકવા માંગે તો અલગ વાત છે. ઇન્સાનો ઉપર અલ્લાહનો એક લુત્ફ છે અલ્લાહનો કરમ અને એહસાન છે. અલ્લાહ જ્યારે બુરાઇઓ ઉપર ઇન્સાનોને સજા આપે છે. તો તે સાથે ઇન્સાનો

બુરાઇઓથી બચે, તેની બધી જ વ્યવસ્થા પણ તે કરે છે. ખત્મે નુબુવ્વત પછી અલ્લાહે ઇન્સાનોને એમ જ કિતાબને હવાલે નથી કર્યા. બલ્કે કિતાબે ખુદા ઉપર અમલ કરીને જીવન જીવનારા હાદીઓની,ઇન્સાનોને. હિદાયત તરફ બોલાવનારા ઇમામોની વ્યવસ્થા પણ કરી છે. આ કુર્આનનો સુન્નતનો અકીદો છે. ઇસ્લામનો અકીદો છે. શીયાઓએ ઉપજાવી કાઢેલી કોઇ વાત નથી. ઇમામ અથવા ખલીફા અલ્લાહનો પ્રતિનિધિ છે. અલ્લાહના હુકમો લોકો ઉપર લાગુ કરવા અલ્લાહે જ મુકર્રર કરેલો હોય છે. દુનિયાના લોકોએ ચૂંટણી દ્વારા કે સંમતિ સાધીને નિયુક્ત કરેલો વ્યક્તિ બાદશાહ, રાજા કે સુલતાન ગણાશે. તેને અલ્લાહનો પ્રતિનિધિ

નહીં ગણાય. અલ્લાહનો પસંદ કરેલો પ્રતિનિધિ માસૂમ જ હોય.

**અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે.**

"તારો રબ પેદા કરે છે. જે કંઇ ચાહે છે. જેને ચાહે છે, પસંદ કરી લે છે. (મુન્તખબ કરે છે) આ પસંદગી આ લોકોએ કરવાની નથી."

(સૂ. કસસ, આ. ૬૮)

ઉપરોક્ત આયતથી તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે ઇન્સાનને કોઇપણ પ્રકારની પસંદગી કરવાનો હક નથી. પરંતુ આ કાર્ય સંપૂર્ણ રીતે અલ્લાહના કબજામાં છે.

હઝરત આદમ (અલ.)ને પેદા કરતાં અગાઉ અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને ફરમાવ્યું.

اِنِّیۡ جَاعِلٌ فِی الۡاَرۡضِ خَلِیۡفَۃً

**ઇન્ની જાએલુન ફિલ અર્ઝે ખલીફહ**

હું પૃથ્વી ઉપર એક ખલીફા બનાવવાનો છું.

(સૂ. બકરહ, આ. 30)

ખુદાના આ હુકમ સામે જ્યારે ફરિશ્તાઓએ પોતાની નારાજગી વ્યકત કરી, તો અલ્લાહે એક ટૂંકા જવાબથી તેઓની વાતને રદ કરી. “ઇન્ની અઅ્લમો માલા તઅ્લમૂન હું જે જાણું છું તેતમે નથી જાણતા.”

ખલીફાની પસંદગી માટે માસૂમ એવા ફરિશ્તાઓની દખલગીરીને અલ્લાહે નાપસંદ ફરમાવી તો આપણા જેવા ગુનેહગાર લોકોને કેવી

રીતે પોતાનો ખલીફા ચૂંટી કાઢવાની છૂટ આપી દેવામાં આવે?

يٰدَاوٗدُ اِنَّا جَعَلْنٰكَ خَلِيْفَةً فِي الْاَرْضِ

યા દાઉદ ઇન્ના જઅલ્નાક ખલીફતન ફિલ અર્ઝે.

(સૂ. સાદ, આ. ૨૬)

**અલ્લાહે હઝરત દાઉદ (અલ.)ને પોતે જાતે ખલીફા બનાવ્યા છે, ઇરશાદે ઇલાહી છે.**

"અય દાઉદ, અમે તમને જમીન ઉપર અમારા ખલીફા બનાવ્યા છે."

ખલીફાની નિયુક્તિને-પસંદગીને અલ્લાહે ઉપરોક્ત આયતમાં પોતાના તરફ નિસ્બત બતાવી છે.

હઝરત ઇબ્રાહીમ (અલ.)ને વહી કરવામાં આવી.

قَالَ اِنِّیۡ جَاعِلُکَ لِلنَّاسِ اِمَامًا ؕ قَالَ وَ مِنۡ ذُرِّیَّتِیۡ ؕ قَالَ لَا یَنَالُ عَہۡدِی الظّٰلِمِیۡنَ ﴿۱۲۴﴾

**કાલ ઇન્ની જાએલુક લિન્નસે ઇમામા, કાલ વ મિન ઝુર્રીય્યતી, કાલ લા યનાલો અહદિઝ ઝાલેમીન.**

(સૂ. બકરહ, આ. ૧૨૪)

અલ્લાહે ફરમાવ્યું "હું તમને લોકોના ઇમામ બનાવવાનો છું. (હઝરત ઇબ્રાહીમે કહ્યું) અને શું મારી અવલાદ માટે પણ આ જ વચન છે? ફરમાવ્યું (હા) પરંતુ મારૂં વચન ઝુલ્મીઓ માટે નથી.

એક સામાન્ય નિયમ મુજબ અલ્લાહે ફરમાવ્યું "અને અમે તેઓને (લોકોના) ઇમામ બનાવ્યા કે અમારા હુકમથી તેઓ હિદાયત કરે છે.

(સૂ. અંબિયા, આ. ૭૩)

હઝરત મૂસા (અલ.)ને એક વઝીરની જરૂરત ઊભી થઇ કે તે તેમની નુબુવ્વતનાકામોમાં મદદરૂપ થાય. તો તેઓએ પોતાની મરજીથી કોઇને પોતાનો વઝીર મુકર્રર ન કર્યો પરંતુ તેમણે ખુદાથી દુઆ કરી.

وَاجۡعَلۡ لِّیۡ وَزِیۡرًا مِّنۡ اَہۡلِیۡ ﴿۲۹﴾ ہٰرُوۡنَ اَخِی ﴿۳۰﴾

**વજઅલ વઝીરમ મિન અહલી હારૂન અખી**

અને મારા કુટુંબવાળાઓમાંથી મારા ભાઇ હારૂનને મારો વઝીર બનાવી દે.

(સૂ. તાહા, આ. ૨૯, ૩૦)

અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે ઉત્તર આપ્યો.

قَالَ قَدۡ اُوۡتِیۡتَ سُؤۡلَکَ یٰمُوۡسٰی ﴿۳۶﴾

**કાલ કદ ઉતીત સુઅલક યા મૂસા**

કહ્યું (અલ્લાહ) અય મૂસા તમારી બધી દરખાસ્ત મંજુર કરી લીધી.

(સૂ. તાહા, આ. ૩૬)

મતલબ ખલીફા, કે ઉમ્મતનો ઇમામ જે નબીઓનો આધ્યાત્મિક (રૂહાની) વારસ ગણાય છે. તેની નિયુક્તિ-ખુદાઇ પસંદગીનું એલાન ઉમ્મતની સમક્ષ નબી દ્વારા થાય છે. અથવા ભૂતપૂર્વ ઇમામ દ્વારા થાય છે. આ એલાનને “નસ્સ” કહેવામાં આવે છે. જેનો શાબ્દિક અર્થ સ્પષ્ટતા, વઝાહત, નિયુક્તિ થાય છે. શીયા બિરાદરીની માન્યતા ઉપરોક્ત કુર્આનની આયતો અનુસાર ખલીફા કે ઇમામ “મન્સૂસ મિનલ્લાહ” અલ્લાહ તરફથી નિયુક્ત થયેલો હોવો જોઇએ.

દુનિયામાં ખલીફાની નિયુક્તિ “મિન જાનિબિલ્લાહ” હોવી જોઇએ એ વાત જો શીયાઓએ ઊપજાવી કાઢેલી હોત તો આજે દુનિયાની કરોડોની શીયા ઉમ્મત આવા ગલત અકીદા ઉપર બાકી રહી શકી હોત નહીં. બલ્કે એનું અસ્તિત્વ જ ખતરામાં હોત,ઉલટાનું સતત લગાતાર, નિરંતર, નેક અને પ્રમાણિક લોકોનું, ઉચ્ચ ઇલ્મ ધરાવનાર આઝાદ લોકોનું, શીયા બિરાદરીમાં સામેલ થવું આ વાતની દલીલ છે કે, ઇમામત કુર્આનો-સુન્નતનો અકીદો છે.

મુસલમાનોએ પોતાના ઇતિહાસને મારી મચકોડીને ઘડેલો છે. ઇસ્લામના ઉદયકાળમાં જ વફાતે રસૂલ પછી તેની સાથે અનેક ચેડાં થયેલા છે. કાપકૂપ-વધારો ઘટાડો કરીને ઇતિહાસને

પોતાના અકીદાને અનુરૂપ ઇમામતના અકીદાની વિરૂદ્ધ બનાવવાની કોશિશ કરી છે. છતાંય આ લોકો સંપૂર્ણ કામ્યાબ રહ્યા નથી. આ પણ અલ્લાહનો લુત્ફ અને કરમ છે. અલ્લાહ બાતિલને કદીપણ હક ઉપર પ્રભુત્વ આપતો નથી. સત્ય, અસત્ય સાથે ચાલતું દેખાય છે. કદીક અસત્ય પ્રભુત્વશાળી પણ દેખાતું હોય છે. પણ તે ફક્ત દેખાતું જ હોય છે. હકીકતમાં હોતું નથી.

પાછલા બધા જ નબીઓના વસીઓ-નાઇબો-ઉત્તરાધિકારીઓ હતા. જેઓ નબીઓની સાથે નબીઓના મદદગાર પણ હતા. અને નબીઓની ગેરહાજરીમાં નબીઓની જગ્યા

સંભાળતા હતા. જેઓ ઇન્સાનોને હિદાયત તરફ બોલાવનારા હાદીઓ હતા.

અમારા ઉપર એવો એતેરાઝ કરવામાં આવે છે કે શીયાઓ પ્યારા નબી હઝરત મોહંમદુર રસૂલુલ્લાહ (સલ.)ને નબી માનતા નથી. પરંતુ હઝરત અલી (અલ.)ને નબી માને છે. શીયાઓ હજ કરવા કરબલા જાય છે. વળી અમૂક તો એમ પણ કહે છે કે"શીયાઓની માન્યતા એવી છે કે, હઝરત જિબ્રઇલ (અલ.)એ ભૂલ કરી, અલ્લાહે નુબુવ્વત તો હઝરત અલી (અલ.)ને આપી હતી. પરંતુ હઝરત જિબ્રઇલ (અલ.) ભૂલમાં હઝરત મોહંમદ (સલ.) પાસે પહોંચી ગયા." અમે આવી વાતોથી અલ્લાહથી તોબા માંગીએ છીએ.

વળી કેટલાક તો એવું પણ કહે છે કે “શીયાઓ એમ માને છે કે અલ્લાહે નુબુવ્વત તો હઝરત અલી (અલ.)ને જ આપી હતી પરંતુ હઝરત મોહંમદ (સલ.)એ હઝરત અલી (અલ.)ને પોતાની દીકરી નિકાહમાં આપીને તેઓ પાસેથી નુબુવ્વત લઇ લીધી.” અસ્તગફિરૂલ્લાહ અસ્તગફિરૂલ્લાહ. અલ્લાહ માફ ફરમાવે આવી કોઇ જ વાત નથી.

અમો આવી વાહિયાત વાતોથી અલ્લાહની પનાહ માંગીએ છીએ. સાથે સાથે જુઠ્ઠાઓ ઉપર ખુદાની લઅનત થાય તેવી બદદુઆ પણ કરીએ છીએ. જો કોઇ વ્યક્તિ ઉપરોક્ત પ્રકારની વાતો કહેતો હોય કે એવો અકીદો ધરાવતો હોય તો

અમારી દૃષ્ટિએ-ફિકહે જાફરીના ફતવા અનુસાર તે શીયા પણ નથી અને સુન્ની પણ નથી. કાફિર છે.

મુસલમાનો આવી વાહિયાત માન્યતાઓ ફેલાવનારા સામ્રાજ્યવાદીઓથી તથા મહાસત્તાઓના હાથા બનેલા પેટભરૂ મુલ્લાઓથી ચેતે, જેઓ પોતાના પેટને ખાતર ઇમાનવાળાઓમાં ફાટફૂટ પડાવવા આવી વાતો ફેલાવતા હોય છે. જેઓ આ ઉમ્મતની એકતાના દુશ્મનો છે.

આ મહાસત્તાઓ જેઓ પોતાને સુપરપાવર સમજે છે. તેઓ ઇચ્છતાનથી કે મુસલમાનો એક ઉમ્મત બનીને જીવે. મુસલમાનોમાં ઇત્તફાક પેદા થાય તેઓ જાણે છે કે મુસલમાનોમાં એકતા પેદા થઇ જશે. મુસલમાનો એક વાહિદ ઉમ્મત નબી જશે,

તો મુસલમાનો જ દુનિયાની સુપરપાવર શક્તિ બની જશે. અને તેમના દુશ્મનોને તેઓની સમક્ષ ઘુંટણીએ પડવું પડશે. જેથી આ કહેવાતી મહાસત્તાઓએ મુસલમાનોમાંથી આલિમો જેવા ચહેરો-મ્હોરૂં ધરાવતા, પોતાને આલિમોમાં ખપાવતા, મુસ્લિમ નામધારી મુનાફિકો પેદા કર્યા છે. જેઓ હંમેશા આ ઉમ્મતમાં તિરાડ પડાવવા માટે જાત-જાતની પ્રકારની વાહિયાત વાતો ફેલાવતા રહે છે. જેથી આ ઉમ્મત શીયાઓની નજીક પણ ન જાય, અને ફિકહે જાફરીથી અલિપ્ત રહે, બીજી ફિકહોની જેમ તેને સમજવાની કે જાણવાની કોશિશ જ ન કરે, જેવી કોશિશ હનફી ફિકહને અનુસરનાર વ્યક્તિને શાફેઇ ફિકહને જાણવાની કરે છે. અથવા

શાફેઇ ફિકહને માનનાર વ્યક્તિ હમ્બલી ફિકને સમજવાની કોશિશ કરે છે.

આ ઉમ્મતના એક મહાન આલિમે દીન તથા જામેઅ અઝહર મિસરની યુનિવર્સિટિના માજી મોહતમિમ અલ્લામા શેખ મહમૂદ સલ્તુતનો ફિકહે જાફરીના વિષયનો ફતવો હું અત્યારે લંબાણના ભયે રજૂ કરતો નથી. જે ફતવો અત્રે મારી લાયબ્રેરીમાં અરબી ફારસી અને ઉર્દૂ ત્રણે ભાષામાં છે. આ મહાન આલિમે દીનને કોઇએ પ્રશ્ન કરેલો કે શું આપણે ફિકહે જાફરી ઉપર અમલકરી શકીએ ખરા?

અલ્લામાનો ઉત્તર આપણા જેવા બધા જ નાનાં માણસોએ વિચારવા જેવો છે. અલ્લામાએ પ્રશ્ન પૂછનારને જણાવ્યું કે,

"જેવી હનફી, શાફેઇ, માલિકી અને હમ્બલી ફિકહો છે. તેવી જ ફિકહે જાફરી પણ કુર્આન અને સુન્નતને અનુસરતી એક ફિકહ છે. તેના પ્રવર્તક હઝરત અલી (અલ.)ના પ્રપોત્ર હઝરત ઇમામ જાફર સાદિક (અલ.)છે, તેના બધા જ મસાઇલ હઝરત અલી (અલ.) અને તેમની સંતાનો સુધી પહોંચે છે. માટે જો કોઇ વ્યક્તિ ફિકહે જાફરી ઉપર અમલ કરે, તો તે સંપૂર્ણ રીતે નજાતને પાત્ર છે. આંશિક મતભેદોને લીધે કોઇ વ્યક્તિ ઇસ્લામથી ખારિજ થઇ શકશે નહિ."

અલ્લામા શેખ મહમૂદ સલ્તુતનો આ ફતવો શેખ સલતુતનો આ ફતવો અમારી કિતાબ "કયો અકીદો સાચો? પેગંબરે ઇસ્લામ પછી ચાર

ખલીફાઓની ખિલાફત કે બાર ઇમામોની ઇમામત” કિતાબના પેજ નં. ઉપર વિસ્તારથી વાંચી શકો છો. જ્યાં અમે શેખ સલતુતના સંપૂર્ણ ફતવાની હવાલાઓ સહિત નોંધ કરી છે. અર્વાચીન સમયના આપણા બધા જ મુફતીઓના કાન ખોલવા માટે પૂરતો છે.

અત્રે એ પણ યાદ રહે કે મિસરમાં ઇસ્લામી ઇન્કિલાબ માટે જેહાદ કરતી જમાત અલ ઇખ્વાનુલ મુસ્લિમીનના સ્થાપક શહીદ હસનુલ બના (રહ.) શહીદ, મોહંમદ અબ્દુલ અવદહ (રહ.) તથા જમાતે ઇસ્લામીના સ્થાપક મૌલાના અબુલ આલા મવદૂદી અને મોહંમદ અલ ગઝાલી જેવાસજ્જનો પણ ઇસ્લામી ઇન્કિલાબના ચાહક હોવા સાથે શીયા-સુન્ની

એકતાના આગ્રહી હતા. અમુક વાતોમાં હદથી વધી જનારા માણસો દરેક મસલકમાં દેખાઇ આવે છે. જેઓના કારણે દેવબંદી અને બરેલ્વી જેવી ગિરોહબંદીઓ એક જ મસલકમાં પણ થઇ જાય છે. અને થઇ પણ ગઇ છે. આ વાત કોઇથી અજાણ નથી.

ઇસ્લામી ઇન્કિલાબને સમજવા માટે લાંબી નજર અને ઊંડા ચિંતનની જરૂર છે.

ઇસ્લામ ઇન્સાન પરથી ઇન્સાનની ખુદાઇને ખતમ કરવા આવેલ છે. અને એ હેતુસર પોતાના અનુયાયીઓને નિડર અને બહાદુર બનાવે છે. સાથે શહાદતના ઇચ્છુક પણ. ઇસ્લામ ઇમાનવાળી વ્યક્તિના મનમાંથી પ્રત્યેક શેતાન સિફત શક્તિઓ સહિત-કહેવાતી મહાસત્તાઓનો ડર બિલકુલ કાઢી નાખે

છે. આ શેતાનોને ઇસ્લામી પરિવર્તનની જે ખૂબી સૌથી વધુ કડવી લાગે છે તે એણે ઉત્પન્ન કરેલી મિલ્લી એકતા કે વહદતે ઇસ્લામી છે.

**અલ્લાહતઆલાના ફરમાનુસાર**

اَلرَّحۡمٰنُ ﴿۱﴾ عَلَّمَ الۡقُرۡاٰنَ ﴿۲﴾

**અર્રહમાનો અલ્લમલ કુર્આન**

બક્ષિસ કરનાર ખુદાએ કુર્આન ઉતાર્યું.

خَلَقَ الۡاِنۡسَانَ ﴿۳﴾

**ખલકલ ઇન્સાન**

તેણે માણસને પેદા કર્યો.

عَلَّمَهُ الۡبَيَانَ ﴿۴﴾

**અલ્લમહુલ બયાન**

તેણે સ્પષ્ટ ભાષા શીખવી છે.

(સૂ. રહમાન, આ. ૧ થી ૪)

વાત કરવાની કબેલીયત એ ખુદા પાકની તે સહુથી મહાન નેઅમતોમાંથી એક મહામૂલી નેઅમત છે. જે ફક્ત માનવીને જ અતા કરવામાં આવી છે. અલ્લાહતઆલા એમ પણ ઇચ્છે છે કેઆપણે તેનો દુરઉપયોગ પણ ન કરીએ. માનવી પોતાની ભાષાકીય કાબેલીયતનો ખોટો ઉપયોગ પણ કરે છે.

**સૂરએ તકાસુરમાં અલ્લાહે આપણને સાવધાન પણ કર્યા છે.**

ثُمَّ لَتَرَوُنَّهَا عَيْنَ الْيَقِينِ ﴿٧﴾

ષુમ્મ લતુસઅલુન્નલ યવમએઝિન અનિન નઇમ

પછી તે દિવસે તમારાથી અમારી નેઅમતોની બાબત જરૂર સવાલ કરવામાં આવશે.

(સૂ. તકાષુર, આ. ૮)

કયામતના દિવસે આપણને દરેક નેઅમત બાબત પૂછવામાં આવશે. કે તેનો ઉપયોગ આપણે અલ્લાહની મરજી મુજબ કરવાને બદલે પોતાની મનેચ્છાઓને સંતોષવા માટે તો નથી કરવામાં આવ્યો?

અગર શબ્દો વાપરવાની કળા ઉપર કંઇક કાબુ પ્રાપ્ત થઇ જાય અને દિલ ખુદાના ખોફથી ખાલી હોય. તો વાક્યાતુર્ય કે કલમના જોરથી સાદા મનના સાંભળનારા કે વાંચનારા લોકોને છેતરી પણ શકાય છે. ઇલ્મે બયાનની આ તાકત વડે ચાલક પ્રકારના પ્રવચનકારો તથા લેખકો દરેક જમાનામાં ખોટો લાભ લેતા રહ્યા છે.

ખુત્બાઓ કે તકરીરો દ્વારા મુબલ્લિગો અને મુસલમાનોના આલિમો ચાલાકી પૂર્વક લોકોને સત્યથી દૂર રાખી રહ્યા છે. “ચાર મુસલ્લા બરહક” જેવી વાતો ફેલાવી રહ્યા છે. જેમાંના બે મુસલ્લા તો ઇમામ જઅફર સાદિક (અલ.) અને ઇમામ મોહંમદ બાકિર (અલ.)ના શાગિર્દ રહી ચૂક્યા છે.

કાશ અલ્લાહની રહમત આ ઉમ્મત ઉપર થઇ જાત અને આ આલિમો પોતાના વાક્ચાતુર્યનો ઉપયોગ કરીને કહી દેત કે”પાંચેય મુસલ્લાહ બરહક છે” તો આ ઉમ્મત એક વાહિદ ઉમ્મત બની જાત, સીસુ પીવડાવેલી દીવાલ બની જઇ દુનિયાનાં મહાસત્તાઓને પોતાની એડી નીચે કચડી નાખી શકી હોત.

પરંતુ અફસોસ સાથે કહેવું પડે છે કે અર્વાચીન આલિમોના તથા તબ્લીગી જમાતોના સત્યને સંતાડવાના, જુઠું બોલવાના, ખોટી સાક્ષી પુરવાના અને ગુનાહિત ખામોશીના પણ અનેક પ્રકારો છે. આ આલિમો ખુલ્લા જુઠાણાનો આશરો ઘણો ઓછો લે છે. કારણ કે આ આલિમો અને તબ્લીગી જમાતો જાણતી હોય છે કે ખુલ્લા જુઠાણાને તો મુર્ખાઓ સિવાય બધા જ પારખી લેશે. તેથી આ લોકો હઝરત અલી (અલ.) અને હઝરત ફાતેમા (સલા.), હઝરત ઇમામ હસન (અલ.) અને હઝરત ઇમામ હુસૈન (અલ.)ના મામલામાં અર્ધસત્ય બોલીને, જંગે જમલ, જંગે સિફફીન જેવા ઊઘાડા બળવાઓ દ્વારા આ ઉમ્મતની જે કત્લેઆમ થઇ છે. તેને ડબલ

શબ્દપ્રયોગો કે અધૂરી સચ્ચાઇ દ્વારા વર્ણવીને શબ્દોની હેરાફેરી દ્વારા અર્થને બદલીને, કરબલાનું વર્ણન કરતા આલિમોને હું જોઉં છઉં ત્યારે મને જ્યોફ્રે ડડલે (Geoffrey Dudley)નું કથન યાદ આવે છે તે કહે છે કે,

"ભાષાને હેતુ શબ્દોના અર્થને જાહેર કરવાનો નહિ. બલ્કે તેને બદલી નાખવાનો છે. જો આપણે પાર્લામેન્ટમાં ઊઠાવેલા (બ્રિટિશ ધારાસભા) સવાલોના તે જવાબો જોઇએ છીએ, જે સત્તાધીશો તરફથીઆપવામાં આવે છે. તો આપણને એમ લાગ્યા વિના નહિ રહે કે ઉપરોક્ત કથનો કોઇ પાગલની બકવાસ નથી. આ વીસમી સદીની પ્રગતિ છે. જેને કારણે છાપાઓમાં છપાતી

ખબરોમાંથી સત્યને તારવવા માટે (ઞ્કૂદ્દરૂક્રૂક્રૂઁ દ્દ્ક્ષ્રૂ શ્રશૂઁક્રૂત) લીટીઓ વચ્ચેના અંતરનું વાંચન કરવું પડે છે.”

આજનું માનવ જગત જે મુસીબતોમાં મુકાયેલું છે. તેમાંથી અડધી મુસીબતો તો આ રાજકારણીઓના પ્રતાપે છે. જેઓ શબ્દોનો ઉપયોગ જુઠું બોલવા માટે કરતા હોય છે. બીજી અડધી મુસીબતોનું કારણ તે લોકો છે જેઓ અડધું વર્ણન કરીને સચ્ચાઇ સંતાડે છે. કંઇક આ જ પ્રકારની બેઇમાની કે અપ્રમાણિકતા આજની આ મુસ્લિમ ઉમ્મતમાં પણ આપણે જોઇ રહ્યા છીએ. જે મુસ્લિમ ઉમ્મતની એકતામાં ફાચર મારે છે.

ફિકહે જાફરીના મામલામાં કે શીયા બિરાદરીના મામલામાં આ લોકો અર્ધસત્ય બોલીને કે ગુનાહિત ખામોશી દ્વારા કામ લે છે. આવા લોકો જ મુસલમાનોમાં એકતા સ્થાપિત થવા દેતા નથી. હું વર્ષોથી જોઇ રહ્યો છું કે મુસલમાનો દ્વારા મસ્જિદ કે મિમ્બર પર કરવામાં આવતા ધાર્મિક ઉદ્‌બોધનો મારફતે સાંભળનારાઓને ગુમરાહ કરવા કે ભરમમાં નાખવા માટે આલિમો ઉપરોક્ત બધા જ પ્રકારની ચાલાકીઓ કરતા આવ્યા છે. છેલ્લા ૬૦ વર્ષથી તબ્લીગી જમાત દ્વારા એક નવા જ પ્રકારની ચાલાકીએ જન્મ લીધો છે. તબ્લીગી જમાતોપોતાના ધાર્મિક ઉદ્‌બોધનોમાં પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ના ઝમાનાના અને ત્યારબાદના મહત્ત્વના

બનાવોને નઝર અંદાઝ કરીને લોકોના ભેજાઓમાં મહત્ત્વ વગરની વાતો ભરી દે છે. બલ્કે સાંભળનારાઓને ચક્રમ બનાવી દે છે. પોતાના આલિમો કે અકાબિરોની વાતો કુર્આન અને હદીસની વિરૂદ્ધ હોય તો પણ આવા ચક્રમ બની ગયેલા શ્રોતાઓ કુર્આન અને હદીસને પણ માનવા તૈયાર થતા નથી. જે બાબત મારો પ્રત્યક્ષ અનુભવ છે. કારણકે હું બાલિગ થયા પછીથી એક લાંબી મુદ્દત સુધી તબ્લીગી જમાતમો અવ્વલ દરજાનો કાર્યકર રહી ચૂક્યો છું. ભરૂચનો પશ્ચમિ વિસ્તાર મહંમદપુરાનો અમીરે જમાત રહી ચૂક્યો છું. આ લોકો મને અનુસરનાર હતા.

ફિકહે જાફરી વિરૂદ્ધ અથવા શીયા બિરાદરી વિરૂદ્ધ આવા લોકો તોહમત કે બોહતાન જેવા ખોટા આક્ષેપો, જે કબીરા ગુનાહમાં ગણાય, તેવા મહાપાપ કરતાં પણ જરાય ખચકાટ અનુભવતા નથી.

એક ડીગ્રી કોર્સ કરેલ ભણેલા તબ્લીગી બિરાદર સાથે મારે શીયા સુન્ની મુદ્દા પર ચર્ચા થઇ. જેમાં મેં તેઓને બુખારી શરીફ ખોલીને એક હદીસ બતાવવા પ્રયત્ન કર્યો. કે જુઓ આ હદીસો દ્વારા મોટા દરજાના સહાબા પણ સજાના પીંજરામાં ઊભેલા દેખાય છે. તો તેમણે તે હદીસ જોવા કે વાંચવા સુદ્ધાનો ઇન્કાર કરતા કહ્યું : “હમારે અકાબિરીન જો કેહતે હૈં, હમ ઉસકો હી સહી કહેંગે,”

આવીપરિસ્થિતિ જોઇને આપણે આ ઉમ્મત ઉપર હસવું કે રડવું કંઇ જ સમજાતુ નથી. આવા શિક્ષિત લોકો પણ પોતાના તબ્લીગી આલિમો કે અકાબિરોના કથનો વિરૂદ્ધ કુર્આનની આયાતો કે સહી હદીસો સાંભળવા પણ તૈયાર થતા નથી. કારણકે દુનિયા પરસ્ત આલિમોએ આ લોકોના દિમાગોને ચક્રમની હદ સુધી પહોંચાડી દીધા છે.

હું શરૂઆતમાં ચર્ચા કરી ચૂક્યો છું કે મારા સુન્ની બિરાદરો (૧) તવહીદ (૨) રિસાલત (૩) કયામત આ ત્રણ મુખ્ય મુદ્દા ઉપર ઇમાન લાવવું જરૂરી સમજે છે. તવહીદમાં અલ્લાહને વાહિદ માનવા સાથે તેની બધી જ સિફતો ઉપર ઇમાન લાવવાની વાત પણ આવી જાય છે. રિસાલતમાં

નબી (સલ.)ની બધા જ ફરમાનો ઉપર ઇમાન લાવવા સાથે ખત્મે રિસાલત ઉપર ઇમાન લાવવાની વાત પણ આવી જાય છે. કુર્આનેપાક અલ્લાહની કિતાબ ઉપર ઇમાન લાવવું પણ આવી જાય છે. આપણા પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ની અગાઉ થઇ ગયેલ બધા જ નબીઓને સાચા માનવા સાથે રસૂલે મદની (સલ.)ની શરીઅત ઉપર અમલ કરવો અને કયામતને બરહક માનવી. વગેરે દરેક બાબતો સમાઇ જાય છે.

મારા કહેવાનો મતલબ આ છે કે સુન્ની બિરાદરો જેટલી બાબતો ઉપર ઇમાન લાવવું જરૂરી સમજે છે. તેટલી બધી જ બાબતો ઉપર તો શીયા બિરાદરીનું ઇમાન છે જ. એક વધારાની વાત

“ઇમામત” જેના ઉપર શીયા બિરાદરીનો અકીદો છે. તેનેતેઓ કુર્આન અને સુન્નતથી સાબિત પણ કરે છે. છતાંય ભલે સુન્ની બિરાદરો “ઇમામત”ના અકીદાને ન માને તો તે બાબત તેઓની મરજી ઉપર અવલંબિત છે. “ઇમામત” ફક્ત શીયાઓની વિશેષતા છે.

જેથી શીયા બિરાદરી ઉપર ફતવાબાજી કરવી, તેઓને ગુમરાહ બદદીન કે કાફિર કહેવું કેટલા દરજે ઊચિત છે? બલ્કે સુન્ની ભાઇ પોતાના ઇમાને મુફસ્સલમાં જેટલી બાબતો ઉપર ઇમાન લાવવું જરૂરી સમજે છે. તેટલી બાબતો ઉપર તો શીયા-જાફરી-બારા ઇમામી બિરાદરીનું ઇમાન છે જ.

ગૌણ બાબતોને આગળ ધરી એકબીજા ઉપર ફતવાબાજી કરવી જરાય ઊચિત નથી. બલ્કે ગુનાહે કબીરા છે.

સુન્ની બિરાદરોએ તેમાય ખાસ કરીને માનનીય આલિમોએ ફિકહે જાફરીનો પાંચમી ફિકહ તરીકે સ્વીકાર કરવો જોઇએ. "પાંચેય મુસલ્લા બરહક છે" એવો નારો એ અર્વાચીન સમયની પુકાર છે. જેથી મુસ્લિમ ઉમ્મતમાં એકતા પેદા થાય.

ઇમામ અલી (અલ.)ની મઝલૂમિયતમાંથી મોટી મઝલૂમિયત એ છે કે મિલ્લી એકતા કાજે એમણે ભજવેલ ભવ્ય ભાગને લોકોએ સાવ વિસારી જ દીધો છે. હઝરત ઇમામ અલી (અ.) હકીકતમાં

તો આ ઉમ્મતની એકતા માટે હીરોનો રોલ અદા કરી ગયા છે.

નબી (સલ.)ની રેહલતના પ્રથમ દિવસે એક સમૂહ સકીફા બની સઅદહમાં એકત્ર થયો હતો. જેમાં ખિલાફત તથા હુકુમતના મામલાને લોકોની રાય કે મંતવ્યને હવાલેકરવામાં આવેલ હતો. અને પછી તેમના માના જે એક સાહેબ હઝરત અબુબકરને એ મુકામ ઉપર મૂકી દેવામાં આવેલ હતા. તે જ ઘડીએ નબી (સલ.)ના વસી, જાનશીન, ભાઇ અને દામાદ હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલ.) રસૂલુલ્લાહની મય્યત મુબારકના ગુસલ કફન-દફનમાં મશગુલ હતા. તે જ વખતે પેગંબર (સલ.)ના ખાસ મોટા દરજ્જાના સહાબા જેઓ

સાબેકીને અવ્વલીનની ગણત્રીમાં ગણાય છે. એવા સહાબાએ હઝરત અલી (અલ.)ની પ્રાથમિકતા ઉપર ભાર મૂક્યો હતો.

બસ તે દિવસથી જ પેગંબરે ઇસ્લામના બરહક જાનશીનને નિયુક્ત કરવા બાબતનો સિયાસી મતભેદ વિસ્તાર પામ્યો. જે આસ્તે આસ્તે, એતેકાદ, ફિકહ, તફસીરે કુર્આન, રિવાયતે હદીસ, શરઇ એહકામ, રાજકારણ તથા હુકુમત અંગેના મતમતાંતરમાં ફેરવાઇ ગયો અને અંતે આલમે ઇસ્લામ બે મહત્ત્વના ફિરકાઓમાં અર્થાત સુન્ની બહુમતિ અને શીયા લઘુમતિમાં વહેંચાઇ ગયો.

જો કે આ બંને ફિરકાના માણસો, એક અલ્લાહ, એક પેગંબર એક કિતાબે ઇમાન કુર્આનને

માને છે. અને દિનરાત એક જ કિબ્લા તરફ મોં રાખીને નમાઝ અદા કરે છે. છતાં કલામે ઇલાહીને સમજવાની રીતમાં એતેકાદની સમજમાં, તે એટલે લગી કે એક જ કાબા તરફ અદા થતી નમાઝની અદાયગીની પદ્ધતિમાં પણ અમુક હદે તફાવત રાખે છે. વુઝુના તરીકામાં રહેલ તફાવત તથા નમાઝ માટે ઊભારહેવામાં ફરક, તેમ જ તેને ખતમ કરવાની રીતમાં ફેર શાયદ વધુ સાફ દેખાતા તફાવતો છે. જે કલમએ તવહીદની સરબુલંદીકાજે પોતપોતાની રીતે જદ્દોજહદ કરતા બે ઇસ્લામી ફિરકાઓની વચ્ચે મોજૂદ છે.

શીયા બિરાદરી હઝરત અલી (અલ.)ને મિનજાનિબિલ્લાહ ઇમામે અવ્વલ માને છે. સુન્ની

બિરાદરીને તેઓને ચોથા સ્થાને માને છે. મતલબ બંને ફિરકા તેઓની ફઝીલતમાં માને છે. એહલે સુન્નત બિરાદરીની રિવાયતોમાં વારંવાર ઉલ્લેખ છે કે, "અફઝલુન્નાસ અલી ઇબ્ને અબી તાલિબ" અર્થાત "લોકોમાં બેહતરીન હઝરત અલી (અલ.) છે." બીજી જગ્યાએ ઉલ્લેખ છે કે "આઅલમુન્નાસ અલી ઇબ્ને અબી તાલિબ વ અફકહુન્નાસે અલી ઇબ્ને અબી તાલિબ" અર્થાત સૌથી બેહતરીન, સમજદાર ઇન્સાન અને ઇલ્મે દીનના બેહતરીન આલિમ પણ અલી (અલ.) છે."

ઇસ્લામમાં હઝરત અલી (અલ.) જ્ઞાન નગરીનું દ્વાર-બાબે મદીનતુલ ઇલ્મ ગણાય છે.

અચંબાની વાત આ છે કે બંને પક્ષો એકતાના કેન્દ્ર ઉપર જામી ન રહેતાં વિવાદની વાત ઉપર ચાલી નીકળ્યા. આજે ઇસ્લામી દુનિયા દરેક જમાનાથી વધુ ઇત્તેહાદની મોહતાજ છે. તેથી જ શીયા બિરાદરીએ પણ પ્રતિ ક્ષણ હઝરત અલી (અલ.)એ મિલ્લી એકતામાં ભજવેલ ભૂમિકાથી ખૂબખૂબ વાકેફ થવું પણ જરૂરી છે.

આપણે શીયા બિરાદરીએ-હઝરત અલી (અલ.)ના અનુયાયીઓએ જાણવું જોઇએ કે જેઘડીએ પણ ઇમામ અલી (અલ.)ને એવું લાગ્યું કે ઇસ્લામ અને મુસલમાનોની મસલેહત અને હિત તલવાર ઉપાડવામાં છે. તો આપે તે જ ઘડીએ એવું કરી બતાવેલ છે. સહેજ પણ ખચખચાટ વગર.

જેવું કે મારેકીન, કાસેતીન અને નાકેસીનના બળવાઓ વખતે બન્યું હતું. જમલવાળાઓ, સિફ્ફીનવાળાઓ અને ખારજીઓના ફિતનાઓ દબાવવા માટે બન્યું હતું. સાથે જ એથી ઊલટું ઇસ્લામના ઊંચા હિતને અનુલક્ષીને આપથી અગાઉ સમયના ખલીફાઓને સાચી સલાહ આપવામાં અને સહાયતા કરવામાં પણ આપે કદી સહેજ પણ કચાશ રાખી નથી.

આજે પણ આપણા બધાંની મહામૂલી મસલેહતનો તકાઝો આ છે કે આજે ઇસ્લામી તમદ્દુન અને તેહઝીબના નવનિર્માણ માટેનો જે મોકો આપણને મળેલ છે. તેને ફિકહી મતભેદોના કારણે ગુમાવી ન દેવો જોઇએ. પરંતુ ગંભીર

બનીને, ગૌરવપૂર્ણ રીતે, ઇસ્લામી એકતાના અલમબરદાર બનીને, ઇસ્લામી વહદતના તમામ પ્રયાસો કરીને ખુદા-રસૂલનાં દુશ્મનોના મુકાબલા માટે તૈયાર થવું જોઇએ.

અલ્લાહ આપણા સૌને તૌફીક આપે. અલ્લાહથી દુઆ કરીએ બહક્કે મોહંમદ વ આલે મોહંમદ.

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહંમદિંવ વ આલે મોહંમદ.

## (૭) મુસલમાનોને એક ઉમ્મત બનવાની દઅ્વત

અલ્લાહ રબ્બુલ આલમીને પોતાના લુત્ફ અને કરમથી ઇન્સાનોની ઇસલાહ અને નજાત માટે એક લાખચોવીસ હજાર નબીઓને દુનિયામાં મોકલ્યા. જેમાં છેલ્લા નબી મુરસલે આઝમ ખત્મી મરત્તબત પ્યારા રસૂલ હઝરત મોહંમદ (સલ.) છે. જે એક મુકમ્મિલ દીન લઇને આવ્યા. આપના ઉપર નુબુવ્વતનો સિલસિલો ખતમ થાય છે. અલ્લાહે પ્યારા નબી (સલ.)ને એક બેહતરીન કિતાબ કુર્આનમજીદના રૂપમાં આપી જે આપણા સર્વે માટે હિદાયત સુધી પહોંચાડવાનો રસ્તો છે.

શીયા સુન્ની આપણા બધાંનો જ અકીદો છે કે અલ્લાહ એક છે. તેના સિવાય કોઇ પૂજવાને લાયક નથી.

હઝરત મોહંમદ (સલ.) અલ્લાહના સાચા રસૂલ છે. રિસાલત અને નુબુવ્વત આપ ઉપર ખતમ થાય છે. કુર્આન શરીફ અલ્લાહની સાચી કિતાબ છે. જેમાં ૧૧૪ સૂરતો છે જેની પહેલી સૂરત સૂરએ હમ્દ-ફાતેહા છે. અને છેલ્લી સૂરત સૂરતુન્નાસ છે. જેના 30 પારા છે. જેમા ન વધારો છે ન ઘટાડો છે.

મસ્જિદે હરામ કાબતુલ્લાહ અલ્લાહનું ઘર છે. જેના તરફ મોઢું કરી આપણે સર્વે નમાઝ પઢીએ છીએ, તે કાબા કિબ્લો છે.

ઉપરોક્ત અકીદો શીયા-સુન્ની બધાનો એકસરખો જ છે. સુન્ની બિરાદરી માને છે કે રસૂલે ખુદા (સલ.)એ પોતાની વફાત અગાઉ કોઇને પોતાના નાયબ (ખલીફા) મુકર્રર કર્યા નથી. જેથી કેટલાક સહાબા રસૂલની વફાત પછી તરત જ મદીનાથી છ કિલોમીટર દૂર સકીફા બની સઅદહ નામના સ્થળે એકત્ર થયા અને તેમણે સહમતિ સાધી હઝરત અબુબકરનેપોતાના ખલીફા મુકર્રર કર્યા. જે સર્વવિદિત બાબત છે. હઝરત અબુબકરે પોતાના મૃત્યુ વખતે હઝરત ઉમરને ખલીફા નિયુક્ત કર્યા. જ્યારે હઝરત ઉમરે પોતાના મૃત્યુ વખતે છ સભ્યોની એક કમિટિ (શૂરા) બનાવી. આ કમિટિએ હઝરત ઉસ્માનને ખલીફા નિયુક્ત કર્યા.

શીયા બિરાદરી માને છે કે રસૂલે ઇસ્લામે પોતાની હયાતીમાં જ હઝરત અલી (અલ.)ને પોતાના પછી પોતાના નાયબ-ઉત્તરાધિકારી-ઇમામ તરીકે નિયુક્ત કર્યા હતા. આપ (સલ.)એ અનેક વખત આ બાબતનું સ્પષ્ટ એલાન પણ કર્યું હતું. છેલ્લી હજથી પાછા ફરતાં ગદીરે ખુમના ચૌરાહા ઉપર સર્વે સહાબાને રોકી, એક મિમ્બર બનાવ્યો. કાંટા-ઝાંખરા સાફ કરી જે સહાબા આગળ નીકળી ગયા હતા તેમને પાછા બોલાવ્યા. જે લોકો પાછળ હતા તેમની રાહ જોઇ. ગદીરે ખુમના આ સ્થળે રસૂલે ઇસ્લામ અને તમામ સહાબાનું ત્રણ દિવસનું રોકાણ થયું. આ સહાબાની સંખ્યા લગભગ એક લાખ ઉપર હતી. તે સમયે ગદીરે ખુમની આ એક

એવી જગ્યા હતી, જ્યાં તમામ હાજીઓ એકસાથે જ હતા. અહીંથી અનેક રસ્તા નીકળતા હતા. અહીંથી બધા પોતપોતાના સ્થળે જવા છૂટા પડતા હતા.

આ જગ્યાએ પેગંબરે ઇસ્લામે સ્પષ્ટ એલાન કર્યું. હઝરત અલી (અલ.)ને પોતાની પાસે બેસાડયા, તેમનો હાથ ઊંચો કર્યો અને ફરમાવ્યું “મન કુન્તો મૌલાહો, ફહાઝા અલીય્યુન મૌલાહો” “હું જેનો મૌલાછું (સરદાર છું) અલી પણ તેમના સરદાર છે.”

આપ (સલ.) એ આ જગ્યાએ લોકોને ફરમાવ્યું કે તેઓ હઝરત અલી (અલ.)ની તાબેદારી કરે, તેમનો હુકમ માને અને તેમને “અમીરૂલ મોઅમેનીન” કહી સંબોધન કરે.

તે સિવાય પણ રસૂલે ઇસ્લામ (સલ.) એ પોતાની મક્કી અને મદની બંને જિંદગીઓમાં અનેક વખત પ્રત્યક્ષ રીતે હઝરત અલી (અલ.)ને પોતાના ઉત્તરાધિકારી જાહેર કર્યા હતા.

મુસલમાનોની શીયા-સુન્ની બંને કિતાબોમાં ઉપરોક્ત બાબતોના સ્પષ્ટ હવાલા મોજૂદ છે કે પેગંબરે ઇસ્લામે પોતાના પછી થનાર પોતાની જ વંશમાંથી ૧૨ ખલીફાઓના નામો પણ જણાવી દીધા હતાં.

જેમાં પ્રથમ ઇમામ અલી બિન અબીતાલિબ (અલ.) છે.

બીજા ઇમામ હસન બિન અલી (અલ.)

ત્રીજા ઇમામ હુસૈન બિન અલી (અલ.)

ચોથા ઇમામ અલી ઝયનુલ આબેદીન ઇબ્ને હુસૈન (અલ.)

પાંચમાં ઇમામ મોહંમદ બાકિર ઇબ્ને અલી (અલ.)

છઠ્ઠા ઇમામ જઅફર સાદિક ઇબ્ને મોહંમદ બાકિર (અલ.)

સાતમા ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જઅફર (અલ.)

આઠમા ઇમામ અલી રઝા ઇબ્ને મૂસા કાઝિમ (અલ.)

નવમા ઇમામ મોહંમદ તકી ઇબ્ને અલી રઝા (અલ.)

દસમા ઇમામ અલી નકી ઇબ્ને મોહંમદ તકી (અલ.)

અગિયારમાં ઇમામ હસન અસ્કરી ઇબ્ને અલી નકી (અલ.)

બારમા ઇમામ મોહંમદ મેહદી ઇબ્ને હસન અસ્કરી (અલ.)

ઉપરોક્ત સર્વે રિવાયતો આપણા બંને ફિરકાનીકિતાબોમાં સ્પષ્ટ શબ્દોમાં જોવા મળશે. મૂળ ઇખ્તેલાફ આપણા બંને ફિરકા વચ્ચે ખિલાફત અને ઇમામતનો છે. સુન્ની બિરાદરી માને છે કે નુબુવ્વત પછી ઇલાહી દોરવણી ખતમ થઇ જાય છે. આપણે ખલીફા ચૂંટી કાઢવાના તે આપણી ઉપર હુકુમત કરે.

જ્યારે શીયાઓ માને છે કે અલ્લાહે કયામત સુધીની ઇન્સાનોની હિદાયત માટે નુબુવ્વત પછી તરત જ ઇમામત શરૂ કરી છે. ઇમામત એ નુબુવ્વતનો જ બદલ છે. પાછળના દરેક જમાનામાં

નાઝિલ થયેલી કિતાબો તથા અનેક સહીફાઓની (તવરેત-ઇન્જીલ-ઝબૂર) તશરીહ અને તફસીર જે તે જમાનામાં નબીઓ કરતા હતા. તે જવાબદારી હવે ઇમામોની છે. અલ્લાહે પોતાની મખ્લૂકને ફક્ત કિતાબના હવાલે છોડી નથી, પરંતુ કિતાબને સમજાવનાર ઇમામોની વ્યવસ્થા પણ કયામત સુધી કરી છે. આ શીયાઓનો અકીદો છે.

મુસલમાનોના બે મુખ્ય ફિરકાઓમાં ઉપરોક્ત તફાવત બાદ કરતાં પાયાના સિદ્ધાંતોમાં કોઇ તફાવત નથી. બાકી રહ્યા નાના ફિકહી મતભેદો તો તેનું કોઇ મહત્ત્વ નથી. તે મતભેદો તો બીજા બધા જ ફિરકાઓમાં જોવા મળશે.

ઇસ્લામ ગુરબતમાં જન્મ પામ્યો. ઉમ્મુલ મોઅમેનીન હઝરત ખદીજા (સલા.) જે પ્રથમ મહાન ઓરત છે જેઓ રસૂલ ઉપર ઇમાન લાવ્યાં. એટલું જ નહિ પરંતુ પોતાની સર્વે દૌલત પણ ઇસ્લામના પ્રચાર અર્થે રસૂલના ચરણોમાં ધરી દીધી. આ મા ખદીજાની આ ઉમ્મતકયામત સુધી ૠણી રહેશે.

આપની એકલોતી સંતાન હઝરત ફાતેમા (સલા.)ને પણ આ ઉમ્મતે ઘણાં જ દુઃખો આપ્યાં છે. રસૂલની વફાત પછી હઝરત ફાતેમા શેહઝાદીએ રસૂલ (સલ.) રસૂલ (સલ.)ના જિગરના ટૂકડા ઉપર આ ઉમ્મતે જે ઝુલ્મો કર્યા છે તેને અત્યારે આપણે જાણવા તૈયાર નથી. સમજવા તૈયાર નથી. વાંચવા

તૈયાર નથી. માનવા ન માનવાની વાત તો દૂરની છે.

રસૂલુલ્લાહ (સલ.) અનેક વખત મક્કાના દુશ્મનોના ઝુલ્મથી ઘાયલ થઇને, પરેશાન થઇને, ઘરે પધારતા. હઝરત ફાતેમા (સલા.) આપ (સલ.)ની સેવા કરતાં, કપડાં સાફ કરતાં, અબ્બાજાનની આ હાલત જોઇને રડી પડતાં.

એક વખત મુશરિકોએ આપ (સલ.) ઉપર નમાઝની હાલતમાં કાબાની અંદર ઊંટની હોજરી નાખી, આપ (સલ.)ના કપડાં ખરાબ કર્યાં. આપ (સલ.) પરેશાન થઇ ઘરે પધાર્યા. હઝરત ફાતેમા (સલા.) પોતાના અબ્બાજાનની આ હાલત જોઇને બેઇખ્તિયાર રડી પડયાં. ઝાલીમો ઉપર લઅનત

કરવા લાગ્યાં. અબ્બાજાનના સરમુબારકની સફાઇ કરતા હતાં, અને રડતાં હતાં.

બેટી ફાતેમાની આ હાલત જોઇને પ્યારા રસૂલ (સલ.)એ આશ્વાસન આપતાં કહ્યું, "બેટા ગભરાઇ ન જાઓ. આજે આ હાલત છે. એક એવો સમય પણ આવશે કે વિશ્વના દરેક ખૂણે, જંગલોમાં, રેગિસ્તાનોમાં, દુનિયાના દરેક કાચા અને પાકા મકાનોમાં, તારા બાપનો કલિમો પઢનારા લોકોહશે." અબ્બાજાનની આ ભવિષ્યવાણી સાંભળી હઝરત ફાતેમા (સલા.) ઘણાં જ ખુશ થયાં.

રસૂલ (સલ.)ની વફાત પછી રસૂલ (સલ.)ની આ જ બેટીને આ ઉમ્મતે ઘણી જ તકલીફો આપી. દુઃખોના દરિયામાં ઓગળી

ઓગળીને રસૂલ (સલ.)ના પછી છ જ માસમાં આપ પણ અલ્લાહને પ્યારાં થઇ ગયાં. ત્યાર બાદ આ ઉમ્મતે આપની ઓલાદને પણ અનહદ તકલીફો આપી. ઇમામ હસન (અલ.)ને ઝેર અપાવી શહીદ કર્યા. ઇમામ હુસૈન (અલ.)ને કુટુંબ કબીલા સાથે કરબલામાં શહીદ કર્યા. રસુલ (સલ.)ના ઘરની ૧૮ વ્યક્તિઓને જેમની સાથે રસૂલ (સલ.)ને લોહીનો સંબંધ હતો. તેમને આ ઉમ્મતે ત્રણ દિવસ ભૂખ અને પ્યાસની હાલતમાં રાખી ઝબહ કરી નાખી. સાથે આપના ૭૨ સાથીઓને પણ ઝબહ કરી નાખ્યા. ત્યારબાદ ઇમામ હુસૈન (અલ.)ની અવલાદમાંથી ૮ ઇમામોને પણ આ ઉમ્મતે પ્રકાર

પ્રકારની તકલીફો આપી, જેલોમાં રાખી, હથકડીઓ પહેરાવી શહીદ કર્યા.

બારમા ઇમામ હુજ્જતુલ્લાહ, ઇમામ મેહદી (અલ.) અલ્લાહના હુકમથી પરદએ ગયબમાં છે. અલ્લાહ ઇચ્છશે ત્યારે તેઓ ઝહૂર ફરમાવશે. નબીની બેટી ફાતેમા (સલા.)ને આ રીતે સતાવનારા, આપની અવલાદોને કતલ કરનારા બિન મુસ્લિમ ન હતા. મૂર્તિપૂજકો ન હતા પરંતુ મોંથી રસૂલ (સલ.)નો કલિમો પઢનારા, પોતાને મુસલમાનોમાં ખપાવનારા હતા. મસ્જિદોમાં આવન-જાવન કરનારા હતા. કુર્આનનેપણ રસ્મી તોર પર દેખાવ ખાતર પઢનારા હતા. જો કે આપણી કુર્આન પછીની સૌપ્રથમ ગણવામાં આવતી

કિતાબ બુખારી શરીફ હઝરત ફાતેમા (સલા.)ને જન્નતની ઓરતોના સરદાર કહે છે. આ મુબારક કિતાબ આપના પ્યારા બેટાઓ-નબી (સલ.)ના પ્યારા નવાસાઓને જન્નતના જવાનોના સરદાર કહે છે. જન્નતમાં તો કોઇ ઘરડું નહીં હોય તેથી જો વિચારીએ તો સમગ્ર જન્નતમાં હઝરત આદમથી લઇને કયામત સુધીના જેટલાય લોકો હશે તે બધાના સરદાર હઝરત ઇમામ હસન (અલ.) અને હઝરત ઇમામ હુસૈન (અલ.) છે. એવી જ રીતે હઝરત આદમ (અલ.)થી લઇ કયામત સુધીની જેટલીય સ્ત્રીઓ જન્નતમાં હશે, તે બધી સ્ત્રીઓના સરદાર હઝરત ફાતેમા (સલા.) છે.

હવે વિચારો સમગ્ર જન્નતની માલિકી આ ત્રણે બુઝુર્ગોની છે. ફાતેમા-હસન-હુસૈન જન્નતના સરદાર છે. જેથી એમના દુશ્મનો એમને તકલીફ આપનારાઓ જન્નતમાં કેવી રીતે જશે?

મુસલમાનોની ચારે ફિકહો ઉપરોક્ત અકીદામાં એકસરખી છે. શીયા બિરાદરી ઇમામ જઅફર સાદિક (અલ.)ની ફિકહ "ફિકહે જાફરી"ને અનુસરે છે. તેમના મસાઇલ પર અમલ કરે છે. ઇમામ જઅફર સાદિક (અલ.) શીયા બિરાદરીના છઠ્ઠા ઇમામ છે. રસૂલ (સલ.)ની સૌથી નજીકની ઓલાદ છે. અત્રે એ વાત પણ યાદ રાખવામાં આવે કે આપણી ચારેય ફિકહોના પ્રવર્તક ચારે ઇમામોમાંથી એક ઇમામને પણરસૂલુલ્લાહ (સલ.)

સાથે લોહીનો સંબંધ નથી. ચારેય ઇમામો ઔલાદ રસૂલથી નથી. ત્રીજા ઇમામ હુસૈન (અલ.) શહીદે કરબલાના યુવાન ફરઝંદ અલી ઝયનુલ આબેદીન મસલહતે ઇલાહી બીમાર હતા. તંબુમાં સૂઇ રહ્યા. ઝાલિમોથી બચી ગયા. આ જ ચોથા ઇમામ અલી ઝયનુલ આબેદીન (અલ.)ના ફરઝંદ પાંચમા ઇમામ મોહંમદ બાકિર (અલ.) છે. તેમના ફરઝંદ છઠ્ઠા ઇમામ જઅફર સાદિક (અલ.) છે. આપના નામથી ફિકહે જઅફરી પ્રચલિત છે. બીજી બધી જ ફિકહોની જેમ ફિકહે જાફરી પણ એક ફિકહ જ છે. જેને ઉપર તમામ શીયા બિરાદરો અમલ કરે છે. શીયા બિરાદરી જે બાર ઇમામોને માને છે. શીયાઓ પોતાને ત્યાં અહલેબયતની જ રીવાયતોને પ્રાધાન્ય

આપે છે. આ તો તમામ મુસ્લિમ ઉમ્મતના ઇમામો છે. રસૂલ (સલ.)ની ઓલાદ છે. અફસોસની વાત છે કે મુસલમાનો તેમનાથી વાકેફ નથી.

કરબલાના ઝુલ્મ પછી સત્તા ઉપર આવેલા ઝાલિમ શાસકોએ ઇતિહાસને મારી મચકોડી દીધો. બુઝુર્ગોના નામોને છુપાવવામાં આ લોકો આટલે દરજ્જે તો કામ્યાબ રહ્યા.

આ અગિયાર ઇમામોને (બાર ઇમામ ગયબતમાં છે) શહીદ કરનારા રસૂલ (સલ.)નો કલિમો પઢનારા કહેવાતા મુસલમાનો જ છે. હઝરત અલી (અલ.)ને સહીદ કરનાર ઇબ્ને મુલ્જિમ પણ મુસલમાન જ હતો. જ્યારે ગુસ્સે ભરાયેલા લોકોએ તેની જીભ કાપવા વિચાર્યું ત્યારે તે કહેવા લાગ્યો કે

મારી જીભ નકાપશો કારણ કે હું આ જીભ વડે અલ્લાહનો ઝિક્ર કરૂં છું.

જો કે રસૂલુલ્લાહ (સલ.) એ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે કે, “અલીનો કાતિલ મારી ઉમ્મતનો સૌથી વધુ બદબખ્ત વ્યક્તિ હશે.” આ હદીસ આપણી બધી જ પ્રખ્યાત કિતાબોમાં છે. પહેલા હઝરત અલી (અલ.)થી લઇ અગિયારમાં ઇમામ હસન અસકરી (અલ.) સુધી બધા જ ઇમામોના કાતિલો રસૂલનો જ કલિમો પઢનારા છે.

શબ્દકોષ પ્રમાણે શીયા શબ્દનો અર્થ પેરવી કરનાર, મદદગાર થાય છે. શીયા તે લોકો છે જેઓ રસૂલુલ્લાહ (સલ.) પછી હઝરત અલી (અલ.)ની પેરવી કરે છે.

રસૂલે ખુદા (સલ.)ની વફાત પછી સહાબાની એક જમાત હઝરત અલી (અલ.)ની સાથે લાગેલી રહી, આપથી મહબ્બ્ત રાખનારી બની. જેથી તે જમાતને શીયા કહેવામાં આવી. જેમાં ઉચ્ચ દરજ્જાના સહાબા હતા.

**હઝરત સલમાન ફારસી (રઝિ.)**

**હઝરત બિલાલ હબશી (રઝિ.)**

**હઝરત અમ્માર યાસિર (રઝિ.)**

**હઝરત મિકદાદ (રઝિ.)**

**હઝરત અબુઝર ગફ્ફારી (રઝિ.)**

**હઝરત હુજ્ર બિન અદી (રઝિ.)**

**હઝરત હુઝૈફા યમાની (રઝિ.)**

આ સિવાય પણ અનેક સહાબાએ કિરામ રિઝવાનુલ્લાહે તઆલા અલયહે અજમઇન હઝરત અલી (અલ.)થી મહબ્બત રાખનારા હતા. શીયા શબ્દનો અર્થ દોસ્ત, ગિરોહ, સાથી પણ થાય છે. અફસોસની વાત છે કે શીયા શબ્દના ઘણાં ખોટા અર્થઘટનો કરવામાં આવે છે. ટૂંકમાં શીયા તે લોકોને કહે છે જેઓપેગંબરે ઇસ્લામ (સલ.) અને આપની એહલેબયતને ચાહે છે.

ફિકહે જાફરી તે ફિકહ છે જે અત્યારની પ્રચલિત બીજી બધી જ ફિકહો કરતાં સૌથી જૂની છે. સૌથી પ્રથમ પ્રચલિત થઇ છે. ઇમામ જઅફર સાદિક (અલ.) ઇમામ અબુ હનીફાના ઉસ્તાદ છે. આ વાત ઇમામ અબુ હનીફાની સવાનેહ ઉમરી

કિતાબમાંથી નોંધી રહ્યો છું. જે કિતાબ સુન્ની બિરાદરોએ લખેલી છે. હું એમ માનું છું કે હનફી બિરાદરોએ ફિકહે જાફરીનો અભ્યાસ કરવો જોઇએ. જેથી કમ સે કમ ખોટી અફવાઓ તો દૂર થાય અને બંને જમાતો નજીક આવે.

મરહૂમ આયતુલ્લાહ અલ ઉઝમા બુરૂઝરદી પોતાના તાલિબે ઇલ્મોને હંમેશા કહેતા રહેતા હતા કે અહલેસુન્નતની ફિકહ, હદીસ અને રિવાતોને પણ જોતા રહો, વાંચતા રહો, જેથી રિવાયતે અહલેબૈતને સારી રીતે સમજી શકાય. અને કમસે કમ એટલી ખબર તો પડે કે આપણા સુન્ની ભાઇઓ પાસે શું છે? અને આપણી પાસે શું છે? બીજી વાત મરહૂમ ફરમાવતા કે જ્યારે પણ તમો કોઇપણ કિતાબમાં

અહલેબૈતની હદીસ લખો તો સાથે સાથે એહલેસુન્નતની રિવાયતનું વર્ણન પણ કરો. એટલા માટે કે તે રિવાયતો જોઇને આપણે આપણી રિવાયતોની સારી રીતે સમજૂતી આપી શકીએ.

બંને પક્ષે એવા માણસો હોય છે. જેઓ સુલેહપસંદ હોતા નથી. આવા માણસે તે સમયે પણ હતા, આજે પણ છે અને અને રહેવાના જ.તેઓની લગીરે પરવા કરવામાં ન આવે. કારણ કે અલ્લાહ નેક લોકોને પસંદ કરે છે.

જો આપણે આમ વિચારીએ કે બધા જ મુસલમાનો એક જ મઝહબના પાબંદ હોય, બધા ફક્ત શીયા જ હોય અથવા બધા જ સુન્ની હોય, આ વાત શક્ય જ નથી. અને અમે આવી દઅવત પણ

આપતા નથી. ન તો આવી કોશિશ કદી કામ્યાબ થઇ શકે છે. ન કોઇએ આવી કોશિશ કરવી જોઇએ. આ ઉમ્મતને એક ઉમમત બનાવવા માટે આપણે પાછલી ઝાલિમ હુકૂમતોના ઝુલમોને નજરઅંદાજ કરવા પડશે. પાછલા ઝાલિમ બાદશાહોના મનહૂસ સમયગાળાને આપણે ભૂલી જવો પડશે, તો જ આ ઉમ્મત એક વાહિદ ઉમ્મત બનશે. જેથી આપણે દુનિયામાં ઇઝ્ઝતવાળી ઝિંદગી જીવી શકીશું.

મસઅલા ખિલાફત અને ઇમામતમાં ઇખ્તેલાફ મોજૂદ છે. શીયા કહે છે કે ખિલાફત ઉપર નસ (નસ એટલે મોજૂદ) છે. જ્યારે સુન્ની કહે છે કે આ માટે નસ નથી બલ્કે ચૂંટણી અને શૂરા છે. શું આ ઇખ્તેલાફને કારણે કોઇ સુન્ની એમ કહી શકે છે?

કે જેઓ નસને માને છે તેઓ કાફિર છે. કદી પણ નહિ. અથવા શીયાઓ પોતાના ઇલ્મની રોશનીમાં આમ કહી શકે છે? કે જે લોકો નસ ને માનતા નથી, તેઓ ઇનકારી છે? હરગિઝ નહિ.

બસ બંને જમાતો વચ્ચે ફકત આટલો જ મુખ્ય ઇખ્તેલાફ છે. જેને આપણે ઇલ્મી વર્તુળમાં બાંધી દેવો જોઇએ.

જો આપણા આલિમો આટલું કરીશકે તો આ ઉમ્મત એક ઇઝ્ઝતવાળી ઉમ્મત બની શકે છે. આપણો આ ઇખ્તેલાફ હોવા છતાં યુરોપવાળાઓ (ખ્રિસ્તી-યહૂદી) મુસલમાનોમાં એકતા આવી જવાની બીકથી ધ્રુજે છે. તેઓ એમ જોઇ રહ્યા છે કે વાસ્તવમાં ઇસ્લામ અસ્તિત્વમાં આવી રહ્યો છે. જે

મુસલમાનોને એક ઉમ્મત બનાવી રહ્યો છે. અને મુસલમાનો પોતાના ઇખ્તેલાફ ભૂલી રહ્યા છે. મુસલમાનો પોતાની પ્રાચીન જાહોજલાલી અને અર્વાચીન બરબાદીથી ચિંતિત થઇ રહ્યા છે. તેથી આ યહૂદ-નસારા ડરના માર્યા શીયા સુન્ની ઇખ્તિલાફ પેદા કરવાની ચિંતામાં ઘૂમી રહ્યા છે. આપણે તેમને આવો મોકો બિલકુલ ન આપીએ. જો આ ઉમ્મત એક વાહિદ ઉમ્મત હોત તો શું આ દેશમાં મુસલમાનો આટલા ખોફઝદહ હોત? શું ભરબપોરે-દિવસના અજવાળામાં આપણી ખૂબસૂરત મસ્જિદોને તોડી પાડવામાં આવત?

શું આ ઉમ્મત વાહિદ ઉમ્મતન ન બની શકે? શું આપણે હિંદુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ બધાજ એક ન થઇ શકીએ?

પ્યારા રસૂલ હઝરત મોહંમદ (સલ.) ફરમાવે છે કે જ્યારે કોઇ કોઇને કાફિર કહે છે અને જો તેનામાં તે કુફ્ર નથી તો અલ્લાહ કુફ્રને કહેનાર તરફ લોટાવે છે. પાછું ફેરવે છે. મતલબ અલ્લાહ તેને જ કાફિર કહે છે.

શીયા-સુન્ની-દેવબંદી વગેરે બધા જ ઇખ્તેલાફોને ભૂલીને આપણે કલિમાની બુનિયાદ ઉપર એકતા સાધી એક ઉમ્મત બનવાનું છે.આપણા દેશબંધુઓ સાથે પણ આપણે સંપૂર્ણ વફાદારી સાથે

જીવવાનું છે. માનવનો માનવ પ્રત્યેનો ધર્મ સમજવાનો છે.

ઇરાન, ઇરાક, તુર્કી, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, હિંદુસ્તાન, અરબસ્તાન, મિસર, અલ્જીરિયા, ઇન્ડોનેશિયા, ઉઝબેકિસ્તાન, ચેચન્યા વગેરે સર્વે મુસ્લિમ મુલકો જો એક ઉમ્મત બની જાય તો તમામ મઝલૂમ કોમોની આપણે રહબરી કરીએ.

યા અલ્લાહ! તારા હબીબ અને તેમની એહલેબયતના લોહીથી આ ઉમ્મતનું સર્જન થયું છે. યા અલ્લાહ! આ ઉમ્મત વેરવિખેર થઇ ગઇ છે. ફરીથી ઇન્સાનિયતને જીવંત કરી દે. યા અલ્લાહ! અમો દૃઢ નિર્ધાર કરીએ છીએ, અમો આ ઉમ્મતને

ફરીથી એક ઉમ્મત બનાવવા માટે કોશિશ કરીશું. યા અલ્લાહ! શીયા સુન્ની અમને બધાને આ કોશિશમાં લગાવી દે. યા અલ્લાહ! અમે તારા ગુનેહગાર બંદા છીએ, અમો માનવધર્મ ભૂલી ચૂક્યા છીએ. અમો આ દેશમાં પણ મઝલૂમ છીએ. મારા દેશના નાના નાના માસૂમ બાળકો અને અમારી મા-બહેનોની ચિચિયારીઓને તારા સિવાય કોઇ સાંભળનાર નથી. આ દેશના એકએક શહેરથી આ મઝલૂમોની ચીખોને તું સાંભળી રહ્યો છે. યા અલ્લાહ! હજારો નિર્દોષ યુવાનો પોલીસોના ઝુલ્મનો શિકાર બને છે. અને જેલોના સળિયા પાછળ ધકેલાય છે. યા અલ્લાહ! આ આતંકવાદી ઝાલિમો અમારૂં કલેજું ખાઇ રહ્યા છે. યા અલ્લાહ! અમારા

ગુનાહ માફ કર, અને આઉમ્મતને તુ ફરીથી એક બનાવી ઇઝ્ઝતવાળી ઉમ્મત બનાવી દે. મોહંમદ અને આલે મોહંમદના સદકામાં અમારી દુઆ કબૂલ કર.

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહંમદિંવ વ આલે મોહંમદ**